


\- - - - -

# ના

લે : મુહમ્મદ ઈકબાલ કીલાની

ઈસ્લામિક ઈન્ફોર્મેશન સેન્ટર-ભૂજ

# ઝકાતના મસાઈલ

લે : મુહમ્મદ ઈકબાલ કીલાની

ગુજરાતી અનુવાદ : મહમ્મદ જમાલ પટીવાલા


—પ્રકાશક—

ઈસ્લામિક ઈન્ફર્મેશન સેન્ટર-ભૂજ

નૂરાની હોટલ પાસે, ડાંડા બજાર, ભૂજ (કચ્છ)

મોબાઈલ : (+91) 8401786172 Blog : www.iickutch.blogpost.in

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

Zakat na Masail (Gujarati)
Zakat ke Masail (Hindi)
By : Muhammad Iqbal Qilani

–: Publisher :–
ISLAMIC INFORMATION CENTRE-BHUJ
Near Hotel Noorani, Danda Bazar, BHUJ (Kutch)
Mobile : 8401786172, Blog : www.iickutch.blogpost.in

પ્રથમ આવૃત્તિ
પ્રત : ૨૦૦૦
જૂન-૨૦૧૫

પૃષ્ઠ : ૮૦

મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ, અમદાવાદ

# અનુક્રમણિકા


પ્રકાશક તરફથી ........ ૫
પૂર્વભૂમિકા ........ ૬
નિયતના મસાઈલ ........ ૨૫
ઝકાતની અનિવાર્યતા ........ ૨૬
ઝકાતની ફઝીલત (શ્રેષ્ઠતા) ........ ૨૮
ઝકાતનું મહત્ત્વ ........ ૩૦
ઝકાત કુર્આન-મજીદના પ્રકાશમાં ........ ૩૫
ઝકાતની શરતો ........ ૩૮
ઝકાત લેવા અને આપવાનાં શિષ્ટાચાર ........ ૩૯
એ વસ્તુઓ જેના પર ઝકાત વાજિબ છે. ........ ૪૫
એ વસ્તુઓ જેના પર ઝકાત વાજિબ નથી. ........ ૫૪
ઝકાત ક્યાં આપવામાં આવે ? ........ ૫૫
ઝકાતના હક્કદાર ન હોય એવા લોકો ........ ૬૧
સવાલ કરવાની (માંગવાની) નિંદા ........ ૬૩
સદકએ ફિત્રના મસાઈલ ........ ૬૫
નફલી સદકા ........ ૬૭
વિભિન્ન મસાઈલ ........ ૭૨
ઝઈફ અને મૌઝૂઅ હદીસો ........ ૭૬
અમારું આમંત્રણ એ છે કે ! ........ ૭૮
હદીસની પરિભાષાઓ ટૂંકમાં ........ ૭૯

﴿اَلَّذِيْنَ اِنْ مَّكَّنّٰهُمْ فِى الْاَرْضِ
اَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ
وَاَمَرُوْا بِالْمَعْرُوْفِ وَنَهَوْا عَنِ الْمُنْكَرِ﴾

(الحج:41)

"(અમે એ લોકોની જરૂર મદદ કરીએ છીએ)
જેમને જો ધરતી પર સત્તા આપીએ તો
નમાઝ કાયમ કરે, ઝકાત અદા કરે,
ભલાઈનો હુકમ આપે અને બૂરાઈઓથી રોકે."
(કુર્આન, ૪૧ : ૨૨)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને અત્યંત દયાળુ છે.)

# પ્રકાશક તરફથી

## نحمده و نصلی علی رسوله الکریم اما بعد

નમાઝ પછી ઝકાત ઇસ્લામનો આધારભૂત સ્તંભ છે. ઝકાત માલી ઈબાદત છે, જે દરેક નિસાબવાળા મુસલમાન ઉપર વર્ષમાં એક વાર ફર્ઝ (ફરજિયાત) કરવામાં આવેલ છે. 'ઝકાતના મસાઈલ' પુસ્તકમાં ઝકાતની અનિવાર્યતા, મહત્ત્વ, ફઝીલત (શ્રેષ્ઠતા) અને અન્ય નાના-મોટા મસાઈલ (મામલાઓ-વ્યવહારો) કુર્આન અને સુન્નતના પ્રકાશમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે. આ મસાઈલને જાણવા દરેક મુસલમાન માટે જરૂરી છે.

પુસ્તકના લેખક પ્રસિદ્ધ વિદ્વાન મૌલાના મુહમ્મદ ઈકબાલ કીલાની છે. શૈખ કીલાની વર્ષોથી સાઉદી અરબ, રિયાધના જામિઅતુલ મુલ્ક સઉદ બિન અબ્દુલ અઝીઝમાં અધ્યાપક છે. તેમણે 'તફહીમુસ્સુન્નહ'ના નામથી દીનના પાયાના સ્તંભો અને અન્ય અહકામ (આદેશો) અને મસાઈલ વિશે ખૂબ લાભપ્રદ અને સરળ પુસ્તકો તૈયાર કરેલ છે. 'તફહીમુસ્સુન્નહ'નો આ ક્રમ દરેક વર્ગમાં લોકપ્રિયતા પ્રાપ્ત કરી ચૂક્યો છે. મૌલાના મુહમ્મદ ઈકબાલ કીલાની સાહેબના પુસ્તકોમાં ઘણી ખૂબીઓ છે, જેમાં ઉલ્લેખનીય અને મહત્ત્વની એ છે કે આ પુસ્તકો કુર્આન અને સુન્નત અનુસાર, સ્વચ્છ-સ્પષ્ટ, સરળ ભાષા અને સકારાત્મક શૈલીમાં છે.

અમને સંપૂર્ણ વિશ્વાસ છે કે આના અધ્યયનથી તમને ઝકાતના મસાઈલની જાણકારી પ્રાપ્ત થશે. 'ઈસ્લામિક ઇન્ફર્મેશન સેન્ટર-ભૂજ'ને મૌલાના મુહમ્મદ ઈકબાલ કીલાની સાહેબે 'તફહીમુસ્સુન્નહ'ના આખા સેટને પ્રકાશિત કરવાની પરવાનગી આપી છે, તેથી 'ઈસ્લામિક ઇન્ફર્મેશન સેન્ટર-ભૂજે આ દીની શ્રેણીના પ્રકાશનનું આયોજન કર્યું છે. અમે મૌલાના મુહમ્મદ ઈકબાલ કીલાની સાહેબના અત્યંત આભારી છીએ કે તેમણે પોતાના પુસ્તકોને પ્રકાશિત કરવાની પરવાનગી આપી. અલ્લાહ રબ્બુલ આલમીન તેમને આનો સવાબ પ્રદાન કરે અને મુસલમાનોને આ પુસ્તકોથી વધારેમાં વધારે લાભ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય પ્રદાન કરે.

— પ્રકાશક

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને અત્યંત દયાળુ છે.)

# પૂર્વભૂમિકા

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ، وَالصَّلَاةُ وَالسَّلَامُ عَلٰى سَيِّدِ الْمُرْسَلِيْنَ
وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ، أَمَّا بَعْدُ!

નમાઝ પછી 'ઝકાત' ઈસ્લામનો ખૂબ મહત્ત્વનો સ્તંભ છે. કુર્આન-મજીદમાં બ્યાસી (૮૨) વાર તાકીદ સાથે તેના હુકમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઝકાત ન માત્ર મુસલમાનો ઉપર ફર્ઝ છે, બલ્કે આનાથી પહેલાં અગાઉની ઉમ્મતો પર પણ ફર્ઝ હતી. કુર્આન-મજીદમાં અલ્લાહ તઆલાએ ઝકાત અદા કરવાવાળાઓને 'સાચા મોમિન' ગણાવ્યા છે.

الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ۝ اُولٰٓئِكَ هُمُ الْمُؤْمِنُوْنَ حَقًّا

''એ લોકો જેઓ નમાઝ કાયમ કરે છે અને જે કંઈ અમે તેમને આપ્યું છે તેમાંથી ખર્ચ કરે છે, એ જ લોકો સાચા મોમિન છે.'' (સૂરઃ અન્ફાલ, આ. ૩-૪)

સૂરઃ બકરહમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે ઝકાત આપવાવાળા લોકો કયામતના દિવસે દરેક પ્રકારના ભય અને દુઃખથી સુરક્ષિત હશે.

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَاَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ
لَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ۝

''જે લોકો ઈમાન લઈ આવે અને સદ્કાર્યો કરે, નમાઝ કાયમ કરે અને ઝકાત આપે તેમનો સવાબ નિઃશંકપણે તેમના રબ પાસે છે, અને તેમના માટે કોઈ ભય અને દુઃખનું કારણ નથી.'' (સૂરઃ બકરહ, આ. ૨૭૭)

ઝકાત આપવી ગુનાઓનો કફ્ફારો (પ્રાયશ્ચિત) અને દરજ્જાઓમાં ઉચ્ચતા પ્રાપ્ત કરવાનું ખૂબ મોટું માધ્યમ છે. અલ્લાહે રસૂલુલ્લાહ ﷺને આદેશ કર્યો :

خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ بِهَا

''હે નબી ﷺ ! તમે તેમના ધનમાંથી ઝકાત લો, જેથી તેમને (ગુનાઓથી) પાક (પવિત્ર) કરો અને તેમના દરજ્જાઓ ઉચ્ચ કરો.'' (સૂરઃ તૌબા, આ.૧૦૩)

ઝકાત અદા કરવાથી ન માત્ર ગુનાઓ માફ થાય છે, બલ્કે અલ્લાહ તઆલાએ

ધનમાં વૃદ્ધિ કરવાનું પણ વચન આપી રાખ્યું છે. સૂરઃ રૂમમાં અલ્લાહ પાકનો ઈરશાદ છે :

وَمَآ اٰتَيْتُمْ مِّنْ زَكٰوةٍ تُرِيْدُوْنَ وَجْهَ اللّٰهِ فَاُولٰٓئِكَ هُمُ الْمُضْعِفُوْنَ ۝

''અને જે ઝકાત તમે અલ્લાહ તઆલાની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે આપો છો, તેનાથી આપવાવાળાઓ જ પોતાના ધનમાં વૃદ્ધિ કરે છે.'' (સૂરઃ રૂમ, આ.૩૯)

'ઝકાત' શબ્દનો શાબ્દિક અર્થ પવિત્રતા અને વૃદ્ધિ છે, જેનાથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે પહેલા અર્થ અનુસાર આ ઈબાદતથી માણસનું ધન હલાલ (વૈધ) અને પવિત્ર બને છે અને નફ્સ (મન) પણ તમામ ગુનાઓ અને બૂરાઈઓથી પવિત્ર થઈ જાય છે. બીજા અર્થ અનુસાર ઝકાત અદા કરવાથી ન માત્ર ધનમાં વૃદ્ધિ થાય છે, બલ્કે તેનાથી અજ્ર (બદલો, ઈનામ) અને સવાબ (પુણ્ય)માં પણ વૃદ્ધિ થાય છે.

ઝકાતને અદા કરવાનાં આ લાભોની સાથે-સાથે ઝકાત અદા ન કરવાની હાનિઓ ઉપર પણ એક દૃષ્ટિપાત કરી લેવો જરૂરી છે. અલ્લાહ તઆલાએ સૂરઃ હા-મીમ-સજદહમાં ઝકાત અદા ન કરવાના કૃત્યને કુફ્ર અને શિર્ક ઠેરવ્યું છે :

وَوَيْلٌ لِّلْمُشْرِكِيْنَ ۝ الَّذِيْنَ لَا يُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ كٰفِرُوْنَ ۝

''વિનાશ છે એ શિર્ક કરનારાઓ (અનેકેશ્વરવાદીઓ) માટે જેઓ ઝકાત અદા નથી કરતા અને આખિરતનો ઈન્કાર કરે છે.'' (સૂરઃ હા-મીમ-સજદહ, આ.૬-૭)

રસૂલે અકરમ ﷺનો મુબારક ઈરશાદ છે કે, ''ઝકાત અદા ન કરનારાઓના માલ અને દોલત નષ્ટ-વિનષ્ટ થઈ જાય છે.'' (તબરાની)

એક અન્ય હદીસમાં આપ ﷺએ ફરમાવ્યું કે, ''ઝકાત અદા ન કરવાવાળા લોકોને દુષ્કાળના ભોગ બનાવી દેવામાં આવે છે.'' (તબરાની)

આ દુનિયામાં વિનાશ અને બરબાદી ઉપરાંત આખિરતમાં આવા લોકોને જે સજા આપવામાં આવશે તેના વિશે સૂરઃ તૌબામાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

وَالَّذِيْنَ يَكْنِزُوْنَ الذَّهَبَ وَالْفِضَّةَ وَلَا يُنْفِقُوْنَهَا فِيْ سَبِيْلِ اللّٰهِ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ۝ يَّوْمَ يُحْمٰى عَلَيْهَا فِيْ نَارِ جَهَنَّمَ فَتُكْوٰى بِهَا جِبَاهُهُمْ وَجُنُوْبُهُمْ وَظُهُوْرُهُمْ هٰذَا مَا كَنَزْتُمْ لِاَنْفُسِكُمْ فَذُوْقُوْا مَا كُنْتُمْ تَكْنِزُوْنَ ۝

''પીડાકારી યાતનાની ખુશખબર સંભળાવી દો એ લોકોને જેઓ સોનું અને ચાંદી જમા કરે છે, પરંતુ અલ્લાહ તઆલાની રાહમાં ખર્ચ કરતા નથી. એક દિવસ આવશે કે એ સોના-ચાંદી પર જહન્નમની આગ ભડકાવવામાં આવશે અને પછી તેનાથી એ લોકોના કપાળ, હાથ અને પીઠ ઉપર ડામ આપવામાં આવશે (અને કહેવામાં

આવશે કે) આ એ ખજાનો છે જેને તમે પોતાના માટે સંભાળીને રાખતા હતા, હવે પોતાના ખજાનાની મજા ચાખો.'' (સૂરઃ તૌબા, આ. ૩૪-૩૫)

રસૂલે અકરમ ﷺનો મુબારક ઈરશાદ છે કે, ''કયામતના દિવસે ઝકાત અદા ન કરનારાઓનો માલ અને દોલત ગંજો સાપ (અર્થાત્ અત્યંત ઝેરી) બનાવીને તેના ઉપર થોપી દેવામાં આવશે, જે તેમને નિરંતર ડસતો રહેશે (અને કહેશે) ''અના માલુક અના કન્ઝુક' હું તારો માલ છું – હું તારો ખજાનો છું.'' (બુખારી)

જે જાનવરોની ઝકાત અદા કરવામાં ન આવે તેના વિશે આપ ﷺએ ફરમાવ્યું, ''એ જાનવરો પોતાના માલિકોને કયામતના દિવસે નિરંતર પચાસ હજાર વર્ષ સુધી પોતાના શીંગડાઓથી મારતા રહેશે અને પગ તળે કચડતા રહેશે.'' (મુસ્લિમ)

મે'રાજની રાત્રે રસૂલે અકરમ ﷺએ અમુક એવા લોકોને જોયા, જેમની આગળ-પાછળ ધજાઓ લટકી રહી હતી અને તેઓ એ જાનવરોની જેમ થુવડ-કાંટા અને આગના પથ્થરો ખાઈ રહ્યા હતા. આપ ﷺએ પૂછ્યું, ''આ લોકો કોણ છે ?'' હઝરત જિબ્રઈલ عليه السلامએ બતાવ્યું, ''આ એ લોકો છે જેઓ પોતાના માલની ઝકાત અદા કરતા ન હતા.'' (બઝ્ઝાર) એ વાત યાદ રહે કે આખિરતમાં જે સજાનો ઉલ્લેખ ઉપરોક્ત આયતો અને હદીસોમાં કરવામાં આવેલ છે તે કાફિરો માટે નહીં, બલ્કે એ 'મુસલમાનો' માટે છે જેઓ કલ્મએ શહાદતનો ઈકરાર અને નમાઝ-રોઝા અદા કરવા છતાં ઝકાત અદા નથી કરતા. રસૂલુલ્લાહ ﷺનો મુબારક ઈરશાદ છે કે, ''ઝકાત અદા કરો, જેથી તમારો ઈસ્લામ સંપૂર્ણ થઈ જાય.'' (બઝ્ઝાર) આનો સ્પષ્ટ અર્થ એ છે કે ઝકાતની અદાયગી વગર ઈસ્લામ અધૂરો છે. આ જ કારણ છે કે રસૂલે અકરમ ﷺના અવસાન પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنهની ખિલાફતમાં જ્યારે કેટલાક લોકોએ ઝકાત આપવાથી ઈન્કાર કર્યો તો હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنهએ તેમના વિરુદ્ધ એ જ રીતે યુદ્ધ કર્યું જે રીતે કાફિરો વિરુદ્ધ કરવામાં આવે છે, જો કે એ લોકો તૌહીદનો ઈકરાર કરતા હતા. નમાઝ અને ઝકાત અદા ન કરવાવાળાઓ વિરુદ્ધ યુદ્ધ કરનારાઓમાં બધા જ સહાબા કિરામ رضي الله عنهم ખુલ્લા મનથી સામેલ હતા. આનાથી જાણ થાય છે કે જે ઝકાત અદા નથી કરી રહ્યો તેનું ઈમાન, તેની નમાઝ અને તેના રોઝા વગેરે બધું જ નકામું અને નિરર્થક છે.

કુર્આન-મજીદની આયતો અને હદીસોના પ્રકાશમાં એ અનુમાન કરવું મુશ્કેલ નથી કે ઈસ્લામના સ્તંભ ઝકાત પર ઈમાન રાખવું અને અમલ કરવું કેટલું મહત્ત્વનું અને આવશ્યક છે; અને તેનાથી એ પણ ખ્યાલ આવે છે કે જ્યારે ઝકાત ઈસ્લામની પૂર્તિ, ગુનાઓનું પ્રાયશ્ચિત, નફ્સ (મન)ની પવિત્રતા, અલ્લાહની પ્રસન્નતા અને અલ્લાહના સામીપ્યનું સાધન છે, તો તે સ્વયં એક ઐચ્છિક અને અપેક્ષિત ઈબાદત છે, ન કે કોઈ અન્ય ઈબાદતની પ્રાપ્તિનું સાધન.

# ઉચ્ચ અને શ્રેષ્ઠ મૂલ્યોની તૈયારી

સૃષ્ટિના સર્જનહારે કુર્આન-મજીદમાં માનવીની જે નબળાઈઓનો નિર્દેશ કર્યો છે તેમાંથી એક માલ કે ધનનો પ્રેમ છે. ક્યાંક અલ્લાહ પાકે આ હકીકતને આ રીતે ફરમાવી છે :

وَاِنَّهٗ لِحُبِّ الْخَيْرِ لَشَدِيْدٌ ۝

અર્થાત્ ''મનુષ્ય માલના પ્રેમમાં ખૂબ ખરાબ રીતે ગ્રસ્ત છે.''

(સૂરઃ અલ-આદિયાત, આ.૬)

ક્યાંક ફરમાવ્યું,

وَّتُحِبُّوْنَ الْمَالَ حُبًّا جَمًّا ۝

''તમે લોકો ધનદોલતના પ્રેમમાં ખૂબ ખરાબ રીતે ગ્રસ્ત છો.''

(સૂરઃ અલ-ફજ્ર, આ.૨૦)

ક્યાંક મુબારક ઈરશાદ આ પ્રમાણે છે,

اِنَّمَآ اَمْوَالُكُمْ وَ اَوْلَادُكُمْ فِتْنَةٌ ؕ

''તમારો માલ અને સંતાન (તમારા માટે) પરીક્ષા છે.''

(સૂરઃ તગાબુન, આ. ૧૫)

રસૂલે અકરમ ﷺએ એક હદીસમાં આ વાત ઈરશાદ ફરમાવી છે,

''દરેક ઉમ્મત માટે એક (ખાસ) અજમાયશ છે અને મારી ઉમ્મતની અજમાયશ માલમાં છે.'' (તિરમિઝી)

સૂરઃ નૂનમાં અલ્લાહ ત્આલાએ એક મોટા શિક્ષાપ્રદ પ્રસંગનું વર્ણન કર્યું છે. એક વ્યક્તિ ખૂબ ભલો અને સખી હતો. તેના પાસે એક બગીચો હતો. તે બગીચાની પેદાશથી પોતાના ઘર અને ખેતીવાડીનો ખર્ચ કાઢીને બાકી પેદાશ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરી નાખતો હતો. અલ્લાહે તેના માલમાં ખૂબ બરકત મૂકી હતી. તે માણસ મરી ગયો તો તેની સંતાને પરસ્પર સલાહ-મશ્વરો કર્યો કે આપણા પિતા તો મૂર્ખ હતા. આટલી મોટી રકમ ગરીબો અને વંચિતોમાં મફત વહેંચી નાખતા હતા. હવે જો આપણે આ બધો માલ અને દોલત આપણા પાસે જ રાખીએ તો ખૂબ જલ્દી ધનવાન બની જઈશું. આમ, જ્યારે ફળ વગેરે પાકી ગયા અને ખેતી કાપવાનો સમય આવ્યો તો તેમણે રાતના સમયે પરસ્પર સોગંદ ખાધા કે આપણે સવારે અંધારા-અંધારામાં બગીચામાં પહોંચી જઈશું અને કોઈ બીજાને ખબર સુદ્ધા પડવા નહીં દઈએ, જેથી કોઈ વંચિત અને

હક્કદાર આવી ન શકે. પ્રોગ્રામ અનુસાર તેઓ સૌ પાછલી રાત્રે ઘરથી ચુપકે-ચુપકે નીકળ્યા. જ્યારે ત્યાં પહોંચ્યા તો જોઈને હેરાન અને આશ્ચર્યચકિત થઈ ગયા કે લહેરાતો, હર્યો-ભર્યો અને ફૂલેલો-ફાલેલો બગીચો બળીને રાખ થઈ ચૂક્યો છે. પહેલા તો એવું સમજ્યા કે તેઓ રસ્તો ભૂલી ગયા છે, પરંતુ જ્યારે ભાનમાં આવ્યા તો વિશ્વાસ થઈ ગયો કે આ બગીચો તેમનો પોતાનો જ હતો, ત્યારે તેમને પોતાની ભૂલનું ભાન થયું અને એક-બીજાને દોષ દેવા લાગ્યા અને તેમનાં શબ્દોમાં ગુનાનો સ્વીકાર કર્યો :

قَالُوْا يٰوَيْلَنَآ اِنَّا كُنَّا طٰغِيْنَ ۝

''કહેવા લાગ્યા, હાય અફસોસ ! નિશ્ચિપણે અમે વિદ્રોહી હતા.''
(સૂરઃ નૂન, આ.૩૧)

અલ્લાહ ત્આલાએ આ આખી ઘટના પર થોડા શબ્દોમાં રૂંવાડા ઊભા થઈ જાય એવી ટીપ્પણી કરી છે. અલ્લાહ ત્આલાનો ઈરશાદ છે :

كَذٰلِكَ الْعَذَابُ ۭ وَلَعَذَابُ الْاٰخِرَةِ اَكْبَرُ ۘ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ۝

''આ રીતે છે યાતના (દુનિયાની), અને આખિરતની યાતના તો (તેમાં) ઘણી જ ખરાબ છે. કદાચ, આ લોકો જાણતા હોત.'' (સૂરઃ નૂન, આ.૩૩)

કુર્આન-મજીદની આ ઘટનાથી એ અનુમાન કરવું મુશ્કેલ નથી કે ધન માનવી માટે મોટી પરીક્ષા છે. સૂરઃ નૂનના અસંખ્ય પાત્રો આજે પણ આપણે આપણી આસપાસ સરળતાથી જોઈ શકીએ છીએ, જેઓ કેવળ ધનદોલતના લોભમાં દીન અને ઈમાનને જ નહીં, બલ્કે પોતાની દુનિયા પણ બરબાદ કરી બેસ્યા છે.

ધનદોલતનો આ જ પ્રેમ માનવીની અંદર કંજૂસી, લાલચ, સ્વાર્થ અને પાષાણ-હૃદયતા જેવા દુર્ગુણો પેદા કરીને તેને જૂઠ, ધોકો, ફરેબ, અત્યાચાર અને બર્બરતા, શોષણ, માનવ-અધિકારોનું હનન અને લૂટફાટ જેવા ગુનાઓમાં ફસાવી દે છે, જે ન માત્ર આ દુનિયામાં ફિત્ના (ઉપદ્રવ) અને ફસાદ (બગાડ)નું કારણ બને છે, બલ્કે માનવીની આખિરત સુદ્ધાને બરબાદ કરી નાખે છે. ઝકાતને ફર્ઝ ઈબાદતનો દરજ્જો આપીને અલ્લાહ ત્આલા માનવીની અંદર ધનદોલતનો પ્રેમ ઓછામાં ઓછો કરીને ઉચ્ચ અને શ્રેષ્ઠ માનવીય મૂલ્યો જેવાં કે ત્યાગ અને બલિદાન, પરોપકાર, દાનશીલતા, હમદર્દી, ભલમનસાઈ, નરમદિલી, પ્રેમ અને ભાઈચારો વગેરેની તૈયારી કરવા માગે છે. તેથી આપણે જોઈએ છીએ કે આરંભિક ઈસ્લામી સમાજમાં ઉપરોક્ત તમામ મૂલ્યોના ઉદાહરણો એટલા મોટા પ્રમાણમાં મળે છે જાણે તમામ સહાબા કિરામ ﵃ પૂર્ણ રૂપે આ જ ઉચ્ચ અને શ્રેષ્ઠ મૂલ્યોના બીબામાં ઢળેલા હતા. યરમૂકના યુદ્ધના પ્રસંગે અમુક સહાબા

કિરામ ﷺ સખત ગરમીમાં ઈજાઓથી ચૂર યુદ્ધના મેદાનમાં તીવ્ર તરસથી તડપી રહ્યા હતા. એટલામાં એક મુસલમાન પાણી લઈને આવ્યો અને ઘાયલ મુજાહિદોની સામે પાણી પ્રસ્તુત કર્યું. પહેલાએ કહ્યું બીજાને પીવડાવો, બીજાએ કહ્યું ત્રીજાને પીવડાવો, ત્રીજાએ પહેલાને પીવડાવવાનું કહ્યું. તે હજુ પહેલા પાસે પહોંચ્યો પણ ન હતો કે પહેલો શહીદ થઈ ગયો, ત્યારે બીજાની તરફ પાછો ફર્યો તો જોયું કે તે પણ તરસ્યો જ પોતાના માલિકના પાસે પહોંચી ચૂક્યો હતો અને ફરી પાછો ત્રીજા પાસે પહોંચ્યો તો તે પણ એ જ સ્થિતિમાં અલ્લાહને વહાલો થઈ ચૂક્યો હતો. (ઇબ્ને કસીર)

બુખારી અને મુસ્લિમે રિવાયત કરેલ આ ઘટના માનવીય ઈતિહાસમાં ત્યાગ અને બલિદાનના સંદર્ભે પોતાના પ્રકારની એક અનોખી ઘટના છે.

એક વ્યક્તિ રસૂલુલ્લાહ ﷺની સેવામાં હાજર થયો અને કહ્યું, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! હું ખૂબ જ ભૂખ્યો છું, મને ખાવાનું આપો.'' રસૂલુલ્લાહ ﷺએ એક પછી એક પોતાના તમામ ઘરોમાં એક માણસ મોકલ્યો. દરેક ઘરમાંથી એક જ જવાબ મળ્યો કે આજે તો અમારા પોતાના માટે પણ કંઈ નથી. પછી આપ ﷺએ લોકોને પૂછ્યું, ''કોણ વ્યક્તિ આજની રાત આ માણસને પોતાનો મહેમાન બનાવે છે ?'' હઝરત અબૂ તલ્હા ﷺ ઊભા થયા અને અરજ કરી, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! હું તેમને મારો મહેમાન બનાવું છું.'' આમ, તેઓ તેમને પોતાના ઘર લઈ ગયા, જઈને પત્નીને કહ્યું કે આ રસૂલુલ્લાહ ﷺના મહેમાન છે, તેથી પોતાને જમવાનું મળે કે ન મળે, આમને અવશ્ય આપવાનું છે. પત્નીને કહ્યું, ''ઘરમાં બાળકોને કોઈપણ રીતે બહેલાવીને સૂવડાવી દો અને આપણે બંને જમવા બેસીએ તો તમે કોઈપણ રીતે દીપક બુઝાવી દેજો, હું એમ જ પાસે બેસેલો હોઈશ અને મહેમાન પેટ ભરીને જમી લેશે.'' બંનેએ એવું જ કર્યું. સવારે જ્યારે અબૂ તલ્હા ﷺ રિસાલતના દરબારમાં હાજર થયા તો આપ ﷺએ ફરમાવ્યું, ''તમે બંને પતિ-પત્નીના અમલથી અલ્લાહ તઆલા ખુશ થયા છે અને છે.'' અને આ આયત નાઝિલ થઈ :

وَيُؤْثِرُوْنَ عَلٰٓى اَنْفُسِهِمْ وَلَوْ كَانَ بِهِمْ خَصَاصَةٌ ۣ

''અને સ્વયં જરૂરતમંદ હોવા છતાં બીજાઓને પોતાની જાત ઉપર પ્રાથમિકતા આપે છે.'' (સૂરઃ હશ્ર, આ. ૯)

'મુસ્તદરક હાકિમ'માં આપવામાં આવેલ ઘટના પણ ઉલ્લેખનીય છે. એક સહાબીને કોઈએ બકરીની મુંડી (માથું) ભેટ રૂપે મોકલાવી. તેમણે એમ વિચારીને કે ફલાણો માણસ મારાથી વધારે જરૂરતમંદ છે તેના ત્યાં મોકલી દીધી. તેણે પણ આવું જ વિચારીને બીજા માણસને મોકલી દીધી. આ જ રીતે સાત ઘરોનો ચક્કર લગાવીને તે

મુંડી ફરી પહેલા સહાબીના ઘર પહોંચી ગઈ. પહેલા જમાનાના ઈસ્લામી સમાજમાં હમદર્દી અને ભલાઈ અને ત્યાગ અને બલિદાનનાં આ અને આવાં અસંખ્ય ઉદાહરણો વાસ્તવમાં અલ્લાહની રાહમાં ખર્ચ કરવાનાં આદેશનું સ્વાભાવિક પરિણામ હતું. સહાબા કિરામ ﷺનો પવિત્ર કાળ નિઃસંદેહ ઈમાન અને અમલ બંને રીતે શ્રેષ્ઠ કાળ હતો. જો કે તેના પછી પણ મુસલમાનોનો સમાજ સહાબા કિરામ ﷺએ ઊભી કરેલ બુનિયાદોથી ક્યારેય વંચિત રહ્યો નથી.

## એક ડગલું વધારે આગળ

સાહબે નિસાબ મુસલમાનોના માલમાં ઝકાત એ ઓછામાં ઓછી માત્રા છે, જેને દર વર્ષે અદા કર્યા વગર કોઈ વ્યક્તિ મુસલમાન રહી શકતો નથી. પરંતુ ઈસ્લામી સમાજમાં વંચિતો, ગરીબો, વિધવાઓ અને મજૂરોની દેખભાળમાં હિસ્સા માટે અને અવકાશી વિપત્તિઓ જેવી કે ભૂકંપ, પૂર અને દુષ્કાળ વગેરેના પ્રસંગે પોતાના મુસીબતમાં ગ્રસ્ત ભાઈઓની મદદ માટે ઈસ્લામમાં અલ્લાહની રાહમાં ખર્ચ કરવાનું પ્રમાણ ઝકાતથી ખૂબ વધારે છે. તેથી કુર્આન અને હદીસમાં મોટા પ્રમાણમાં નફિલ સદકાત અને ખૈરાત માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. કુર્આન-મજીદની કેટલીક આયતો જુઓ :

مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ
سَنَابِلَ فِيْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ ؕ وَاللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ۝

"જે લોકો પોતાના માલ અલ્લાહ તઆલાની રાહમાં ખર્ચ કરે છે તેમનાં ખર્ચનું ઉદાહરણ એવું છે, જાણે એક દાણો વાવવામાં આવે, તેનાથી સાત ડુંડા નીકળે અને દરેક ડુંડામાં એકસો દાણા હોય. અલ્લાહ તઆલા જેના (અમલના) સવાબને ચાહે છે (તેની નિયત અનુસાર જેટલો ચાહે છે) વધારી દે છે. અલ્લાહ ખૂબ જ ઉદાર પણ છે અને સર્વજ્ઞ પણ છે." (સૂરઃ બકરહ, આ.૨૬૧)

اِنْ تُقْرِضُوا اللّٰهَ قَرْضًا حَسَنًا يُّضٰعِفْهُ لَكُمْ وَيَغْفِرْ لَكُمْ ؕ وَاللّٰهُ شَكُوْرٌ حَلِيْمٌ ۝

"જો તમે લોકો અલ્લાહ તઆલાને સારું ઋણ (કરજ) આપો તો તે તમને અનેકગણું વધારીને આપશે અને તમારા ગુનાઓને માફ કરશે. અલ્લાહ તઆલા મોટો કદરદાન અને સહનશીલ છે." (સૂરઃ તગાબુન, આ. ૧૭)

لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰى تُنْفِقُوْا مِمَّا تُحِبُّوْنَ ؕ وَمَا تُنْفِقُوْا مِنْ شَيْءٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيْمٌ ۝

"તમે લોકો ત્યાં સુધી નેકીને પહોંચી શકતા નથી જ્યાં સુધી પોતાની એ વસ્તુઓ અલ્લાહ તઆલાની રાહમાં ખર્ચ ન કરો જેને તમે ખૂબ પ્રિય રાખો છો."
(સૂરઃ આલે ઈમરાન, આ. ૯૨)

مَنْ ذَا الَّذِي يُقْرِضُ اللَّهَ قَرْضًا حَسَنًا فَيُضٰعِفَهُ لَهُ وَلَهُ أَجْرٌ كَرِيمٌ ﴿١١﴾

''કોણ છે જે અલ્લાહ ત્આલાને ઋણ (કરજ) આપે ? સૌથી શ્રેષ્ઠ ઋણ, જેથી અલ્લાહ ત્આલા તેને અનેકગણું વધારીને પરત કરે, તેના માટે સર્વશ્રેષ્ઠ સવાબ છે.''

(સૂરઃ હદીદ, આ. ૧૧)

- **સદકા અને ખૈરાતની પ્રેરણા માટે કેટલીક હદીસો જુઓ :**

૧. ''સદકો અલ્લાહ ત્આલાના ગુસ્સાને ઠંડો કરે છે અને ખરાબ મોતથી બચાવે છે.'' (મુસ્નદ અહમદ)

૨. ''કયામતના દિવસે સદકો મોમિન ઉપર છત્રછાયા બની જશે.'' (મુસ્નદ અહમદ)

૩. ''સદકો કરવામાં જલ્દી કરો, કેમ કે મુસીબત સદકાથી આગળ નથી વધી શકતી.'' (રઝીન)

૪. ''સદકો કયામતના દિવસે જહન્નમથી ઢાલ હશે.'' (તબરાની)

૫. ''સદકો કરવાથી માલમાં કમી થતી નથી.'' (મુસ્લિમ)

૬. ''જે વ્યક્તિ કોઈ નિર્વસ્ત્ર મુસલમાનને કપડાં પહેરાવશે, અલ્લાહ ત્આલા તેને જન્નતમાં લીલું રેશમ પહેરાવશે. જે વ્યક્તિ કોઈ ભૂખ્યા મુસલમાનને ભોજન કરાવશે, અલ્લાહ ત્આલા તેને જન્નતમાં ઉત્તમ શરાબ પીવડાવશે.'' (અબૂ દાઉદ, તિરમિઝી)

૭. ''એ વ્યક્તિ મારા પર ઈમાન નથી લાવ્યો જે રાતભર પેટ ભરીને ઊંઘ્યો અને તેનો પાડોસી ભૂખ્યો રહ્યો, જયારે કે આ વાતની તેને જાણ હતી.'' (તબરાની)

૮. હું અને અનાથ – સગો કે પારકો – નો સંરક્ષક જન્નતમાં આ પ્રમાણે એક સાથે હોઈશું. (આપ ﷺએ બે આંગળીઓ ઊભી કરીને આ વાત ફરમાવી.)'' (સહીહ મુસ્લિમ)

રસૂલે અકરમ ﷺએ અલ્લાહની રાહમાં ખર્ચ કરવાની આ મૌખિક પ્રેરણા ઉપરાંત ઉમ્મતની સામે એવા વ્યવહારિક ઉદાહરણો પ્રસ્તુત કર્યા જે કુર્આનની આયતો અને મુબારક હદીસોના સૌથી શ્રેષ્ઠ નમૂનાઓ હતા. એક વ્યક્તિએ રસૂલે અકરમ ﷺની સેવામાં હાજર થઈને હાથ ફેલાવ્યો. આપ ﷺએ ફરમાવ્યું, ''બેસી જાઓ, અલ્લાહ ત્આલા આપશે.'' પછી બીજો વ્યક્તિ આવ્યો, પછી ત્રીજો આવ્યો. રસૂલુલ્લાહ ﷺએ બધાને બેસાડી દીધા, કેમ કે તે વખતે આપની પાસે આપવા માટે કંઈ જ ન હતું. એટલામાં એક માણસ આવ્યો અને ચાર ઔકિયા ચાંદી રસૂલુલ્લાહ ﷺની સેવામાં પ્રસ્તુત કરી. આપ ﷺએ એક-એક ઔકિયા ત્રણેય માગનારાઓમાં વહેંચી દીધી અને

પછી પૂછ્યું, ''કોઈ અન્ય છે લેવાવાળું ?'' કોઈ અન્ય લેવાવાળું ન હતું. રાત પડી તો રસૂલુલ્લાહ ﷺ ને ઊંઘ આવતી ન હતી, વારંવાર પડખું બદલતા અથવા ઉઠીને નમાઝ પઢવા લાગતા. ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઇશા رضي الله عنها એ પૂછ્યું, ''શું કોઈ તકલીફ છે ?'' ફરમાવ્યું, ''ના.'' ફરીથી અરજ કરી, ''આપને ઊંઘ કેમ નથી આવી રહી ?'' ત્યારે રસૂલે અકરમ ﷺએ તે એક ઔકિયા ચાંદી કાઢીને બતાવી અને ફરમાવ્યું, ''આ છે એ વસ્તુ જેણે મને બેચેન કરી રાખ્યો છે. ડરી રહ્યો છું કે આને ખર્ચ કરતાં પહેલાં ક્યાંક મને મોત ન આવી જાય.'' (રહમતુલ લિલ આલમીન)

હુનૈનના યુદ્ધના પ્રસંગે છ હજાર કેદીઓ, ચોવીસ હજાર ઊંટ, એક હજાર બકરીઓ અને ચાર હજાર ઔકિયા ચાંદી (૧૨૫ કિલોગ્રામ) ગનીમત (યુદ્ધ પછી મળતો માલના રૂપ)માં પ્રાપ્ત થયો. નબી અકરમ ﷺએ બધો જ માલે-ગનીમત વહેંચી દીધો. સ્વયં ઘરથી જે ખૈરો-બરકતની સાથે તશરીફ લાવ્યા હતા તેના જ સાથે પાછા તશરીફ લઈ ગયા. (રહમતુલ લિલ આલમીન)

એક માણસે હાજર થઈને માગણી કરી. આપ ﷺએ ફરમાવ્યું, ''મારા પાસે અત્યારે આપવા માટે કંઈ જ નથી, અલબત્ત મારા નામથી કોઈ વસ્તુ ખરીદી લો તો હું તે કરજ અદા કરી દઈશ.'' આ સાંભળીને હઝરત ઉમર رضي الله عنه એ કહ્યું, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! જેની શક્તિ આપને નથી, અલ્લાહ તઆલાએ આપને તેનો અધિકાર નથી આપ્યો.'' રસૂલુલ્લાહ ﷺને આ વાત પસંદ ન પડી. એક અન્સારીએ અરજ કરી, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! આપ ખર્ચ કરો અને અલ્લાહ તઆલા તરફથી કરજની આશંકા ન રાખો.'' આ સાંભળીને આપ મલકાયા અને ફરમાવ્યું, ''મને આ જ વાતનો હુકમ આપવામાં આવ્યો છે.'' (તિરમિઝી)

રસૂલે અકરમ ﷺના આ વ્યવહારના અનુસરણમાં એહલે-બૈત અને સહાબા કિરામ رضي الله عنهم એ અલ્લાહની રાહમાં ખર્ચ કરવાના એવા-એવા અનોખા ઉદાહરણો પ્રસ્તુત કર્યા કે તમામ ધર્મોનો ઈતિહાસ આવા ઉદાહરણો પ્રસ્તુત કરવા અસમર્થ છે. એક વાર હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈર رضي الله عنه એ હઝરત આઇશા رضي الله عنها ને એક લાખ દિરહમ મોકલ્યા, જે તેમણે એ જ વખતે ગરીબો અને જરૂરતમંદોમાં વહેંચી નાખ્યા. એ દિવસે તેઓ રોઝાથી હતા. સેવિકાએ અરજ કરી, ''જો ઇફતાર માટે કંઈક બચાવી રાખ્યું હોત તો સારું થતું.'' હઝરત આઇશા رضي الله عنها એ જવાબ આપ્યો, ''એ વખતે યાદ દેવડાવતી તો બચાવી લેતી.'' (મુસ્તદરક હાકિમ)

સૂરઃ બકરહની આયત ''મન્ ઝલ્લઝી યુકરિદુલ્લાહુ કરદન હસનહ'' ઉતરી તો એક સહાબી હઝરત અબૂ દરદા رضي الله عنه એ અરજ કરી, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! શું અલ્લાહ તઆલા અમારાથી કરજ માગી રહ્યા છે ?'' આપ ﷺએ ફરમાવ્યું, ''હા.''

સહાબીએ અરજ કરી, ''આપનો હાથ આપો.'' પછી હાથમાં હાથ લઈને કહ્યું, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! મેં મારો બગીચો, જેમાં છસો ખજૂરના વૃક્ષ છે, અલ્લાહ તઆલાને કરજ આપ્યો.'' સીધા બગીચામાં આવ્યા અને બગીચાથી બહાર ઊભા રહીને પત્નીને પોકારી કે, ''બાળકોને બહાર લઈને આવી જાઓ, મેં આ બગીચો ખુદાની રાહમાં આપી દીધો છે.'' (ઇબ્ને અબી હાતિમ)

હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنهના કાર્યકાળમાં એક વાર દુષ્કાળ પડ્યો. લોકો હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنهની સેવામાં હાજર થયા. તેમણે ફરમાવ્યું, ''કાલે તમારી તકલીફ દૂર થઈ જશે.'' બીજા દિવસે સવાર-સવારમાં હઝરત ઉસ્માન رضي الله عنهના અનાજથી ભરેલા એક હજાર ઊંટ મદીના પહોંચ્યા. મદીનાના વેપારીઓ હઝરત ઉસ્માન رضي الله عنهની પાસે આવ્યા અને અનાજનો ભંડાર ખરીદવાની ઇચ્છા દર્શાવી જેથી તેનું બજારમાં વેચાણ કરી શકાય અને લોકોની પરેશાની દૂર થઈ શકે. હઝરત ઉસ્માન رضي الله عنهએ કહ્યું કે આ સામાન શામ (સીરિયા)થી મંગાવ્યો છે. તમે ખરીદી પર કેટલો લાભ (નફો) આપી શકો છો ? વેપારીઓએ દસના ચૌદ રજૂ કર્યા. હઝરત ઉસ્માન رضي الله عنهએ ફરમાવ્યું, ''મને આનાથી પણ વધારે મળે છે.'' તેમણે પૂછ્યું કે અમારાથી વધારે આપવાવાળો કોણ છે ? મદીનાના વેપારી તો અમે જ છીએ. હઝરત ઉસ્માન رضي الله عنهએ ફરમાવ્યું, ''મને પ્રત્યેક દિરહમના બદલામાં દસ દિરહમ મળે છે, તમે આનાથી વધારે આપી શકો છો ?'' વેપારીઓએ કહ્યું, ''ના.'' હઝરત ઉસ્માન رضي الله عنهએ ફરમાવ્યું, ''હે વેપારીઓ ! સાક્ષી રહેજો કે હું આ તમામ સામાન મદીનાના જરૂરતમંદો પર સદકો કરું છું.''

(ઇઝાલા અલ હુફ્ફાઝ, શાહ વલીઉલ્લાહ)

સૂરઃ આલે ઇમરાનની આયત 'લન્ તનાલુલ બિર્રા હત્તા તુન્ફિકુ મિમ્મા તુહિબ્બુન' સાંભળીને હઝરત અબૂ તલ્હા رضي الله عنهએ પોતાનો ઉત્તમ બગીચો સદકો કરી દીધો અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضي الله عنهએ પોતાની પ્રિય સેવિકા અલ્લાહ તઆલાની રાહમાં આઝાદ કરી દીધી. (તફસીર ઇબ્ને કસીર)

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضي الله عنهએ એક વાર સાતસો ઊંટ અનાજથી ભરેલા સદકો કરી દીધા. (અબૂ નુઈમ)

અલ્લાહની રાહમાં ખર્ચ કરવાનું આ છે એ માપદંડ, જેના પર ઇસ્લામ પોતાના અનુયાયીઓને જોવા માગે છે. આ ગુણોવાળા લોકોથી એ સોસાયટી અને સમાજ અસ્તિત્વમાં આવે છે, જેમાં કોઈ વ્યક્તિ ભૂખ્યો અને નિર્વસ્ત્ર નથી રહેતો, કોઈ મુસીબતમાં ગ્રસ્ત પરેશાન વ્યક્તિ નિઃસહાય નથી હોતો, કોઈ અનાથ કે વિધવા હીન ભાવનાના શિકાર નથી હોતા. સમાજની આવી જ સ્થિતિનું રસૂલુલ્લાહ ﷺએ આ શબ્દોમાં વર્ણન

કર્યું છે : ''મુસલમાનોનું ઉદાહરણ પરસ્પર પ્રેમ અને સદ્‌વ્યવહાર તથા સહાનુભૂતિ અને આત્મીયતાની રીતે એક પ્રાણની જેમ છે; જો (શરીરના) એક અંગને તકલીફ થાય છે તો આખું શરીર તાવ અને બેચેનીમાં ગ્રસ્ત થઈ જાય છે.'' (બુખારી અને મુસ્લિમ)

## ઝકાત – એક આદર્શ આર્થિક વ્યવસ્થાનો પાયો છે

લગભગ બસો વર્ષ અગાઉ 'વ્યક્તિ-સ્વાતંત્ર્ય' અને 'વૈચારિક સ્વાતંત્ર્ય' જેવા સુંદર શબ્દોના પરદામાં મૂડીવાદી દૃષ્ટિકોણને દુનિયામાં એક વ્યવસ્થાના રૂપમાં પરિચિત કરાવવામાં આવ્યો, જેના પાયામાં એ ફિલસૂફી હતી કે દરેક વ્યક્તિ પોતાની સંપત્તિનો પૂર્ણ સ્વામી અને માલિક છે; તેનો જ્યાં ઇચ્છે, જેવી રીતે ઇચ્છે ઉપયોગ કરી શકે છે. સોસાયટી અને સમાજ ઉપર તેનો પ્રભાવ ચાહે ગમે તેવો હોય, તેનાથી તેનું આચરણ અને ચરિત્ર નષ્ટ થઈ જાય કે આખા સમાજમાં અશ્લીલતા અને નગ્નતા ફેલાય, મૂડીવાદી વ્યવસ્થા તેની કોઈ ચર્ચા નથી કરતી. એ જ પ્રમાણે વધારેમાં વધારે ધન કમાવવાની લાલચમાં ઘરોમાંથી સુખચેન અને શાંતિ બરબાદ થઈ જાય કે આખી કોમ તેની લાલસાને ભેટ ચઢી જાય, મૂડીવાદી વ્યવસ્થા તેના પર કોઈ કાનૂની કે નૈતિક પાબંદી નથી લગાવતી. આ નિર્દયી અને પાષાણ-હૃદયી શૈતાની વ્યવસ્થામાં જ્યાં નૈતિક દૃષ્ટિએ માનવીય મૂલ્યોનું કોઈ મહત્ત્વ નથી, ત્યાં આર્થિક દૃષ્ટિએ ધન માત્ર મૂડીવાદીઓના હાથોમાં જ ફરતું રહે છે; જ્યારે કે નિર્ધન લોકો કરજ અને વ્યાજ-દર-વ્યાજના બોજ હેઠળ દબાતા જાય છે. દુનિયા જ્યારે આ વ્યવસ્થાના ફરેબથી માહિતગાર થઈ તો 'સમાનતા' અને 'ન્યાય' જેવા મનમોહક શબ્દોના સંદર્ભથી દુનિયાને એક અન્ય શૈતાની વ્યવસ્થા – કમ્યૂનિઝ્મ – થી પરિચિત કરાવવામાં આવી, જેનો આધાર 'વ્યક્તિ-સ્વાતંત્ર્ય' અને 'વૈચારિક સ્વાતંત્ર્ય'નો ઇન્કાર હતો. આમાં સરકાર તમામ સાધનો, સંપત્તિ, જમીન, કારખાનાઓ, ફેક્ટરીઓ અને અન્ય મિલ્કતો વગેરેની માલિક તેમજ વ્યક્તિ પૂર્ણરૂપે તેનાથી વંચિત, એક નિયંત્રિત ગુલામ જેવા જીવનની જંજીરોમાં જકડાયેલ અને સરકારના અમુક લોકો સમગ્ર કોમના ભાગ્યના માલિક અને સ્વામી ! હકીમુલ ઉમ્મત અલ્લામા ઇકબાલે કમ્યૂનિઝ્મની વ્યવસ્થા પર કેટલી સુંદર ટીપ્પણી કરી છે :

યહ ઇલ્મ યહ હિકમત યહ તદબીર યહ હકૂમત,
પીતે હૈં લહૂ, દેતે હૈં તાલીમે મુસાવાત.

પહેલી વ્યવસ્થા અત્યાચાર અને અન્યાય તેમજ અતિરેકની એક ચરમસીમા હતી, અને બીજી વ્યવસ્થા એ જ અત્યાચાર અને અન્યાય તેમજ અતિરેકની બીજી ચરમસીમા સાબિત થઈ. જે રીતે દુનિયા એક સદીમાં જ મૂડીવાદી વ્યવસ્થાથી નિરાશ થઈ ગઈ, એ જ રીતે દુનિયા બીજી સદીના અંત પહેલાં જ સામ્યવાદી વ્યવસ્થા પર

ફિટકાર કરવા લાગી. આ જ સદીના વર્તમાન યુગ (૧૯૮૧-૧૯૯૧ ઈ.)ને જો સમાજવાદના મૃત્યુનો કાળ કહેવામાં આવે તો ખોટું નહીં હોય, જેમાં ન માત્ર એ કે સમાજવાદી દેશોએ સમાજવાદની બેડીઓ ગળાથી ઉતારીને ફેંકી દીધી, બલ્કે સ્વયં સમાજવાદના ધ્વાજવાહકોના પોતાના દેશ 'રશિયા'માં પણ આ અત્યાચારી વ્યવસ્થા સામે વિરોધ થવા લાગ્યો છે. અનુભવે એ વાત પુરવાર કરી દીધી છે કે માનવો માટે માનવોએ બનાવેલ કાનૂન અને વ્યવસ્થા ક્યારેય પણ મુક્તિ અને સફળતાનો માર્ગ નથી બની શકતો.

મૂડીવાદી અને સમાજવાદીની સામે ઈસ્લામી આર્થિક વ્યવસ્થાનો પાયો એ શિક્ષા પર છે કે આ સૃષ્ટિ અને સૃષ્ટિની દરેક વસ્તુનો માલિક કેવળ અલ્લાહ તઆલા છે. ધનદોલત અને સાધનો બંનેનો વાસ્તવિક સ્વામી પણ એ જ છે. કુર્આન-મજીદે જુદા-જુદા સ્થાનો પર વિભિન્ન શૈલીમાં તેના તરફ અંગૂલીનિર્દેશ કર્યો છે. સૂરઃ નૂરમાં ફરમાવવામાં આવ્યું છે :

وَّ اٰتُوْهُمْ مِّنْ مَّالِ اللّٰهِ الَّذِيْٓ اٰتٰىكُمْ ۭ

''આઝાદીના ઈચ્છુક ગુલામોને એ માલમાંથી આપો, જે અલ્લાહે તમને આપ્યો છે.'' (આ. ૩૩)

સૂરઃ હદીદમાં અલ્લાહ પાક ફરમાવે છે :

وَاَنْفِقُوْا مِمَّا جَعَلَكُمْ مُّسْتَخْلَفِيْنَ فِيْهِ ۭ

''જે માલ પર અલ્લાહ તઆલાએ તમને ખલીફા (પ્રતિનિધિ) બનાવ્યા છે, તેમાંથી ખર્ચ કરો.'' (આ. ૭)

કુર્આન-મજીદમાં પચાસથી વધારે આયતો એવી છે, જેમાં અલ્લાહે ક્યાંક 'રઝક્નાહુમ' અને ક્યાંક 'રઝકહુમ' અને ક્યાંક 'રઝકનાકુમ' અને ક્યાંક 'રઝકકુમ' કહીને લોકોને આજીવિકા આપવાનો સંબંધ પોતાની સાથે જોડ્યો છે, જેનો હેતુ માનવીના મનમાં એ હકીકત ઉતારવાનો છે કે આ ધનદોલત અને સંપત્તિ જેને માનવી પોતાની નાસમજ અને અજ્ઞાનતાના કારણે પોતાની સંપત્તિ સમજી રહ્યો છે, વાસ્તવમાં તે અલ્લાહની સંપત્તિ છે જે તેણે પોતાના બંદાઓને અમાનતના રૂપમાં પ્રદાન કરેલ છે, તેનો અલ્લાહ તઆલાના આદેશ અનુસાર જ ઉપયોગ કરે. આમ, અલ્લાહ તઆલાએ બંને મામલાઓ — ધન કમાવા અને ધન ખર્ચ કરવામાં માનવીને સીમાઓ બતાવી દીધી. ધન કમાવાના મામલામાં અલ્લાહ તઆલાએ જે સાધનોથી પ્રાપ્ત થતી આવકને હરામ ઠેરવી છે તે આ પ્રમાણે છે :

૧. લાંચ-રુશ્વત અને અવૈધ કબજો. (અલ-બકરહ, આ. ૧૮૮)
૨. બેઈમાની. (આલે ઈમરાન, આ. ૧૬)
૩. મૂર્તિ બનાવવી અને મૂર્તિ વેચવી. (અલ-માઈદા, આ. ૯૦)
૪. ચોરી. (અલ-માઈદા, આ. ૩૯)
૫. તોલ-માપમાં ઘટ. (અલ-તત્ફીફ, આ. ૧૩)
૬. અનાથના માલમાંથી ખાવું. (અન્-નિસા, આ. ૧)
૭. આકસ્મિક આવકવાળા તમામ સાધનો, જેમ કે જુગાર વગેરે. (અલ-માઈદા, આ. ૯૦)
૮. દારૂ બનાવવું, ખરીદવું કે વેચવું અને લાવવા-લઈ જવાની આવક. (અલ-માઈદા, આ. ૯૦)
૯. અશ્લીલતા અને નગ્નતા ફેલાવવાવાળો ધંધો-વ્યવસાય. (અન્-નૂર, આ.૧૯)
૧૦. વ્યાજવાળો ધંધો-વ્યવસાય. (આલે ઈમરાન, આ. ૩૦)
૧૧. વૈશ્યાગૃહો અને વ્યભિચારની આવક. (અન્-નૂર, આ. ૩૩)
૧૨. જ્યોતિષનો ધંધો-વ્યવસાય. (અલ-માઈદા, ૯૦)
૧૩. આ ઉપરાંત, એવા તમામ સાધનો જે જૂઠ, ધોકો અને ફરેબ પર આધારિત હોય ઈસ્લામની દૃષ્ટિએ નાજાઈઝ અને હરામ છે.

ઉપરોક્ત આદેશોની સાથે-સાથે એ વાત પણ સ્પષ્ટ છે કે શરીઅતે-ઈસ્લામીએ વધારે ધનદોલત કમાવાની લાલચમાં અનાજ કે ખાદ્ય-સામગ્રીને રોકવાના કૃત્યને સંગીન અપરાધ ઠેરવ્યો છે.

હવે એક નજર ધન ખર્ચ કરવાના આદેશો પર પણ નાખી લો. જે માર્ગો પર અલ્લાહ ત્આલાએ ખર્ચ કરવાનો આદેશ આપ્યો છે, પ્રોત્સાહન આપ્યું છે તે આ પ્રમાણે છે :

૧. માતા-પિતા, સગાવહાલાં, અનાથો, ગરીબો અને પાડોસીઓ પર ખર્ચ કરવો. (અન્-નિસા, આ.૩૬)
૨. હાથ ફેલાવનાર-માગનાર અને અપંગ લોકો પર ખર્ચ કરવો. (અઝ્-ઝારિયાત, આ.૧૦)
૩. કરજ આપવું. (અલ-બકરહ, આ.૨૮)
૪. ઝકાત અદા કરવી. (અત્-તૌબા, આ.૧૦૩)
૫. સદકાત અદા કરવાં.

ઉપરોક્ત આદેશો ઉપરાંત અલ્લાહ તઆલાએ માલ-સંપત્તિ પોતાની પાસે રોકી રાખવા અને એકત્ર કરવાની મનાઈ ફરમાવી છે, (સૂરઃ તૌબા, આ.૩૪) અને તેની સાથે વ્યર્થ ખર્ચ (ફુઝૂલ ખર્ચ) અને કંજૂસીથી પણ મનાઈ ફરમાવી દીધી છે. (સૂરઃ ફુરકાન, આ.૬૭)

તેની સાથે શરીઅતે એવા તમામ માર્ગો પર ધનદોલત ખર્ચ કરવાની સખ્તાઈથી મનાઈ કરી દીધી, જેનાથી માણસનું પોતાનું આચરણ નષ્ટ થતું હોય અથવા સમાજમાં કોઈ બગાડ પેદા થતો હોય, જેમ કે - દારૂ, જુગાર, વ્યભિચાર વગેરે. એ વાત યાદ રહે કે આ સીમાઓ નિર્ધારિત કર્યા પછી શરીઅતે વ્યક્તિગત સંપત્તિ પર કોઈપણ પ્રકારની પાબંદી કે હદ-નિર્ધારણ કર્યું નથી, જાઈઝ અને હલાલ રીતે કોઈપણ વ્યક્તિ કરોડોનો માલિક બની જાય તો તે અંગે કોઈ વાંધો નહીં હોય.

ધન કમાવા અને ખર્ચ કરવાના આદેશોનું અવલોકન કર્યા પછી પૂર્ણ વિશ્વાસથી એ વાત કહી શકાય એમ છે કે ઈસ્લામે સમાજમાં દરેક વર્ગના પ્રત્યેક વ્યક્તિને પૂરે-પૂરી આર્થિક સુરક્ષા પ્રદાન કરી છે અને હક્ક મારવા કે લૂટફાટના તમામ માર્ગો બંધ કરી દીધા છે.

ધન કમાવા અને ખર્ચ કરવાના તમામ આદેશોનું અલગ-અલગ અવલોકન કરવું અહીં સંભવ નથી; અલબત્ત, ધન ખર્ચ કરવા વિશે એક મહત્ત્વપૂર્ણ આદેશ – ઝકાતની અનિવાર્યતા – અને ધન કમાવા વિશે મહત્ત્વપૂર્ણ આદેશ – વ્યાજની અવૈધતા – નું સંક્ષિપ્ત અવલોકન કરવું અહીં જરૂરી છે.

ગત શાસનકાળમાં રાષ્ટ્રીય સ્તરે જે પ્રમાણે 'હોર્સ ટ્રેડિંગ'•ની ઘટનાઓ સમાચાર-પત્રોમાં આવતી રહી છે, તેનાથી એ અનુમાન કરવું મુશ્કેલ નથી કે આપણા દેશમાં હાલ સેંકડો નહીં, બલ્કે હજારોની સંખ્યામાં કરોડપતિ લોકો છે. એક વ્યક્તિ, જેના પાસે દસ કરોડ રૂપિયા હોય, તેની વાર્ષિક ઝકાત પચ્ચીસ લાખ રૂપિયા થાય છે. જો એક શહેરમાં માત્ર એક કરોડપતિ રહેતો હોય, જે પ્રમાણિકતાથી પોતાની ઝકાત અદા કરતો હોય તો અમુક વર્ષોમાં જ એ શહેરના મોટાભાગના જરૂરતમંદો અને ગરીબોના આર્થિક પ્રશ્નો હલ થઈ શકે છે અને જો દેશમાં દરેક શહેર અને પ્રત્યેક વિસ્તારના તમામ સમર્થ લોકો પોત-પોતાની ઝકાત અદા કરે તો કોઈ કારણ નથી કે દરેક શહેર અને વિસ્તારો આર્થિક દૃષ્ટિએ સંપન્ન ન હોય. એક અંદાજ અનુસાર આપણા દેશની વાર્ષિક ઝકાત જ બે અબજ જેટલી થાય છે. માત્ર એક વર્ષની ઝકાતથી જો સરેરાશ દરજ્જાના મકાનો બનાવવામાં આવે તો બે લાખ બની શકે છે. એટલી જ

• શક્તિશાળી અને પ્રભાવશાળી લોકો દ્વારા તડજોડ કરીને કરવામાં આવતો એવો છૂપો કરાર જે વાસ્તવમાં ચાલાકીભરી હોંશિયારીપૂર્વકની સોદાબાજી હોય છે, જેમાં બંને પક્ષકારો એકબીજાથી ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કરતા હોય છે.(અનુ.)

રકમમાં જો અનાથ અને નિઃસહાય બાળકોનું પાલન-પોષણ કરવામાં આવે અને શિક્ષા-દીક્ષાની વ્યવસ્થા કરવામાં આવે તો આખા દેશમાં એક વર્ષની ઝકાતથી ત્રણસો એવા કેન્દ્રો બનાવી શકાય છે, જેમાં એક લાખ સિત્તેર હજાર બાળકોના પાલન-પોષણ અને શિક્ષણ-પ્રશિક્ષણની વ્યવસ્થા કરી શકાય છે. આનાથી તમે અંદાજ લગાવી શકો છો કે જો દેશમાં સાચી રીતે ઝકાતની વ્યવસ્થા લાગુ થઈ જાય તો થોડાંક જ વર્ષોમાં આખા દેશમાં એક આર્થિક ક્રાંતિ આવી શકે છે. ઝકાતના લાભો અને બરકતોને એક અન્ય પાસાથી પણ જુઓ. કેવળ એક વર્ષની ઝકાત પાંચ અબજ રૂપિયાથી જ્યાં બે લાખ નિઃસહાય લોકોને ઘર મળી જશે અને એક લાખ સિત્તેર હજાર બાળકોનું ભરણ-પોષણ થશે, ત્યાં બે લાખ મકાનોના નિર્માણ અથવા ત્રણસો કેન્દ્રોની વ્યવસ્થા માટે પાંચ અબજ રૂપિયા ફરતા થઈ જશે; જેનો મોટો હિસ્સો કારીગરો, મિસ્ત્રીઓ (સુથારો), મજૂરો અને દુકાનદારોના હાથમાં જશે, જે પ્રત્યક્ષ રૂપે સામાન્ય માણસની સંપન્નતાનું કારણ બનશે. અર્થાત્, ઝકાતનો આદેશ અધિક લાભવાળો એવો અમલ છે, જે દીનની પૂર્તિ અને અલ્લાહના સામીપ્ય ઉપરાંત એક સામાન્ય માણસથી લઈને આખા દેશની સામૂહિક સંપન્નતાની બાંહેધરી છે. આજ કારણ છે કે ઝકાત ફર્ઝ થવાના અમુક જ વર્ષો પછી મદીનાના ઈસ્લામી રાજ્યમાં એટલી સમૃદ્ધિ અને સંપન્નતા આવી ગઈ હતી કે ઝકાત આપવાવાળા ઘણાં હતા, પણ લેવાવાળું કોઈ ન હતું.

હવે શરીઅતે-ઈસ્લામીના બીજા મહત્ત્વના આદેશ - વ્યાજના હરામ (અવૈધ) હોવા - નું અવલોકન કરો. આપણા ત્યાં બેંકો અને જુદી-જુદી સંસ્થાઓ અને કંપનીઓ છ ટકાથી લઈને દસ, વીસ અને ત્રીસ ટકા સુધી વ્યાજ આપે છે. અમુક સ્કીમો એવી પણ છે, જેમાં ચાર-પાંચ વર્ષ પછી મૂળ રકમ બમણી થઈ જાય છે. આ બધાથી વધીને ડિફેન્સ સેવિંગ્સ સર્ટિફિકેટની સ્કીમ છે, જેમાં દસ વર્ષ પછી મૂળ રકમ ૨૬ ડેસિમલ ૪ ગણી અર્થાત્ ૪૨૬ ટકા વૃદ્ધિની સાથે પરત કરવામાં આવે છે. યાદ રહે કેટલાક વર્ષો પહેલાં આ રકમ ૯ ડેસિમલ ૩ ગણી હતી, જે હવે વધીને ૨૬ ડેસિમલ ૪ ગણી કરી નાખવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ દર મહિને દસ હજાર રૂપિયા દસ વર્ષ સુધી જમા કરાવે છે, તો દસ વર્ષ પછી તે વ્યક્તિ દર મહિને ૪૨,૬૦૦ રૂપિયા વસૂલ કરશે. એક અન્ય સ્કીમ 'માસિક આવક એકાઉન્ટ'ના નામથી પણ ચાલુ કરવામાં આવી છે, જેમાં જો કોઈ વ્યક્તિ પાંચ વર્ષ માટે દર મહિને દસ હજાર રૂપિયા ઓછામાં ઓછી રકમ ૧૦૦ રૂપિયા જમા કરાવતો રહે, તો પાંચ વર્ષ પછી એ વ્યક્તિને આજીવન દસ હજાર રૂપિયા માસિક (અથવા જેટલી રકમ તે પાંચ વર્ષ સુધી દર મહિને જમા કરાવતો રહે) મળતા રહેશે. અર્થાત્, મૂડીવાદી ઘર બેઠે કોઈપણ પ્રકારની મહેનત વગર હજારોથી લાખો અને લાખોથી કરોડો રૂપિયા કમાઈ શકે છે. આવા વ્યક્તિને ફેક્ટરીઓ કે કારખાનાઓ વગેરે ઊભા

કરીને મહેનત ઉપરાંત નુકસાનનું પણ જોખમ ઉઠાવવાની શું જરૂર છે ?

વિચારવાની વાત એ છે કે મૂડીવાદી તો જુદી-જુદી કંપનીઓ કે સ્કીમોથી વધતું-ચઢતું વ્યાજ વસૂલ કરી લે છે, પરંતુ તે ક્યાંથી આવે છે ? નાના દરજ્જાના ઉદ્યોગપતિઓ, મધ્યમ વર્ગના વેપારીઓ, નાના જમીનદારો, ખેડૂતો અને મજૂરોના ખિસ્સામાંથી, જેમની સંખ્યા દેશમાં નિશ્ચિતપણે કરોડોમાં છે. આ લોકો એક વાર વ્યાજના ચક્કરમાં ફસાય છે, તો જીવનભર તેમાંથી નીકળી શકતા નથી. હકીમુલ ઉમ્મત અલ્લામા ઈકબાલે આ જ હકીકત તરફ ઈશારો કર્યો છે :

ઝાહિર મેં તિજારત હૈ, હકીકત મેં જુવા હૈ,
સૂદ એક કા, લાખોં કે લિયે મરગે મફાજાત.•

વ્યાજ-આધારિત વ્યવસ્થા દ્વારા વ્યક્તિ પર જે અત્યાચાર થઈ રહ્યો છે, તે તો છે જ; પળવાર માટે વિચાર કરો કે રાષ્ટ્રીય અર્થ-વ્યવસ્થા પર આ વ્યાજ કેટલી મોટી લિયાનત બનીને છવાઈ ગયું છે. મૂડીવાદી પોતાની મૂડી બેંકો કે વિભિન્ન સ્કીમોમાં મૂકીને વ્યાજ પર વ્યાજ ખાતો રહે છે. મૂડી રોકાઈ જવાના કારણે દેશનું ઉત્પાદન, વેપાર અને નાણાકીય વ્યવહારોમાં મોટી અછત ઊભી થાય છે, અને એ રીતે આયાતમાં કમી અને નિકાસમાં વૃદ્ધિ થતી જાય છે, જે છેવટે દેશમાં કરન્સી-એક્ષચેન્જ (મુદ્રા-વિનિમય)ની અછત અને અત્યધિક વિદેશી દેવાનું કારણ બને છે. એ વિદેશી દેવાઓની ચૂકવણી માટે સરકાર દર વર્ષે ટેક્સોમાં વધારો કરતી રહે છે. કસ્ટમ-ડ્યૂટીઓ વધતી રહે છે. પરિણામ-સ્વરૂપ વસ્તુઓની કિંમતોમાં ખૂબ જ વધારો થતો જાય છે, અને એ રીતે સામાન્ય માણસ જે પ્રત્યક્ષ રૂપે વ્યાજમાં લિપ્ત નથી હોતો, વ્યાજ-આધારિત વ્યવસ્થાને કારણે તે પણ મુશ્કેલીથી શરીર અને પ્રાણનો સંબંધ કાયમ રાખી શકે છે. શરીઅતે વ્યાજ અંગે જે ચેતવણી આપી છે તે કોઈ કારણ વગર તો નથી આપી. કુર્આનમાં તેને અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ ﷺ વિરુદ્ધ યુદ્ધ ઠેરવેલ છે. (સૂરઃ બકરહ, આ. ૨૭૯)

રસૂલે અકરમ ﷺનો મુબારક ઈરશાદ છે કે વ્યાજના સિત્તેર દરજ્જાઓ છે. તેમાંથી નિમ્નતર દરજ્જો માતાથી વ્યભિચાર કરવા બરાબર છે. (ઇબ્ને માજા)

મે'રાજની રાત્રે રસૂલે અકરમ ﷺએ કેટલાક લોકોને જોયા, જેમના પેટ મકાનની જેમ (મોટા-મોટા) હતા અને તેમાં સાપ જ સાપ ભરેલા હતા. આપ ﷺએ પૂછ્યું તો જિબ્રઈલ عليه السلامએ બતાવ્યું કે આ વ્યાજ ખાવાવાળા લોકો છે.

(મુસ્નદ અહમદ, ઈબ્ને માજા)

હકીકત એ છે કે અલ્લાહ તઆલાએ બનાવેલ કાનૂનમાં ઝકાતની અનિવાર્યતા

• મરગે મફાજાત=અચાનક મોત. (અનુ.)

અને વ્યાજનું હરામ હોવું બંને આદેશો સમગ્ર માનવ-જાત માટે બરકત જ બરકત અને ભલાઈ જ ભલાઈ છે, પરંતુ અફસોસની વાત એ છે કે આજે જ્યારે સમગ્ર માનવ-જાતિ મૂડીવાદી અર્થ-વ્યવસ્થામાં નિરાશ અને સમાજવાદી અર્થ-વ્યવસ્થાથી વિદ્રોહ કરી ચૂકી છે અને નથી જાણતી કે શું કરે અને ક્યાં જાય, ત્યારે ઈસ્લામી અર્થ-વ્યવસ્થાના ધ્વજવાહકો, જેમને અત્યારે સમગ્ર દુનિયાના માર્ગદર્શનનું કર્તવ્ય નિભાવવું જોઈએ, સ્વયં અસત્ય વ્યવસ્થાઓની ચાલોની જાળમાં ફસાયેલ છે.

માંગતે ફિરતે હૈં અગ્યાર સે મિટ્ટી કે ચિરાગ,
અપને ખુરશીદ પે ફૈલા દિયે સાયે હમને.•

ભવિષ્યમાં જ્યારે પણ મુસલમાનોને કર્તવ્યનિષ્ઠ નેતૃત્વ મળી જાય, જે ઈસ્લામી જીવન-વ્યવસ્થાને તેના વાસ્તવિક સ્વરૂપમાં પરિચિત કરાવી શકે, તો અમને પૂર્ણ વિશ્વાસ છે કે અત્યાચાર અને અતિરેક, જૂઠ અને ફરેબ અને સ્વાર્થથી પરેશાન દુનિયા ન્યાય, શાંતિ અને સાચી સ્વતંત્રતા અને ભાઈચારાની એ દિવ્ય વ્યવસ્થાને અજમાવવામાં ઈન્-શા અલ્લાહ ક્ષણભરનો સંકોચ નહીં કરે.

સુજ્ઞ વાચકો ! ઝકાતના મસાઈલ નિઃસંદેહ ખૂબ જ ગહન છે, તેથી અમે વધારેમાં વધારે ઉલ્માએ કિરામથી લાભ ઉઠાવવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં વિદ્વાનોના અભિપ્રાય અને સલાહ-સૂચનોની અમે અપેક્ષા રાખીએ છીએ.

અમે પ્રયત્ન કર્યો છે કે સહીહ હદીસોના સંદર્ભથી અગાઉના અને આધુનિક પ્રકારના તમામ મસાઈલ આવી જાય, જેથી આ મામલામાં સામાન્ય લોકોને વધારેમાં વધારે માર્ગદર્શન આપી શકાય. અમે અમારા પ્રયાસમાં ક્યાં સુધી સફળ થયા છીએ તેનો અંદાજ તો વાચકો જ લગાવી શકે છે.

પ્રિય વાચકો ! હદીસના આ ક્રમબદ્ધ પ્રકાશનથી અમારા સામે નીચે મુજબના ઉદ્દેશ્ય છે :

(૧) હદીસે રસૂલ ﷺથી લોકો એ જ પ્રમાણે પોતાનો સંબંધ મહેસૂસ કરે જેવો સંબંધ અલ્લાહની કિતાબ (કુર્આન)થી મહેસૂસ કરે છે.

(૨) દીની મસાઈલ શીખવા અને સમજવા માટે લોકોમાં કેવળ અલ્લાહની કિતાબ અને સુન્નતે રસૂલ ﷺથી લાભ ઉઠાવવાનું વલણ પેદા થાય.

(૩) અલ્લાહની કિતાબ અને સુન્નતે રસૂલ ﷺથી સાબિત ન હોય એવા મસાઈલને નિઃસંકોચ છોડવાનું વલણ પ્રચલિત થાય.

તમે એ હકીકતથી ચોક્કસ સંમત હશો કે અત્યાર સુધી જેટલી સરળતાથી

• અગ્યાર=પારકાં, ચિરાગ=દીવો, ખુરશીદ=સૂર્ય, સાયા=આવરણ. (અનુ.)

અને સામાન્ય શૈલીમાં અલ્લાહની કિતાબ પર વિભિન્ન પાસાઓથી કામ થઈ ચૂક્યું છે કે થઈ રહ્યું છે એટલું હદીસે રસૂલ ﷺ પર કામ નથી થયું. તેથી આ હકીકતને નજર સામે રાખતાં અકાઈદ (આસ્થાઓ), અહકામ (આદેશો), મનાકિબ (પ્રશંસનીય ગુણો) અને તફસીર (Exegesis-કુર્આનની સમજૂતી, ભાષ્ય, વિવરણ) વગેરેથી સંબંધિત સહીહ હદીસો પર આધારિત પુસ્તકો ઈન્-શા અલ્લાહ એક પછી એક પ્રકાશિત કરવાની યોજના બનાવવામાં આવેલ છે. અત્યાર સુધી આ ક્રમમાં જે કાર્ય થઈ ચૂક્યું છે તેની વિગત તમારા હાથમાં છે. એ લોકો જેઓ ઉપરોક્ત ઉદ્દેશ્યથી સંમત છે, તેમનાથી અમે વિનંતી કરીએ છીએ કે તેઓ હદીસના પ્રકાશનના કાર્યને પોતાનો પ્રયત્ન સમજે અને આ સંદર્ભમાં જે પણ સેવા આપી શકતા હોય સ્વયં આગળ આવીને આ કાર્ય કરે. અમારી દૃષ્ટિએ સૌથી મોટી સેવા એ જ છે કે આ પુસ્તકને વધારેમાં વધારે હાથો સુધી પહોંચાડવામાં આવે.

اَللّٰهُ يَجْتَبِيْٓ اِلَيْهِ مَنْ يَّشَآءُ وَيَهْدِيْٓ اِلَيْهِ مَنْ يُّنِيْبُ ﴿١٣﴾

''અલ્લાહ ત્આલા જેને ઇચ્છે (પોતાના કાર્ય માટે) પસંદ કરી લે છે, અને પોતાના તરફ આવવાનો માર્ગ તેને જ દેખાડે છે જે તેના તરફ રજૂ થાય.''

(સૂરઃ અશ્-શૂરા, આ. ૧૩)

આલિમોએ પોતાની વ્યસ્તતા છતાં દીની કર્તવ્ય સમજીને આ પુસ્તકનો અભ્યાસ કર્યો અને ખૂબ મહેનત અને કોશિશોથી આના પર ખૂબ મૂલ્યવાન નોંધો લખી. અમે એ તમામ લોકોના સહયોગના આભારી છીએ અને દુઆ કરીએ છીએ કે અલ્લાહ એ તમામ લોકોને દુનિયા અને આખિરતમાં પોતાના શ્રેષ્ઠ ઇનામોથી નવાજે. (આમીન)

અંતમાં, હું મારા એ તમામ ભાઈઓ અને વડીલોનો પણ આભાર વ્યક્ત કરું છું જેઓ આ કાર્ય માટે ખૂબ મહેનત અને નિષ્ઠાથી નિરંતર કામ કરતા રહ્યા છે. અલ્લાહ ત્આલા પોતાના એ તમામ વિવશ અને ગુનેગાર બંદાઓના આ તુચ્છ પ્રયાસનો પોતાની વિશેષ કૃપાથી સ્વીકાર કરે. (આમીન)

رَبَّنَا تَقَبَّلْ مِنَّا ؕ اِنَّكَ اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿١٢٧﴾

''હે અમારા પાલનહાર ! અમારી આ સેવાને કબૂલ કર, તું નિશ્ચિતપણે ખૂબ સાંભળવાવાળો અને સર્વજ્ઞ છે.'' (સૂરઃ બકરહ, આ. ૧૨૭)

**– મુહમ્મદ ઈકબાલ કીલાની**

— રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું —

# أَلَا إِنِّي أُوتِيتُ الْكِتَابَ وَمِثْلَهُ مَعَهُ

(رَوَاهُ أَبُو دَاوُد، بِسَنَدٍ صَحِيحٍ)

"(મુસલમાનો !) સાવધાન રહો,
મને કુર્આન આપવામાં આવ્યું છે
અને
તેના સાથે એ જ દરજ્જાની એક અન્ય વસ્તુ (હદીસ)
પણ આપવામાં આવી છે."

(આને અબૂ દાઉદે સહી સનદની સાથે રિવાયત કરેલ છે.)

# નિયતના મસાઈલ

**મસ્લા-૧ :** અમલનો આધાર નિયત પર છે.

**મસ્લા-૨ :** ઝકાત અદા કરતી વખતે નિયત કરવી જરૂરી છે.

હઝરત ઉમર બિન ખત્તાબ ﷺ કહે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફરમાવતા સાંભળ્યા છે કે, ''અમલનો આધાર નિયતો પર છે. દરેક વ્યક્તિને એ જ મળશે જેની તેણે નિયત કરી; તેથી (જેણે) દુનિયા પ્રાપ્ત કરવાની નિયતથી હિજરત કરી (તેને દુનિયા મળશે), અથવા જેણે સ્ત્રીને પ્રાપ્ત કરવાની નિયતથી હિજરત કરી (તેને સ્ત્રી જ મળશે), તો મુહાજિરની હિજરત એ જ વસ્તુ માટે સમજવામાં આવશે જેના માટે તેણે હિજરત કરી.'' આને બુખારીએ રિવાયત કરી છે.[૧]

**મસ્લા-૩ :** દેખાડાની ઝકાત, નમાઝ અને રોઝા બધું જ શિર્ક (અસગર) છે.

હઝરત શદાદ બિન ઔસ ﷺ કહે છે, મેં રસૂલુલ્લાહ ﷺને ફરમાવતા સાંભળ્યા છે કે : ''જેણે દેખાડાની નમાઝ પઢી તેણે શિર્ક કર્યું, જેણે દેખાડાનો રોઝો રાખ્યો તેણે શિર્ક કર્યું, જેણે દેખાડાનો સદકો કર્યો તેણે શિર્ક કર્યું.'' આને અહમદે રિવાયત કરેલ છે.[૨]

—◦★◦—

૧. સહીહ બુખારી.
૨. અત્તર્ગીબ વત્તહીબ લિલ શૈખ મુહીઉદ્દીન, ભા-૧, હ. ૪૩.

# ઝકાતની અનિવાર્યતા

**મસ્લા-૪ :** ઝકાત અદા કરવી ઈસ્લામના પાંચ પાયાના ફરાઈઝમાંથી એક ફર્ઝ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર ﷺ ફરમાવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, "ઈસ્લામનો આધાર પાંચ વસ્તુઓ પર છે : ૧. એ વાતની સાક્ષી આપવી કે અલ્લાહ સિવાય કોઈ ઉપાસ્ય (ઈલાહ) નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહ ત્આલાના રસૂલ છે, ૨. નમાઝ કાયમ કરવી, ૩. ઝકાત અદા કરવી, ૪. હજ્જ કરવી, અને ૫. રમઝાનુલ મુબારકના રોઝા રાખવા." આને બુખારીએ રિવાયત કરેલ છે.(૧)

**મસ્લા-૫ :** ઝકાત અદા કરવાના વચન પર રસૂલુલ્લાહ ﷺએ બૈત લીધી.

હઝરત જરીર બિન અબ્દુલ્લાહ ﷺ કહે છે કે અમે નબી અકરમ ﷺથી નમાઝ કાયમ કરવા, ઝકાત આપવા અને દરેક મુસલમાનનું ભલું ચાહવા અંગે બૈત કરી. આને બુખારીએ રિવાયત કરેલ છે.(૨)

**મસ્લા-૬ :** ઝકાત અદા ન કરનારાઓ વિરુદ્ધ જિહાદ કરવું ફર્ઝ છે.

**મસ્લા-૭ :** ઝકાત એક ફર્ઝ ઈબાદત છે. તેના બદલે કોઈ સદકો, ખૈરાત, કે ટેક્સ વગેરે અદા કરવાથી ઝકાતની ફર્ઝ પૂરી નથી થતી.

હઝરત અબૂ હુરૈરા ﷺ ફરમાવે છે કે જ્યારે રસૂલે અકરમ ﷺનું અવસાન થયું અને હઝરત અબૂબક્ર ﷺ ખલીફા બન્યા. અરબના કેટલાક લોકો કાફિર બની ગયા અને તેમણે ઝકાત બૈતુલ માલમાં જમા કરાવવાનો ઈન્કાર કરી દીધો. હઝરત ઉમર ﷺએ કહ્યું, "તમે એ લોકોથી કેવી રીતે જિહાદ કરશો, જ્યારે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે મને લોકોથી ત્યાં સુધી લડવાનો હુકમ છે જ્યાં સુધી તેઓ લા-ઈલાહ ઈલ્લલ્લાહ ન કહે. જ્યારે તેઓ કહેવા લાગશે તો તેમણે પોતાનો માલ અને પોતાના પ્રાણ મારાથી બચાવી લીધા. પરંતુ હક્ક (સત્ય)ની સાથે, અને તેમનો હિસાબ અલ્લાહ ત્આલાના શિરે હશે." હઝરત અબૂબક્ર ﷺએ કહ્યું, "અલ્લાહના સોગંદ ! હું તો

૧. સહીહ બુખારી, કિતાબુલ ઈમાન, પ્રકરણ : ઈમાન.
૨. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.

તેમના સાથે અવશ્ય લડીશ, જેઓ નમાઝ અને ઝકાતમાં ફરક કરશે, કેમ કે ઝકાત માલનો હક્ક છે. વલ્લાહ, જો આ લોકો બકરીનું એક બચ્ચું પણ, જે રસૂલુલ્લાહ ﷺને આપતા હતા, મને નહીં આપે તો તેમના સાથે અવશ્ય લડાઈ કરીશ.'' હઝરત ઉમર رضي الله عنهએ ફરમાવ્યું, ''વલ્લાહ, અલ્લાહ તઆલાએ અબૂબક્ર (رضي الله عنه)ની છાતી ખોલી નાખી હતી, અને મને ખબર પડી ગઈ કે આ જ હક્ક (સત્ય) છે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.[૧]

—◦★◦—

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.

# ઝકાતની ફઝીલત (શ્રેષ્ઠતા)

**<u>મસ્લા-૮ :</u>** ઝકાત અદા કરવાવાળો જન્નતી છે.

હઝરત અબૂ હુરૈરા ﷺ કહે છે કે એક ગામવાસી નબી અકરમ ﷺની સેવામાં હાજર થયો અને અરજ કરી કે, ''મને કોઈ એવો અમલ બતાવો કે જે કરવાથી હું જન્નતમાં દાખલ થઈ જાઉં.'' આપ ﷺએ ફરમાવ્યું, ''અલ્લાહ તઆલાની બંદગી કર, તેના સાથે કોઈને ભાગીદાર ન બનાવ, ફર્ઝ નમાઝ કાયમ કર, ફર્ઝ ઝકાત અદા કર અને રમઝાનુલ મુબારકના રોઝા રાખ.'' તેણે કહ્યું, ''અલ્લાહના સોગંદ ! હું આનાથી વધારે કંઈ જ નહીં કરું.'' જ્યારે એ માણસ પાછો ફર્યો, તો આપ ﷺએ ફરમાવ્યું કે, ''જન્નતી માણસને જે જોવાનું પસંદ કરે, તે આને જોઈ લે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.(૧)

**<u>મસ્લા-૯ :</u>** ઝકાત અદા કરવાવાળાના ઈમાનની સાક્ષી રસૂલુલ્લાહ ﷺએ આપી છે.

હઝરત અબૂ માલિક અશ્અરી ﷺથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ ફરમાવ્યું, ''વુઝૂ સારી રીતે કરવું અડધું ઈમાન છે અને અલહમ્દુલિલ્લાહ (કહેવું) મીઝાનને (નેકીઓથી) ભરી દે છે. સુબ્હાનલ્લાહ અને અલ્લાહુ અકબર (કહેવું) આકાશ-જમીનને નેકીઓથી ભરી દે છે. નમાઝ (કયામતના દિવસે) પ્રકાશ હશે, અને ઝકાત (ઈમાનવાળા હોવાની) દલીલ છે. સબ્ર કરવું (પરેશાનીઓ અને મુસીબતોમાં રસ્તો બતાવવા માટે) પ્રકાશ છે અને કુર્આન (કયામતના દિવસે સાક્ષી આપીને) તારા પક્ષમાં દલીલ બનશે અથવા તારા વિરુદ્ધ દલીલ બનશે.'' આને નસાઈએ રિવાયત કરેલ છે.(૨)

હઝરત ખાલિદ બિન અસ્લમ ﷺ કહે છે કે અમે અબ્દુલ્લાહ બિન ઉમર ﷺની સાથે નીકળ્યા તો ગામવાસીએ કહ્યું કે, ''મને અલ્લાહ તઆલાના આ કથન - વલ્લઝીના યક્નિઝૂનઝ્ઝ-હ-બ વલ્ ફિઝ્ઝ - નો અર્થ બતાવો.'' હઝરત ઈબ્ને ઉમર ﷺએ ફરમાવ્યું, ''જે વ્યક્તિએ સોના-ચાંદી એકઠાં કર્યા અને તેની ઝકાત ન આપી તો તેના માટે ખરાબી છે અને આ આયત ઝકાતનો આદેશ ઉતર્યો એ પહેલાંની છે. જ્યારે

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.
૨. સહીહ સુનન નસાઈ, લિલ અલબાની, ભા-૨, હ. ૨૨૮૬.

ઝકાત ફર્ઝ થઈ તો અલ્લાહ ત્આલાએ માલને ઝકાત દ્વારા પાક કરી નાખ્યો." આને બુખારીએ રિવાયત કરેલ છે.[1]

**<u>મસ્લા-૧૦ :</u>** ઝકાત અદા કરવાથી માલમાં વૃદ્ધિ થાય છે.

**સ્પષ્ટીકરણ :** હદીસ મસ્લા-૧૨૭ માં જુઓ.

—◦★◦—

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.

# ઝકાતનું મહત્ત્વ

**<u>મસ્લા-૧૧ :</u>** જે સોના અને ચાંદીની ઝકાત અદા ન કરવામાં આવે, કયામતના દિવસે એ સોના અને ચાંદીની તખ્તીઓ બનાવીને આગમાં ગરમ કરવામાં આવશે અને તેનાથી તે સોના-ચાંદીના માલિકના કપાળ, પીઠ અને હાથોને ડામવામાં આવશે.

**<u>મસ્લા-૧૨ :</u>** જે જાનવરોની ઝકાત અદા કરવામાં ન આવે કયામતના દિવસે તે જાનવરો પોતાના માલિકને પચાસ હજાર વર્ષ સુધી પોતાના પગ હેઠળ કચડતા રહેશે.

હઝરત અબૂ હુરૈરા ﵁ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ''જે વ્યક્તિ સોના અને ચાંદીનો માલિક હોય, પરંતુ તેનો હક્ક (અર્થાત્ ઝકાત) અદા ન કરે તો કયામતના દિવસે એ (સોના અને ચાંદી)ની તખ્તીઓ બનાવવામાં આવશે, પછી તેને જહન્નમની આગમાં ગરમ કરવામાં આવશે, પછી તેનાથી એ ઝકાતના ઈન્કાર કરનારાઓના પડખા, કપાળ અને પીઠ પર ડામ આપવામાં આવશે. જ્યારે (આ તખ્તીઓ ગરમ કરવા માટે) ક્યારેક આગમાં પાછી લઈ જવામાં આવશે તો ફરીથી (અઝાબ આપવા માટે) લઈ આવવામાં આવશે, (તેનાથી આવું વર્તન) આખો દિવસ ચાલુ રાખવામાં આવશે, જેની મુદ્દત પચાસ હજાર વર્ષ (ના બરાબર) છે, ત્યાં સુધી કે માનવોના નિર્ણયો કરી નાખવામાં આવશે. પછી તે પોતાનો માર્ગ જન્નત તરફ જુએ કે જહન્નમની તરફ.'' (અરજ કરવામાં આવી, ''હે અલ્લાહના રસૂલ ﷺ !) પછી ઊંટોનો મામલો શું થશે ?'' આપ ﷺએ ફરમાવ્યું, ''જે વ્યક્તિ ઊંટોનો માલિક હોય અને તે તેનો હક્ક (ઝકાત) અદા ન કરે અને તેના હક્કનો અર્થ એ પણ છે કે પાણી પીવડાવવાના દિવસનું દૂધ દોવે (અને અરબની પ્રથા મુજબ આ દૂધ ગરીબોને પીવડાવી દે) તે કયામતના દિવસે એક સપાટ મેદાનમાં ઊંધા મોઢે સૂવડાવવામાં આવશે અને તે ઊંટ ખૂબ જ હૃષ્ટપુષ્ટ થઈને આવશે, એમાંથી એક બચ્ચું પણ ઓછું નહીં થાય. (અર્થાત્ બધા જ) એ (ઝકાતનો ઈન્કાર કરનારને પોતાના પગથી કચડશે, અને પોતાના મોઢાથી કરડશે. જ્યારે પહેલું ઊંટ (આવું કરીને) જશે તો બીજું આવી જશે (અને આવું વર્તન તેનાથી) આખો દિવસ ચાલ્યા કરશે, જેની મુદ્દત પચાસ હજાર વર્ષ (ના બરાબર) છે, ત્યાં સુધી કે લોકોનો ફેંસલો કરી નાખવામાં આવશે, પછી તે પોતાનો રસ્તો જન્નતની તરફ જોશે અથવા જહન્નમની તરફ.'' અરજ કરવામાં આવી, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! ગાય અને બકરી વિશે શું ઈરશાદ છે ?'' ફરમાવ્યું, ''કોઈ ગાય અને બકરીવાળો એવો નહીં હોય

જે તેમનો હક્ક (ઝકાત) અદા ન કરે, પરંતુ જ્યારે કયામતનો દિવસ હશે તો તે ઊંધો સૂવડાવવામાં આવશે એક સપાટ જમીન ઉપર, અને એ ગાય અને બકરીઓમાંથી કોઈ ઓછી નહીં હોય. (બધી જ આવશે) અને તેમાંથી કોઈ મુંડેલા શીંગડાવાળી નહીં હોય, ન કોઈ શીંગડા વગરની હશે અને ન તૂટેલા શીંગડાવાળી. તે તેને પોતાના શીંગડાથી મારશે, અને પોતાના પગથી કચડશે. જ્યારે પહેલીનું કામ પૂરું થઈ જશે તો તે પછીની આવી જશે. (અર્થાત્ લગાતાર આવતી રહેશે.) આખો દિવસ આવું ચાલતું રહેશે, જેની મુદ્દત પચાસ હજાર વર્ષના બરાબર છે, ત્યાં સુધી કે બંદાઓના નિર્ણયો થઈ જશે, પછી તે પોતાનો રસ્તો જન્નતની તરફ જુએ અથવા જહન્નમની તરફ." આને મુસ્લિમે રિવાયત કરી છે.[૧]

અહનફ બિન કૈસ ﷺ કહે છે કે હું કુરૈશના અમુક લોકોની સાથે બેસ્યો હતો કે અબૂઝર ﷺ આવ્યા અને કહેવા લાગ્યા કે, "ખજાનો જમા કરનારાઓને ખુશખબરી સંભળાવો એવા ડામની જે તેમની પીઠો પર લગાવવામાં આવશે અને તેમના પડખાઓની આરપાર થઈ જશે, તેમની ગરદનોમાં લગાવવામાં આવશે તો તેમના કપાળની આરપાસ થઈ જશે." પછી અબૂઝર ﷺ એક તરફ જઈને બસી ગયા. તો મેં (લોકોને) પૂછ્યું, "આ કોણ છે ?" લોકોએ બતાવ્યું કે, "આ અબૂઝર ﷺ છે." તેથી હું તેમની તરફ ગયો અને અરજ કરી, "આ શું હતું જે મેં હમણા-હમણા સાંભળ્યું, જે તમે ફરમાવ્યું." હઝરત અબૂઝર ﷺએ કહ્યું, "મેં એ કહ્યું છે જે મેં આ (મુસલમાનો)ના નબી ﷺથી સાંભળ્યું છે." આને મુસ્લિમે રિવાયત કરેલ છે.[૨]

<u>**મસ્લા-૧૩ :**</u> ઝકાત ન આપનારાઓનું ધન કયામતના દિવસે ગંજો સાપ બનીને તેમને ડસસે અને કરડશે.

હઝરત અબૂ હુરૈરા ﷺ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "જેને અલ્લાહ તઆલાએ માલ આપ્યો અને તેણે તેની ઝકાત અદા ન કરી, તો કયામતના દિવસે તેનો માલ ગંજા સાપનું રૂપ લઈને, જેની આંખો પર બે ડાઘ હશે, તેના ગળાની તોક બની જશે. પછી તેના બંને હાથ પકડીને કહેશે : હું તારો માલ છું, હું તારો ખજાનો છું. પછી આપ ﷺએ આ આયત તિલાવત કરી : (અનુવાદ) "જે લોકોને અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી માલ આપ્યો છે અને તેઓ કંજૂસી કરે છે, તો પોતાના માટે આ કંજૂસીને સારી ન સમજે, બલ્કે તેમના માટે ખરાબ છે, નજીકમાં જ કયામતના દિવસે આ કંજૂસી

---

૧. સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ઝકાત.
૨. સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ઝકાત.

તેમના ગળાની તોક બનવાવાળી છે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.[1]

**મસ્લા-૧૪ :** જે માલમાંથી અલ્લાહ તઆલાનો હક્ક અદા ન કરવામાં આવે તે માલ નાશ પામે છે.

હઝરત અબૂ હુરૈરા ﷺ કહે છે કે તેમણે નબી અકરમ ﷺથી સાંભળ્યું, આપ ﷺ ફરમાવતા હતા, ''બની ઈસરાઈલમાં ત્રણ માણસો હતા, એક કોઢવાળો, બીજો ટાલવાળો અને ત્રીજો અંધ. અલ્લાહ તઆલાએ તેમને અજમાવવાનો ઈરાદો કર્યો. તેમના તરફ એક ફરિશ્તો મોકલ્યો. તે કોઢવાળા પાસે આવ્યો અને કહ્યું : તને કઈ વસ્તુ પ્રિય છે ? તેણે કહ્યું : સારો રંગ અને સારું શરીર અને તે વસ્તુ મારાથી દૂર થઈ જાય જેનાથી લોકો નફરત કરે છે. આપ ﷺએ ફરમાવ્યું કે ફરિશ્તાએ તેના (શરીર) પર હાથ ફેરવ્યો, તો તેનાથી તેની ગંદકી દૂર થઈ ગઈ અને તેને સારો રંગ અને સારું શરીર આપી દેવામાં આવ્યું. પછી ફરિશ્તાએ કોઢવાળાને પૂછ્યું : તને કયો માલ વધારે પસંદ છે ? તેણે કહ્યું : ઊંટ અથવા ગાય. રાવી (ઇશ્હાક)ને સંદેહ છે કે અહીં કોઢવાળા અને ટાલવાળા બંનેમાંથી એકે ઊંટ કહ્યું અને બીજાએ ગાય કહ્યું. આપ ﷺએ ફરમાવ્યું : પછી આ ફરિશ્તો ટાલવાળા પાસે આવ્યો અને કહ્યું : તને સૌથી વધારે કઈ વસ્તુ પસંદ છે ? તેણે કહ્યું : સુંદર વાળ, અને એ વસ્તુ મારાથી દૂર થઈ જાય જેનાથી લોકો નફરત કરે છે. આપ ﷺએ ફરમાવ્યું : ફરિશ્તાએ તેના પર હાથ ફેરવ્યો તેની ટાલ જતી રહી અને સુંદર વાળ તેને આપી દેવામાં આવ્યા. ફરિશ્તાએ પૂછ્યું : તને કયો માલ વધારે પસંદ છે ? તેણે કહ્યું : ગાય. તો એક ગર્ભવતી ગાય તેને આપી દેવામાં આવી અને ફરિશ્તાએ કહ્યું : અલ્લાહ તને આમાં બરકત આપે. આપ ﷺએ ફરમાવ્યું કે પછી તે ફરિશ્તો અંધ માણસ પાસે આવ્યો અને કહ્યું : તને કઈ વસ્તુ સૌથી વધારે વહાલી છે ? તેણે કહ્યું : અલ્લાહ મને દૃષ્ટિ આપી દે, જેથી હું લોકોને જોઈ શકું. આપ ﷺએ ફરમાવ્યું કે ફરિશ્તાએ તેના પર હાથ ફેરવ્યો, અલ્લાહ તઆલાએ તેને તેની દૃષ્ટિ પાછી આપી દીધી. ફરિશ્તાએ કહ્યું : તને સૌથી વધારે કયો માલ પસંદ છે ? તેણે કહ્યું : બકરીઓ. તેને એક ગર્ભવતી બકરી આપી દેવામાં આવી તો બચ્ચાઓ લીધા કોઢવાળાએ અને ટાલવાળાએ ઊંટ અને ગાયના તેમજ અંધ માણસે બકરીના. આનાથી કોઢવાળા માટે એક જંગલ ઊંટોથી ભરાઈ ગયું, ટાલવાળા માટે એક જંગલ ગાયથી ભરાઈ ગયું અને અંધ માણસ માટે એક જંગલ બકરીઓથી ભરાઈ ગયું. આપ ﷺએ ફરમાવ્યું : પછી (અમુક દિવસ પછી)

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.

ફરિશ્તો કોઢવાળા પાસે તેના પહેલા રૂપ-રંગમાં આવ્યો અને આવીને કહ્યું : ગરીબ માણસ છું, સફરમાં મારો માલ અને ધન જતું રહ્યું, હવે મારો આજનો દિવસ (મારી મંજિલ પર) પહોંચવું અલ્લાહની મહેરબાની અને તારી મદદથી છે. હું તારાથી એ હસ્તીના નામથી માગું છું, જેણે તને સારો રંગ, શરીર અને માલ આપ્યો છે, એક ઊંટ માગું છું, જેના દ્વારા હું મારી મંજિલ સુધી પહોંચી શકું. તેણે કહ્યું : હક્કદાર તો ઘણા છે. (અર્થાત્ ખર્ચ વધારે છે અને માલ ઓછો.) ફરિશ્તાએ કહ્યું : હું તને ઓળખું છું, શું તું કોઢવાળો ન હતો, જેના કારણે તારાથી લોકો નફરત કરતા હતા અને તું ગરીબ હતો, અલ્લાહ તઆલાએ તને તંદુરસ્તી અને ધન આપ્યું. તેણે કહ્યું : મને તો આ માલ અને દોલત બાપ-દાદાના વારસાથી મળેલ છે. ફરિશ્તાએ કહ્યું : તું જૂઠો છે. અલ્લાહ તને એવો જ કરી નાખે જેવો તું હતો. આપ ﷺએ ફરમાવ્યું : પછી એ ફરિશ્તો ટાલવાળાની પાસે આવ્યો અને તેને એ જ કહ્યું જે કોઢવાળાને કહ્યું હતું. ટાલવાળાએ એ જ જવાબ આપ્યો જે કોઢવાળાએ આપ્યો હતો. ફરિશ્તાએ કહ્યું : જો તું જૂઠો છે તો અલ્લાહ તને એવો જ કરી નાખે જેવો તું હતો. આપ ﷺએ ફરમાવ્યું : પછી તે ફરિશ્તો અંધ વ્યક્તિના પાસે તેના અગાઉના રૂપમાં આવ્યો અને કહ્યું : ગરીબ મુસાફર છું. સફરમાં મારો માલ અને ધન જતા રહ્યાં. આજે હું (મારી મંજિલ પર) નથી પહોંચી શકતો, પરંતુ અલ્લાહ તઆલાની મહેરબાની અને તારી મદદથી, તારાથી એ જ હસ્તીના નામથી માગું છું જેણે તને દૃષ્ટિ આપી. એક બકરી (ની ઇચ્છા છે) કે તેના દ્વારા હું મારી મંજિલ પર પહોંચી શકું. અંધ માણસે કહ્યું : નિઃશંક, હું આંધળો હતો. મને અલ્લાહ તઆલાએ દૃષ્ટિ આપી, તો તું જે ઇચ્છે એ લઈ લે અને જે ઇચ્છે છોડી દે. અલ્લાહના સોગંદ ! આજના દિવસે હું તારો હાથ નહીં પકડું, એ વસ્તુથી જેને તું અલ્લાહના નામે લેવા ઇચ્છે. ફરિશ્તાએ કહ્યું : તારો માલ તારા પાસે રાખ. હકીકત એ છે કે તમે (ત્રણેય)ની પરીક્ષા કરવામાં આવી, તો તારાથી અલ્લાહ પ્રસન્ન થયો અને તારા બંને સાથીઓ પર પ્રકોપ કરવામાં આવ્યો." આને બુખારી અને મુસ્લિમે રિવાયત કરેલ છે.(૧)

<u>મસ્લા-૧૫ :</u> ઝકાત ન આપનાર જહન્નમી છે.

હઝરત અનસ બિન માલિક رضي الله عنه ફરમાવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, "ઝકાત ન આપનાર કયામતના દિવસે આગમાં હશે." આને તબરાનીએ રિવાયત કરેલ છે.(૨)

---

૧. સહીહ બુખારી, કિતાબ અહાદીસ અલ અંબિયા, પ્રકરણ : મા ઝકરા અન્ બની ઈસરાઈલ.
૨. સહીહ અત્તર્ગીબ વત્તર્હીબ, લિલ અલબાની, ભા-૧, હ. ૭૬૦.

**મસ્લા-૧૬ :** ઝકાત અદા ન કરવાવાળા લોકોને અલ્લાહ ત્આલા દુષ્કાળમાં ગ્રસ્ત કરી દે છે.

હઝરત બુરૈદા ﷺ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ''ઝકાત અદા ન કરવાવાળા લોકોને અલ્લાહ ત્આલા દુષ્કાળમાં ગ્રસ્ત કરી દે છે.'' આને તબરાની રિવાયત કરેલ છે.[૧]

**મસ્લા-૧૭ :** ઝકાત અદા ન કરવાવાળા ઉપર રસૂલુલ્લાહ ﷺએ લાનત (ફિટકાર) કરી છે.

હઝરત અલી ﷺ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ વ્યાજ ખાવા, ખવડાવવા, સાક્ષી આપવા અને તેને લખવાવાળા સૌ ઉપર લાનત કરી; અને વાળને ગૂંથણી કરવાવાળી અને કરાવવાવાળી પર, ઝકાત અદા ન કરવાવાળા ઉપર, હલાલા• કાઢવાવાળા અને કઢાવનારા ઉપર લાનત કરી છે. આને ઈસ્બહાનીએ રિવાયત કરેલ છે.[૨]

(• તલાકવાળી સ્ત્રી કે પુરુષનો બનાવટી નિકાહ કરાવવો, જેથી બીજા વ્યક્તિથી નિકાહ કર્યા પછી પોતાના અગાઉના પતિ કે પત્નીથી ફરીથી નિકાહ કરી શકે.)

—◦★◦—

૧. સહીહ અત્તર્ગીબ વત્તર્હીબ, લિલ અલબાની, ભા-૧, હ. ૭૬૧.

૨. સહીહ અત્તર્ગીબ વત્તર્હીબ, લિલ અલબાની, ભા-૧, હ. ૭૫૬.

# ઝકાત કુર્આન-મજીદના પ્રકાશમાં

**મસ્લા-૧૮ :** અગાઉની ઉમ્મતો પર પણ ઝકાત ફર્ઝ હતી.

''યાદ કરો જ્યારે બની ઈસરાઈલથી અમે પાકું વચન લીધું હતું કે અલ્લાહ સિવાય કોઈની ઉપાસના ન કરજો, માતા-પિતાની સાથે, સગાવહાલાં સાથે, અનાથો અને ગરીબો સાથે સદ્‌વ્યવહાર કરજો, લોકો સાથે ભલી વાત કહેજો, નમાઝ કાયમ કરજો અને ઝકાત આપજો; પરંતુ થોડા લોકો સિવાય તમે સૌ વચનથી ફરી ગયા.''

(સૂરઃ બકરહ, આ. ૮૩)

''ઇસ્માઈલ પોતાના ઘરવાળાઓને નમાઝ અને ઝકાતની તાકીદ કર્યા કરતા હતા, અને તેઓ પોતાના માલિકની નજીક ખૂબ પ્રિય વ્યક્તિ હતા.''

(સૂરઃ મરયમ, આ.૫૫)

''અલ્લાહ ત્‌આલાએ મને (ઈસા ﷺ)ને આદેશ કર્યો કે જ્યાં સુધી જીવંત રહું, નમાઝ કાયમ કરું અને ઝકાત અદા કરતો રહું.'' (સૂરઃ મરયમ, આ. ૩૧)

**મસ્લા-૧૯ :** ઝકાતની અદાયગી ઈમાનની નિશાની અને જાનની પ્રતિષ્ઠાની બાંહેધરી છે.

''તો જો આ (કાફિરો) તૌબા કરી લે અને નમાઝ કાયમ કરે, ઝકાત આપે, તો આ તમારા દીની ભાઈઓ છે (તેથી તેમના વિરુદ્ધ યુદ્ધ ન કરો) અને જાણવાવાળાઓ માટે અમે પોતાના આદેશો સ્પષ્ટ કરી દઈએ છીએ.'' (સૂરઃ તૌબા, આ.૧૧)

**મસ્લા-૨૦ :** ઝકાત અલ્લાહની રહમત (કૃપા)નું માધ્યમ છે.

''નમાઝ કાયમ કરો, ઝકાત આપો અને રસૂલુલ્લાહ ﷺનું આજ્ઞાપાલન કરો, આશા છે કે તમારા પર દયા કરવામાં આવશે.'' (સૂરઃ નૂર, આ. ૫૬)

**મસ્લા-૨૧ :** ઝકાત ગુનાઓનો કફ્ફારો (પ્રાયશ્ચિત) અને નફ્સની પાકી (પવિત્રતા)નું સાધન છે.

''હે નબી ﷺ ! તમે તેમના માલમાંથી ઝકાત લઈને તેમને ગુનાઓથી પાક અને સાફ કરો, અને તેમના માટે રહમતની દુઆ કરો, કેમ કે તમારી દુઆ તેમના માટે ઉત્તમ સાબિત થશે. અલ્લાહ ત્‌આલા બધું જ સાંભળે અને જાણે છે.''

**મસ્લા-૨૨ :** જે લોકો નમાઝ કાયમ કરે છે અને જે કંઈ અમે તેમને આપ્યું છે તેમાંથી (અલ્લાહના માર્ગમાં) ખર્ચ કરે છે, હકીકતમાં તેઓ જ સાચા મોમિન છે."

(સૂરઃ અન્ફાલ, આ. ૩-૪)

**મસ્લા-૨૩ :** ઝકાત અદા કરવાથી ધનદોલતમાં બરકત અને વૃદ્ધિ થાય છે.

''અને જે ઝકાત તમે લોકો અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે આપો છો, તેનાથી વાસ્તવમાં તે આપવાવાળાઓ પોતાના માલમાં વૃદ્ધિ કરે છે.''

(સૂરઃ રૂમ, આ. ૩૯)

**મસ્લા-૨૪ :** ઝકાત આખિરતમાં સફળતાની બાંહેધરી છે.

''અલિફ-લામ-મીમ, આ કિતાબે-હકીમ (તત્ત્વદર્શી ગ્રંથ)ની આયતો છે, જેમાં એ નેક બંદાઓ માટે માર્ગદર્શન અને રહમત (કૃપા) છે, જે નમાઝ કાયમ કરે છે, ઝકાત આપે છે, આ જ લોકો પોતાના રબની તરફથી સન્માર્ગ પર છે, આ જ લોકો સફળતા પ્રાપ્ત કરવાવાળા છે.'' (સૂરઃ લુકમાન, આ. ૧-૫)

**મસ્લા-૨૫ :** સત્તા પ્રાપ્ત કર્યા પછી ઝકાતની વ્યવસ્થા લાગુ કરવી ફર્ઝ છે.

''આ એ લોકો છે જેમને જો અમે ધરતી પર સત્તા પ્રદાન કરીએ તો નમાઝ કાયમ કરશે, ઝકાત આપશે, ભલાઈની આજ્ઞા આપશે અને બૂરાઈથી રોકશે. તમામ મામલાઓનું પરિણામ તો બસ અલ્લાહના હાથમાં જ છે.'' (સૂરઃ હજ્જ, આ.૪૧)

**મસ્લા-૨૬ :** નમાઝ અને ઝકાત અદા કરવાવાળા ઈમાનદાર લોકોને જ મસ્જિદો આબાદ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

''અલ્લાહ તઆલાની મસ્જિદોને આબાદ કરવાવાળા તો એ જ લોકો હોઈ શકે છે, જેઓ અલ્લાહ તઆલા અને આખિરતના દિવસને માને, નમાઝ કાયમ કરે, ઝકાત આપે અને અલ્લાહ સિવાય કોઈથી ન ડરે. આમનાથી જ એ આશા છે કે સીધા માર્ગે ચાલશે.'' (સૂરઃ તૌબા, આ. ૧૮)

**મસ્લા-૨૭ :** ઝકાત અદા કરવાવાળા કયામતના દિવસે દરેક પ્રકારના ભય અને દુઃખથી સુરક્ષિત હશે.

''જે લોકો ઈમાન લઈ આવે અને સદ્કાર્યો કરે, નમાઝ કાયમ કરે અને

ઝકાત આપે, તેમનો સવાબ (નિઃશંક) તેમના રબની પાસે છે, અને તેમના માટે કોઈ ભય અને દુઃખનું કોઈ કારણ નથી.'' (સૂરઃ બકરહ, આ. ૨૭૭)

**મસ્લા-૨૮ :** ઝકાત અદા ન કરવી કુફ્ર અને શિર્કની નિશાની છે.

**મસ્લા-૨૯ :** ઝકાત અદા ન કરવી વિનાશ અને બરબાદીનું કારણ છે.

''વિનાશ છે એ મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ) માટે જેઓ ઝકાત નથી આપતા અને આખિરતનો ઈન્કાર કરે છે.'' (સૂરઃ હા-મીમ-સજદહ, આ. ૬-૭)

**મસ્લા-૩૦ :** જે માલમાંથી ઝકાત અદા ન કરવામાં તે માલને કયામતના દિવસે પોતાના માલિકના ગળામાં તોક બનાવીને નાખવામાં આવશે.

''જે લોકોને અલ્લાહે પોતાની કૃપાથી માલ અને દોલત આપેલ છે અને તેઓ કંજૂસીથી કામ લે છે એવું ન માને કે આ કંજૂસી તેમના માટે સારી છે, બલ્કે આ તેમના માટે ખૂબ ખરાબ છે, એ કંજૂસીથી જે કંઈ તેઓ અકઠું કરી રહ્યા છે તેને કયામતના દિવસે તોક બનાવીને તેમના ગળામાં નાખી દેવામાં આવશે.''

(સૂરઃ આલે ઈમરાન, આ. ૧૮૦)

**મસ્લા-૩૧ :** ઝકાત અદા ન કરવાવાળાના ધનને જહન્નમની આગમાં ગરમ કરીને તેનાથી તેમના શરીરને ડામ આપવામાં આવશે.

''પીડાદાયક સજાની ખુશખબર આપી દો એ લોકોને જેઓ સોના અને ચાંદી જમા કરીને રાખે છે, અને તેને અલ્લાહના માર્ગમાં ખર્ચ નથી કરતા. એક દિવસ આવશે કે આ જ સોના અને ચાંદી પર જહન્નમની આગ ભડકાવવામાં આવશે, અને પછી તેનાથી એ લોકોના કપાળ, પડખાઓ અને પીઠોને ડામ આપવામાં આવશે અને કહેવામાં આવશે - આ છે એ ખજાનો, જેને તમે પોતાના માટે જમા કર્યો હતો, લો હવે પોતાની એકઠી કરેલી દોલતની મજા ચાખો.'' (સૂરઃ તૌબા, આ. ૩૪-૩૫)

—◦★◦—

# ઝકાતની શરતો

**મસ્લા-૩૨ :** દરેક આઝાદ માલદાર (સાહિબે નિસાબ) મુસલમાન (પુરુષ હોય કે સ્ત્રી, પુખ્ત હોય કે અપુખ્ત, સમજદાર હોય કે નાસમજ) પર ઝકાત ફર્ઝ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ ﷺથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ હઝરત મુઆઝ ﷺને યમન મોકલ્યા, તો ફરમાવ્યું : ''લોકોને પહેલા એ વાતનું આમંત્રણ આપો કે તેઓ સાક્ષી આપે કે અલ્લાહ ત્આલા સિવાય કોઈ ઉપાસ્ય નથી, અને હું અલ્લાહ ત્આલાનો રસૂલ છું. જો તેઓ આ માની લે તો પછી તેમને બતાવો કે દિવસ અને રાતમાં અલ્લાહ ત્આલાએ તેમના પર પાંચ નમાઝો ફર્ઝ કરી છે, જો આ પણ માની લે તો પછી તેમને બતાવો કે અલ્લાહ ત્આલાએ તેમના માલમાં સદકો (ઝકાત) ફર્ઝ કરેલ છે જે તેમના ધનવાનોથી લેવામાં આવશે અને તેમનામાંના ગરીબોને આપવામાં આવશે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.[૧]

**મસ્લા-૩૩ :** જે માલ ઉપર એક ચંદ્ર વર્ષ પસાર થઈ ચૂક્યું હોય તેના પર ઝકાત અદા કરવી ફર્ઝ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર ﷺ કહે છે કે જે માલ મળી ગયા પછી પોતાના માલિકની પાસે એક વર્ષ સુધી પડી રહ્યો, તેના પર ઝકાત ફર્ઝ છે. આને તિરમિઝીએ રિવાયત કરેલ છે.[૨]

**મસ્લા-૩૪ :** માત્ર હલાલ કમાણીમાંથી આપવામાં આવેલ ઝકાત સ્વીકાર્ય છે.

**સ્પષ્ટીકરણ :** હદીસ મસ્લા-૧૧૮ હેઠળ જુઓ.

---

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.

૨. સહીહ સુનન તિરમિઝી, લિલ અલબાની, ભા-૩, હ. ૫૧૫.

# ઝકાત લેવા અને આપવાનાં શિષ્ટાચાર

**<u>મસ્લા-૩૫ :</u>** ઝકાતનો માલ લઈને આવનાર વ્યક્તિ માટે ભલાઈ અને બરકતની દુઆ કરવી જોઈએ.

હઝરત અબ્દુલ્લાહ બિન અબી અવફા ﷺથી રિવાયત છે કે નબી અકરમ ﷺની પાસે જ્યારે લોકો પોતાના સદકાત લઈને આવતા તો આપ ﷺ ફરમાવતા : અલ્લાહુમ્મ, સલ્લિ અલા આલિ ફુલાનિન, ફ-અતાહુ અબી બિસદકતિહિ (હે અલ્લાહ ! ફલાણા લોકો પર પોતાની રહમત નાઝિલ ફરમાવ) જ્યારે મારા પિતા પોતાનો સદકો લઈને આવ્યા તો ફરમાવ્યું : અલ્લાહુમ્મ, સલ્લિ અલા આલિ અબી અવ્ફી (હે અલ્લાહ ! અબી અવફાના સંતાનો પર રહમત નાઝિલ ફરમાવ.) આને બુખારી અને મુસ્લિમે રિવાયત કરેલ છે.(૧)

**<u>મસ્લા-૩૬ :</u>** ઝકાત આપવાવાળો પોતાની મરજીથી વધારે ઝકાત અદા કરે તો તેના માટે ખૂબ વધારે સવાબ છે.

હઝરત ઉબઈ બિન કાઅબ ﷺ કહે છે કે મને નબી અકરમ ﷺએ સદકો વસૂલ કરવા માટે મોકલ્યો. હું એક વ્યક્તિની પાસે પહોંચ્યો. તેણે મારા સામે પોતાનો માલ રજૂ કરી દીધો. તે માલ બસ એટલો જ હતો કે એ વ્યક્તિએ એક વર્ષની ઊંટણી જ અદા કરવાની હતી. મેં તેને કહ્યું કે, ''એક વર્ષનું બચ્ચું આપી દો.'' તેણે કહ્યું કે, ''તે ન દૂધ આપે છે અને ન સવારીને યોગ્ય છે, તેથી આ મારી ઊંટણી છે, યુવાન અને મોટી હૃષ્ટપુષ્ટ, આ લઈ લો.'' મેં કહ્યું કે, ''હું તો નબી અકરમ ﷺની આજ્ઞા વગર આને નથી લઈ શકતો, હા અલબત્ત, નબી અકરમ ﷺ તમારા નજીક (મદીના મુનવ્વરા)માં જ રહે છે, જો તમે પસંદ કરો તો તેમની સેવામાં પોતાની ઊંટણી રજૂ કરી દો જે મારા સામે રજૂ કરી છે. જો આપ ﷺએ તારા પાસેથી કબૂલ ફરમાવી તો હું પણ તેને કબૂલ કરી લઈશ, પરંતુ જો આપ ﷺએ કબૂલ ન ફરમાવી તો હું પણ કબૂલ નહીં કરું.'' આમ, તે તૈયાર થઈ ગયો અને મારા સાથે રવાના થયો, ઊંટણી પણ પોતાના સાથે લઈ લીધી. અમે જ્યારે નબી અકરમ ﷺની સેવામાં હાજર થયા તો તેણે કહ્યું, ''હે અલ્લાહ તઆલાના નબી ﷺ ! આપ ﷺનો વસૂલાત અધિકારી મારા પાસે સદકો વસૂલ કરવા આવ્યો અને અલ્લાહના સોગંદ ! આ પહેલો પ્રસંગ છે કે આપ ﷺનો એલચી મારા પાસે સદકા માટે

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : સલાત અલ ઈમામ વ દુઆઈ લિસ્સાહિબ અલસ્સદકા.

આવ્યો છે. મેં મારો માલ એ સાહેબના સામે રજૂ કર્યો તો તેમણે કહ્યું કે એક વર્ષનું બચ્ચું આપી દો, જ્યારે કે તે ન દૂધ આપી શકે છે અને ન સવારી માટે યોગ્ય છે. (મેં કહ્યું) આ ઊંટણી યુવાન મોટી હૃષ્ટપુષ્ટ છે લઈ લો, પરંતુ તેમણે ઇન્કાર કર્યો. હવે હું તેને (અર્થાત્ ઊંટણીને) લઈને આપ ﷺની સેવામાં હાજર છું કે તેને લઈ લો." આપ ﷺએ ફરમાવ્યું, "તમારા પર વાજિબ તો એટલું જ હતું, પરંતુ જો ખુશીથી નેકી કરશો તો અલ્લાહ તમને તેનો અજ્ર આપશે, અને અમે તેનો સ્વીકાર કરીશું." તેણે કહ્યું, "આ ઊંટણી હાજર છે, તેને લઈ લો." તેથી આપ ﷺએ તેને લેવાનો હુકમ કર્યો અને તેના માલમાં બરકતની દુઆ કરી. આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.(૧)

**<u>મસ્લા-૩૭ :</u>** વસૂલાત અધિકારીએ લોકોના ઘરે જઈને ઝકાત વસૂલ કરવી જોઈએ.

હઝરત અમ્ર બિન શુઐબ ﷺ પોતાના પિતાથી, તેઓ પોતાના દાદાથી રિવાયત કરે છે કે નબી અકરમ ﷺએ ફરમાવ્યું કે, "ઝકાત લેવા માટે (વસૂલાત અધિકારી) ઢોર-ઢાંખર (પોતાની જગ્યાએ) ન મંગાવે અને ન તો માલિક પોતાના ઢોર-ઢાંખર ક્યાંય દૂર લઈ જાય, બલ્કે ઢોર-ઢાંખરની ઝકાતની જગ્યાએ વસૂલ કરવામાં આવે." આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.(૨)

**<u>મસ્લા-૩૮ :</u>** ઝકાતમાં સરેરાશ દરજ્જાનો માલ લેવો જોઈએ, ન ખૂબ સારો, ન ખૂબ ખરાબ.

હઝરત અનસ ﷺ વર્ણવે છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક ﷺએ તેમને આદેશ લખીને મોકલ્યો, જે આદેશ અલ્લાહ તઆલાએ પોતાના પયગંબર ﷺને આપ્યો હતો કે, "ઝકાતમાં ઘરડું, ખામીવાળું અને નર ન લેવામાં આવે. હા, જો ઝકાત લેવાવાળો સ્વયં ચાહે." આને બુખારીએ રિવાયત કરેલ છે.(૩)

હઝરત ઇબ્ને અબ્બાસ ﷺ કહે છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺએ હઝરત મુઆઝ ﷺને યમનના હાકિમ બનાવીને મોકલ્યા, તો ફરમાવ્યું, "(ઝકાતમાં) લોકોની પાસેથી ઉત્તમ માલ લેવાથી બચજો." આને બુખારીએ રિવાયત કરેલ છે.(૪)

---

૧. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૧, હ. ૧૪૦૬.
૨. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૧, હ. ૧૪૦૬.
૩. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : લા-તાખઝૂ ફિસ્સદકતી હુરમતી વલા ઝાતી અવાદ.
૪. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.

**<u>મસ્લા-૩૯ :</u>** ઝકાતથી બચવા માટે બહાનાબાજી કરવાની મનાઈ છે.

**<u>મસ્લા-૪૦ :</u>** ઝકાત આપતી વખતે જો માલ અલગ-અલગ હોય તો તેને ભેગો કરવામાં ન આવે, જો માલ ભગો હોય તો તેને અલગ ન કરવામાં આવે.

હઝરત અનસ ﷺએ રિવાયત કરેલ છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક ﷺએ તેમના માટે ફર્ઝ ઝકાતનો આદેશ લખી દીધો, જે નબી અકરમ ﷺએ નિર્ધારિત કરી હતી, તેમાં એ પણ હતું કે, ''ઝકાતના ડરથી અલગ-અલગ માલને એકત્ર અને એકત્ર માલને ઝકાતના ડરથી અલગ કરવામાં ન આવે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.[૧]

**સ્પષ્ટીકરણ :** માલ એકત્ર કરવાનું ઉદાહરણ એવું છે કે જો ત્રણ માણસોની પાસે અલગ-અલગ ચાળીસ-ચાળીસ બકરીઓ એકઠી કરી દીધી તો કેવળ એક બકરી અદા કરવી પડશે. માલ અલગ-અલગ કરવાનું ઉદાહરણ એ છે કે જો બે માણસોના સંયુક્ત માલમાં બસો ચાળીસ બકરીઓ હોય તો તેમના પર ત્રણ બકરીઓ ઝકાત થશે. પરંતુ જો તેઓ પોત-પોતાની એકસો વીસ બકરીઓ અલગ કરી લે તો બંનેએ એક-એક બકરી આપવી પડશે. આવી તમામ રીતોની મનાઈ છે.

ઝકાત વસૂલ કરનાર માટે પણ એવો આદેશ છે કે જો બે માણસોના સંયુક્ત માલમાં આવી બકરીઓ છે તો તેમના પર એક બકરી ઝકાત થશે. ઝકાત લેવાની એંશી (૮૦) બકરીઓને ચાળીસ-ચાળીસના બે ભાગ માનીને બે બકરીઓ નથી લઈ શકતા.

**<u>મસ્લા-૪૧ :</u>** સંયુક્ત વેપારમાં ભાગીદારોએ પોતાના ભાગની ઝકાત અદા કરવી જોઈએ.

હઝરત અનસ ﷺથી રિવાયત છે કે હઝરત અબૂબક્ર ﷺએ તેમના માટે ઝકાતનો આદેશ લખી દીધો, જે રસૂલુલ્લાહ ﷺએ નિર્ધારિત કર્યો હતો. તેમાં એ હતું કે, ''જે માલ બે ભાગીદારોનો હોય, તે એક-બીજાથી બરાબર હિસાબ કરી લે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.[૨]

**સ્પષ્ટીકરણ :** (૧) જેમ કે એક ધંધામાં બે વ્યક્તિ સરખી મૂડીથી ભાગીદાર છે, તો વર્ષના અંતે એ રકમની ઝકાત અદા કરવા માટે બંને વ્યક્તિ ભેગી ઝકાત

---

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.
૨. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.

અડધી-અડધી રકમ અદા કરશે.

(૨) કંપનીઓ વગેરેની ઝકાતની ખરી જવાબદારી કંપનીઓ પર છે, પરંતુ જો કોઈ કારણસર તે અદા ન કરે તો ભાગીદારે પોતાની રીતે પોતાના ભાગની ઝકાત અદા કરવી જોઈએ.

**મસ્લા-૪૨ :** જરૂર પડે તો વર્ષ પૂરું થતાં પહેલાં ઝકાત અદા કરી શકાય છે.

હઝરત અલી ﷺથી રિવાયત છે કે હઝરત અબ્બાસ ﷺએ નબી અકરમ ﷺને વર્ષ પસાર થઈ ગયા પહેલા ઝકાત અદા કરવા અંગે પૂછ્યું તો આપ ﷺએ તેમને છૂટ આપી દીધી. આને તિરમિઝીએ રિવાયત કરેલ છે.(૧)

**મસ્લા-૪૩ :** ઝકાત જે જગ્યાએ વસૂલ કરવામાં આવે ત્યાં જ વહેંચવી ઉત્તમ છે, પરંતુ જરૂરત પડે તો બીજી જગ્યાએ પણ મોકલવી જાઈઝ છે.

હઝરત ઈમરાન બિન હસીન ﷺથી રિવાયત છે કે તેમને ઝકાત વસૂલાત અધિકારી નિયુક્ત કરવામાં આવ્યા, જ્યારે તેઓ પરત ફર્યા તો તેમને પૂછવામાં આવ્યું, ''માલ ક્યાં છે ?'' તેમણે ફરમાવ્યું, ''શું તમે મને માલ લાવવા માટે નિયુક્ત કર્યો હતો ? અમે ત્યાંથી માલ લઈએ છીએ જ્યાંથી રિસાલત-કાળમાં લેતા હતા અને ત્યાં જ વહેંચી નાખીએ છીએ જ્યાં રિસાલત-કાળમાં વહેંચી નાખતા હતા.'' આને ઈબ્ને માજાએ રિવાયત કરેલ છે.(૨)

**સ્પષ્ટીકરણ :** ઝકાત વસૂલ કરીને વહેંચણી કરવાનો વિસ્તાર વસૂલાત અધિકારીનો પોતાનો વિસ્તાર (અર્થાત્ તેહસીલ, તાલુકો) છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ ﷺથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ હઝરત મઆઝ ﷺને યમન મોકલ્યા (તો ફરમાવ્યું), ''લોકોને બતાવજો કે તેમના ઉપર અલ્લાહ તઆલાએ ઝકાત ફર્ઝ કરી છે, જે તેમના માટે ધનવાનોથી લઈને ગરીબોને આપવામાં આવશે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.(૩)

**મસ્લા-૪૪ :** ઝકાતના માલમાં બેઈમાની કે ઘોટાળો કરવાવાળો વ્યક્તિ કયામતના દિવસે એ માલને પોતાની ગરદન પર ઉઠાવીને આવશે.

હઝરત ઉબાદા બિન સામિત ﷺથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ તેમને

૧. સહીહ સુનન તિરમિઝી, લિલ અલબાની, ભા-૧, હ. ૫૪૫.
૨. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૧, હ. ૧૪૩૧.
૩. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.

ઝકાત વસૂલ કરવા માટે નિયુક્ત કર્યા અને ફરમાવ્યું, ''હે અબૂ વલીદ ! (ઝકાતના માલ વિશે) અલ્લાહ તઆલાથી ડરતા રહેજો, કયામતના દિવસે એ હાલમાં ન આવજો કે તમે (પોતાના ખભા પર) ઊંટ ઉઠાવીને આવો જે બિલબિલાતું હોય અથવા (પોતાના ખભા પર ચોરી કરેલ) ગાય ઉઠાવેલ હોય જે ડકરાઈ રહી હોય અથવા બકરી ઉઠાવી રાખી હોય જે બૂમો પાડતી હોય (અને મને ભલામણ માટે કહો). હઝરત ઉબાદા બિન સાબિત ﷺએ અરજ કરી, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! ઝકાતના માલની હેરફેર કરવાનું આવું પરિણામ હશે ?'' આપ ﷺએ ફરમાવ્યું, ''હા, સોગંદ છે એ હસ્તીની જેના હાથમાં મારા પ્રાણ છે, (આ જ પરિણામ હશે).'' હઝરત ઉબાદા બિન સાબિત ﷺએ અરજ કરી, ''એ હસ્તીના સોગંદ જેણે આપ ﷺને સત્યની સાથે મોકલ્યા, હું આપ ﷺ માટે કદાપિ અમલદારનું કામ નહીં કરું.'' આને તબરાનીએ રિવાયત કરેલ છે.(૧)

હઝરત સઈદ બિન ઉબાદા ﷺથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ તેમને ફરમાવ્યું, ''જાઓ ફલાણા કબીલાની ઝકાત એકત્ર કરીને લાવો અને હા, જુઓ ! ક્યાંક કયામતના દિવસે એવી હાલતમાં ન આવજો કે તમારી ગરદન કે પીઠ પર યુવાન ઊંટ હોય અને તે બિલબિલાતું હોય.'' હઝરત સઈદ બિન ઉબાદા ﷺએ અરજ કરી, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! મને આ જવાબદારીથી મુક્ત કરી દો.'' આપ ﷺએ તેમને આ જવાબદારીથી મુક્ત કરી દીધા. આને તબરાનીએ રિવાયત કરેલ છે.(૨)

**<u>મસ્લા-૪૫ :</u>** ઝકાત વસૂલ કરવાવાળાએ કોઈ ઝકાત આપવાવાળા પાસેથી ભેટસોગાદ ન લેવી જોઈએ.

હઝરત અબૂ હમીદ સાઅ્દી ﷺ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ બનૂ અસદ (કબીલા)ના બિન લતબિયા નામના એક વ્યક્તિને (અમલદાર) નિયુક્ત કર્યો. (હઝરત અમ્ર ﷺ અને હઝરત ઈબ્ને અબૂ ઉમર ﷺ કહે છે કે આપ ﷺએ તેને ઝકાત વસૂલ કરવા માટે (વસૂલ અધિકારી) નિયુક્ત કર્યો હતો.) જ્યારે તે વ્યક્તિ પાછો આવ્યો તો કહેવા લાગ્યો, ''આ આપ ﷺનો (અર્થાત્ બૈતુલમાલનો) હિસ્સો છે અને આ મારો હિસ્સો છે જે મને ભેટ રૂપે આપવામાં આવ્યો.'' (આ સાંભળીને) રસૂલુલ્લાહ ﷺ મિમ્બર પર તશરીફ લઈ ગયા, અલ્લાહ તઆલાની પ્રશંસા અને સ્તુતિ કરી અને પછી ફરમાવ્યું, ''આ વસૂલ અધિકારીનો મામલો કેવો છે, જેને મેં ઝકાત વસૂલ કરવા માટે

૧. સહીહ અત્તર્ગીબ વત્તર્હીબ, લિલ અલબાની, ભા-૧, હ. ૭૭૮.
૨. સહીહ અત્તર્ગીબ વત્તર્હીબ, લિલ અલબાની, ભા-૧, હ. ૭૭૮.

મોકલ્યો અને (પાછો આવીને) કહે છે આ તો આપ ﷺનો માલ છે અને આ મને ભેટ રૂપે આપવામાં આવ્યો છે. તે પોતાના માતા-પિતાના ઘરે કેમ બેસી ન રહ્યો, પછી જોતો કે તેને ભેટ મળે છે કે નહીં. સોગંદ છે કે એ હસ્તીના જેના હાથમાં મુહમ્મદ (ﷺ)ના પ્રાણ છે કે તમારામાંથી જે વ્યક્તિ આ રીતે કોઈ માલ લેશે (અર્થાત્ ભેટ વગેરેના નામે) તો તે કયામતના દિવસે પોતાની ગરદન પર ઊંટ ઉઠાવીને લાવશે તો તે બિલબિલાતું હશે, ગાય હશે તો તે ચીસો પાડતી હશે, બકરી હશે તો તે બેં-બેં કરતી હશે.'' પછી આપ ﷺએ પોતાના બંને હાથ ઉપર ઉઠાવ્યા, ત્યાં સુધી કે અમને આપ ﷺની બગલની સફેદી દેખાવા લાગી. આપ ﷺએ બે વાર ફરમાવ્યું, ''હે અલ્લાહ ! મેં (તારો હુકમ) પહોંચાડી દીધો.'' આને મુસ્લિમે રિવાયત કરેલ છે.[૧]

★

૧. સહીહ મુસ્લિમ, કિતાબુલ ઈમારાત, પ્રકરણ : તહરીમ હદાયા અલ આમાલ.

# એ વસ્તુઓ જેના પર ઝકાત વાજિબ છે.

## (ક) સોનું અને ચાંદી :

**મસ્લા-૪૬ :** સોના પર ઝકાત છે.

**મસ્લા-૪૭ :** સોનાનો નિસાબ સાડા સાત (૭½) તોલા છે, આનાથી ઓછા પર ઝકાત નથી.

ઝકાતનો દર વજનના હિસાબથી, કિંમતના હિસાબથી અઢી ટકા (૨½%) છે.

હઝરત ઈબ્ને ઉમર ﷺ અને હઝરત આઈશા ﷺ બંનેથી રિવાયત છે કે નબી ﷺ પ્રત્યેક વીસ દિનાર કે તેનાથી વધારે પર અડધો દીનાર (અર્થાત્ ચાળીસમો ભાગ) ઝકાત લેતા હતા, અને પ્રત્યેક ચાળીસ દિનારથી એક દિનાર (અર્થાત્ ચાળીસમો ભાગ). આને ઈબ્ને માજાએ રિવાયત કરેલ છે.(૧)

**સ્પષ્ટીકરણ :** ૧) દિનાર સોનાનો હતો, અને વીસ દિનારનું વજન સાત તોલા હતું.

૨) ઝકાત સોના કે સોનાની કિંમત બંને રીતે અદા કરવી જોઈએ.

૩) સોનાની કિંમતનો અંદાજ વર્તમાન ભાવ અનુસાર લગાવીને ઝકાત અદા કરવી જોઈએ.

**મસ્લા-૪૮ :** ચાંદી પર ઝકાત છે.

**મસ્લા-૪૯ :** ચાંદીનો નિસાબ સાડા બાવન (૫૨½) તોલા છે. આનાથી ઓછા પર ઝકાત નથી.

**મસ્લા-૫૦ :** ઝકાતનો દર વજનના હિસાબથી, કિંમતના હિસાબથી અઢી ટકા (૨½) છે.

હઝરત અબૂ સઈદ ખુદરી ﷺ કહે છે કે રસૂલે અકરમ ﷺએ ફરમાવ્યું, ''પાંચ વસકથી ઓછી ખજૂરો પર ઝકાત નથી અને પાંચ ઓકિયાથી ઓછી ચાંદી પર ઝકાત નથી અને પાંચ ઊંટથી ઓછા પર ઝકાત નથી.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.(૨)

---

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.

૨. સહીહ સુનન ઈબ્ને માજા, લિલ અલબાની, ભા-૧, હ. ૧૪૪૭.

**સ્પષ્ટીકરણ :** પાંચ ઔકિયાનું વજન વર્તમાન હિસાબે સાડા બાવન તોલા છે.

હઝરત અલી ﷺ નબી કરીમ ﷺથી રિવાયત કરે છે કે આપ ﷺએ ફરમાવ્યું, ''ચાંદીમાંથી ચાળીસમો ભાગ અદા કરો (અર્થાત્) પ્રત્યેક ચાળીસ (૪૦) દિરહમમાંથી એક દિરહમ, અને જ્યાં સુધી બસો દિરહમ પૂરા ન થાય ત્યાં સુધી કોઈ વસ્તુ (અર્થાત્ ઝકાત) વાજિબ નથી. જ્યારે બસો દિરહમ પૂરા થઈ જાય તો તેમાંથી પાંચ દિરહમ અદા કરો, અને જ્યારે બસો દિરહમથી વધારે હોય તો તેના પર એ જ હિસાબથી ઝકાત વાજિબ થશે.'' આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.[1]

<u>**મસ્લા-૫૧ :**</u> નિસાબથી ઓછા સોના-ચાંદીને મેળવીને ઝકાત અદા કરવી સુન્નતથી સાબિત નથી.

<u>**મસ્લા-૫૨ :**</u> સોના અને ચાંદીના ઘરેણાં જે ઉપયોગમાં હોય તેના પર પણ ઝકાત વાજિબ છે.

હઝરત અમ્ર બિન શુઐબ ﷺ પોતાના પિતાથી, તેઓ પોતાના દાદાથી રિવાયત કરે છે કે એક સ્ત્રી નબી અકરમ ﷺની પાસે આવી. તેના સાથે તેની પુત્રી પણ હતી, જેના હાથમાં સોનાના બે મોટા કંગન હતા. આપ ﷺએ તેને ફરમાવ્યું, ''શું તમે આની ઝકાત અદા કરો છો ?'' તેણે કહ્યું, ''ના.'' આપ ﷺએ ફરમાવ્યું, ''શું તને એ પસંદ છે કે અલ્લાહ તને આના બદલામાં કયામતના દિવસે આગના કંગન પહેરાવે ?'' તેણે (આ સાંભળીને) બંને કંગન ઉતારીને આપ ﷺની સેવામાં રજૂ કરી દીધા, અને કહ્યું કે, ''આ અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺ માટે છે.'' આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.[2]

**સ્પષ્ટીકરણ :** ધાતુના સિક્કા અથવા કાગળની કરન્સી ગમે ત્યારે ફેરબદલ કરી શકાય છે, તેથી ચાલુ કરન્સીનો નિસાબ ૮૭ ગ્રામ સોનું અથવા ૬૧૨ ગ્રામ ચાંદી બંનેમાંથી જેની કિંમત ઓછી હશે તેના બરાબર હશે, જેના પર વર્ષ પસાર થઈ ગયા પછી અઢી ટકાના હિસાબથી ઝકાત અદા કરવી જોઈએ.

## (ખ) વેપારનો માલ :

<u>**મસ્લા-૫૩ :**</u> વર્ષના અંતે સમગ્ર વેપારના માલ (નફા સહિત)ની કિંમત લગાવીને ઝકાત અદા કરવી જોઈએ.

૧. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૧, હ. ૧૩૯.
૨. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૧, હ. ૧૩૮૨.

હઝરત અબૂ અમ્ર બિન હમ્માસ ﷺ પોતાના પિતાથી રિવાયત કરે છે કે હું ચામડા તેમજ તીર-તરકશનો વેપાર કરતો હતો. હઝરત ઉમર ﷺ મારા પાસે આસેથી પસાર થયા તો ફરમાવ્યું, ''પોતાના માલની ઝકાત અદા કરો.'' મેં અરજ કરી, ''હે અમીરુલ મોમિનીન ! આ તો કેવળ ચામડું છે.'' હઝરત ઉમર ﷺએ ફરમાવ્યું, ''તેની કિંમત લગાવો અને તેની ઝકાત અદા કરો.'' આને શાફઈ, અહમદ, દારે કુત્ની અને બયહકીએ રિવાયત કરેલ છે.(૧)

**સ્પષ્ટીકરણ :** (૧) વેપારના માલનો નિસાબ અને દર રોકડનો જ નિસાબ અને દર છે; અર્થાત્ વર્તમાન સમયમાં સાડા બાવન તોલા ચાંદી અથવા સાડા સાત તોલા સોનામાંથી જેની કિંમત ઓછી હશે તે કિંમત વેપારના માલનો નિસાબ ગણવામાં આવશે, અને ઝકાતનું પ્રમાણ અઢી ટકા થશે.

(૨) વર્ષ દરમ્યાન વેપારના માલની માત્રા કે કિંમતમાં આવેલ વધ-ઘટને જોયા વિના ઝકાત આપતી વખતે વેપારના તમામ માલની માત્રા અને કિંમતને સામે રાખવામાં આવશે.

## (ગ) અનાજ અને ફળફળાદી :

<u>**મસ્લા-૫૪ :**</u> જમીનની ઉપજમાંથી ઘઉં, જઉ, કિસમિસ અને ખજૂર પર ઝકાત છે.

હઝરત ઉમર બિન ખત્તાબ ﷺ ફરમાવે છે કે રસૂલુલ્લાહ ﷺએ નીચેની ચાર વસ્તુઓ પર ઝકાત નિર્ધારિત કરી છે – ૧. ઘઉં ૨. જઉ ૩. કિસમિસ ૪. ખજૂર. આને દારે કુત્નીએ રિવાયત કરેલ છે.(૨)

<u>**મસ્લા-૫૫ :**</u> જમીનની ઉપજ માટે ઝકાતનો નિસાબ પાંચ વસક (૭૫૬ કિલોગ્રામ) છે.

હઝરત અબૂ સઈદ ખુદરી ﷺથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ ફરમાવ્યું, ''જ્યાં સુધી અનાજ અને ખજૂરની માત્રા પાંચ વસક (આશરે ૨૦ મણ અથવા ૭૫૬ કિલોગ્રામ) સુધી ન થઈ જાય, તેના પર ઝકાત નથી.'' આને નસાઈએ રિવાયત કરેલ છે.(૩)

---

૧. દારે કુત્ની, પ્રકરણ : તાજીલ, ભા-૨, પૃ. ૨૧૫.
૨. સિલસિલા અહાદીસે સહીહા, લિલ અલબાની, ભા-૨, હ. ૮૭૯.
૩. સહીહ સુનન નસાઈ, લિલ અલબાની, ભા-૨, હ. ૨૩૫.

**મસ્લા-૫૬ :** કુદરતી સ્રોતોથી સિંચિત જમીનની ઉપજ માટે ઝકાતનો દર દસમો ભાગ (ઉશ્ર) છે.

**મસ્લા-૫૭ :** કૃત્રિમ સાધનો (કે સ્રોતો)થી (કૂવો, ટ્યૂબવૅલ, નહેર વગેરે)થી સિંચિત જમીનની ઉપજ માટે ઝકાતનો દર વીસમો ભાગ (અડધું ઉશ્ર) છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર ﷺ નબી અકરમ ﷺથી રિવાયત કરે છે કે આપ ﷺએ ફરમાવ્યું, ''જે જમીનને વરસાદ કે પાણીના સ્રોત (ઝરણા, નદી વગેરે)થી સિંચવામાં આવે અથવા તેનાથી જમીન તરોતાજા થાય તેની ઉપજથી દસમો ભાગ ઝકાત છે અને જે જમીનને કૂવા દ્વારા પાણી આપવામાં આવે તેમાં અડધું ઉશ્ર (અર્થાત્ વીસમો ભાગ) ઝકાત છે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.[૧]

**મસ્લા-૫૮ :** ખજૂરો અને દ્રાક્ષની ઝકાત અદા કરવા માટે 'ખર્સ' (મૂલ્ય-નિર્ધારણ)ની રીતનો ઉપયોગ કરવાનો આદેશ છે.

**મસ્લા-૫૯ :** ખજૂરોની ઝકાત સૂકી ખજૂરોથી અને દ્રાક્ષની ઝકાત સૂકી દ્રાક્ષથી અદા કરવી જોઈએ.

હઝરત અત્તાબ બિન ઉસૈદ ﷺથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ દ્રાક્ષની ઝકાત (એ જ પ્રમાણે) 'ખર્સ'ની રીતથી અદા કરવાનો આદેશ આપ્યો છે જે પ્રમાણે ખજૂરોની ઝકાત 'ખર્સ'ની રીતથી અદા કરવામાં આવે છે, અને દ્રાક્ષની ઝકાત કિસમિસથી અદા કરવામાં આવે, જે પ્રમાણે ખજૂરોની ઝકાત સૂકી ખજૂરોથી આપવામાં આવે છે. આને તિરમિઝીએ રિવાયત કરેલ છે.[૨]

**સ્પષ્ટીકરણ :** (૧) ખજૂર કે દ્રાક્ષ પાકી જાય તો તેને ઉતાર્યા પહેલા તેના વજનનો અંદાજ એ રીતે લગાવવો કે તે સૂકી થઈને કેટલી બાકી રહી જશે એ રીતને 'ખર્સ' કહે છે. ઝકાતના પ્રમાણનું નિર્ધારણ 'ખર્સ'થી થશે, પણ તેની અદાયગી સૂકા ફળથી થશે.

(૨) આવકના સાધનો એટલે કે જમીન પર ઝકાત નથી, પણ આવકના સાધનથી થયેલ આવક પર ઝકાત વાજિબ છે, તેથી કારખાના કે ફેક્ટરીઓ, ડેરી ફાર્મના

---

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.
૨. સહીહ સુનન તિરમિઝી, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : માજા.

ઢોરો પર અને ભાડેથી આપેલ મકાનો વગેરે પર ઝકાત નહીં થાય, પણ તેનાથી પ્રાપ્ત થતી આવક પર શરતો અનુસાર ઝકાત વાજિબ થશે.

## (ઘ) મધ :

<u>મસ્લા-૬૦ :</u> મધની ઉપજથી ઉશ્ર અદા કરવાનો આદેશ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર ﷺ નબી અકરમ ﷺથી રિવાયત કરે છે કે આપ ﷺએ મધનું ઉશ્ર લીધું છે. આને ઈબ્ને માજાએ રિવાયત કરેલ છે.[1]

## (ચ) રુકાઝ (દટાયેલ ખજાનો) અને ખનીજ-સંપત્તિ :

<u>મસ્લા-૬૧ :</u> રુકાઝ પ્રાપ્ત થયેથી વીસ ટકા ઝકાત છે.

હઝરત અબૂ હુરૈરા ﷺથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ''જાનવરથી જે ઈજા પહોંચે તેનો કોઈ બદલો નથી, જો એક વ્યક્તિ કૂવો ખોદાવડાવે અને બીજો તેમાં પડી જાય તો તેનો પણ કોઈ બદલો નથી, એ જ પ્રમાણે કોઈ મજૂરીથી ખાણ ખોદાવડાવે અને તેમાં (મજૂર) માર્યો જાય તો તેનો પણ કોઈ બદલો નથી અને દટાયેલ ખજાનો (રુકાઝ) કાઢવા પર વીસ ટકા ઝકાત છે.'' આને બુખારી અને મુસ્લિમે રિવાયત કરેલ છે.[2]

**સ્પષ્ટીકરણ :** રુકાઝ માટે નિસાબનું નિર્ધારણ સુન્નતથી સાબિત નથી.

<u>મસ્લા-૬૨ :</u> ખાણની આવક પર ઝકાત છે.

હઝરત રબીઆ બિન અબૂ અબ્દુર્રહમાન ﷺ અમુક બીજા સહાબાથી રિવાયત કરે છે કે રસૂલે અકરમ ﷺએ બિલાલ બિન હારિસ મુઝમીને કબીલા (જગ્યાનું નામ)ની ખાણો જાગીરમાં આપી. આ જગ્યા ફરાઅ તરફ છે. એ ખાણોમાંથી આજ સુધી ઝકાત સિવાય અન્ય કંઈ લેવામાં આવ્યું નથી. આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.[3]

**સ્પષ્ટીકરણ :** ખાણની આવક પર ઝકાત અદા કરવા માટે હદીસમાં નિસાબ અને તેના દરનો ઉલ્લેખ નથી, અલબત્ત ફુકહાએ ઝકાતના આદેશોને સામે રાખીને તેનો દર અઢી ટકા નિર્ધારિત કરેલ છે.

**૧. સહીહ સુનન ઈબ્ને માજા, લિલ અલબાની, ભા-૧, હ. ૧૪૭૭.**
**૨. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : ફિઝ્ઝકાત.**
**૩. સહીહ સુનન અબી દાઉદ, કિતાબુલ ખિરાજ.**

## (ચ) પશુઓ-ઢોરઢાંખર :

**<u>મસ્લા-૬૩ :</u>** ચાર ઊંટો પર કોઈ ઝકાત નથી.

હઝરત અબૂ સઈદ ખુદરી ﷺથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફરમાવ્યું, ''પાચથી ઓછા (અર્થાત્ ચાર) ઊંટો પર ઝકાત નથી.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.[1]

**<u>મસ્લા-૬૪ :</u>** પાંચથી લઈને ચોવીસ ઊંટો સુધી પ્રત્યેક પાંચ ઊંટ પછી એક બકરી ઝકાત આપવી જોઈએ.

**<u>મસ્લા-૬૫ :</u>** ૨૫ થી લઈને ૩૫ ઊંટો સુધી એક વર્ષની ઊંટણી આપવી જોઈએ.

**<u>મસ્લા-૬૬ :</u>** ૩૬ થી લઈને ૪૫ ઊંટો સુધી બે વર્ષની ઊંટણી આપવી જોઈએ.

**<u>મસ્લા-૬૭ :</u>** ૪૬ થી લઈને ૬૦ ઊંટો સુધી ત્રણ વર્ષની ઊંટણી આપવી જોઈએ.

**<u>મસ્લા-૬૮ :</u>** ૬૧ થી લઈને ૭૫ ઊંટો સુધી ચાર વર્ષની ઊંટણી આપવી જોઈએ.

**<u>મસ્લા-૬૯ :</u>** ૭૬ થી લઈને ૯૦ ઊંટો સુધી બે-બે વર્ષની બે ઊંટણીઓ આપવી જોઈએ.

**<u>મસ્લા-૭૦ :</u>** ૯૧ થી લઈને ૧૨૦ ઊંટો સુધી ત્રણ-ત્રણ વર્ષની બે ઊંટણીઓ આપવી જોઈએ.

**<u>મસ્લા-૭૧ :</u>** ૧૨૦ થી વધારે સંખ્યા હોય તો પ્રત્યેક ચાળીસ ઊંટો પર બે વર્ષની ઊંટણી અને પ્રત્યેક પચાસ ઊંટો પર ત્રણ વર્ષની એક ઊંટણી અદા કરવી જોઈએ.

**<u>મસ્લા-૭૨ :</u>** કોઈ વ્યક્તિ નિસાબથી ઓછો માલ હોવા છતાં ઝકાત અદા કરવા માગે તો કરી શકે છે.

હઝરત અનસ ﷺથી રિવાયત છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક ﷺએ તેમને બહેરીનનો ગવર્નર નિયુક્ત કર્યો, તો તેમને આ આદેશ લખીને આપવામાં આવ્યો – (શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત મહેરબાન અને દયાળુ છે.) આ એ ઝકાત છે જે રસૂલુલ્લાહ ﷺએ મુસલમાનો પર ફર્ઝ કરી, અને જેનો આદેશ અલ્લાહે પોતાના પયગંબર

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.

ﷺને આપ્યો, તો એ આદેશ અનુસાર જે મુસલમાનથી ઝકાત માગવામાં આવે તે અદા કરે અને જેનાથી વધારે માગવામાં તે કદાપિ ન આપે. ચોવીસ ઊંટો પર અથવા તેનાથી ઓછા પર પ્રત્યેક પાંચ પર એક બકરી આપવાની રહેશે, પાંચથી ઓછા પર કંઈ જ નહીં. જ્યારે પચ્ચીસ ઊંટ થઈ જાય તો પાંત્રીસ ઊંટો સુધી તેમાંથી એક વર્ષની ઊંટણી આપવાની રહેશે. જ્યારે છત્રીસ ઊંટ થઈ જાય તો પિસ્તાળીસ સુધી તેમાં બે વર્ષની ઊંટણી આપવાની રહેશે. જ્યારે છેતાળીસ ઊંટ થઈ જાય તો સાઈઠ ઊંટો સુધી તેમાંથી ત્રણ વર્ષની પ્રજોત્પતિને યોગ્ય ઊંટણી આપવાની રહેશે. જ્યારે એકસઠ ઊંટ થઈ જાય તો પંચોતેર ઊંટો સુધી તેમાંથી ચાર વર્ષની ઊંટણી આપવાની રહેશે. જ્યારે છોત્તેર ઊંટ થઈ જાય તો નેવુ ઊંટ સુધી તેમાંથી બે-બે વર્ષની પ્રજોત્પતિને યોગ્ય બે ઊંટણીઓ આપવાની રહેશે. જ્યારે એકાણુ ઊંટ થઈ જાય તો એકસો વીસ ઊંટ સુધી તેમાંથી ત્રણ-ત્રણ વર્ષની બે ઊંટણીઓ પ્રજોત્પતિને યોગ્ય આપવાની રહેશે. જ્યારે એકસો વીસથી વધારે ઊંટ થઈ જાય તો પ્રત્યેક ચાળીસ ઊંટમાંથી બે વર્ષની ઊંટણી અને પચાસમાંથી ત્રણ વર્ષની ઊંટણી આપવાની રહેશે, અને જેની પાસે ચાર જ (અથવા ચારથી ઓછા) ઊંટ હોય તો તેના પર ઝકાત નથી, પરંતુ જ્યારે માલિક પોતાની ખુશીથી કંઈ આપે. જ્યારે પાંચ થઈ જાય તો એક બકરી આપવાની રહેશે અને જ્યારે જંગલમાં ચરવાવાળી બકરીઓ ચાળીસ થઈ જાય તો એકસો વીસ બકરીઓ સુધી એક બકરી આપવાની રહેશે. જ્યારે એકસો વીસથી વધારે બકરીઓ થઈ જાય તો બસો સુધી બે બકરીઓ આપવાની રહેશે. જ્યારે બસોથી વધારે થઈ જાય તો ત્રણસો સુધી ત્રણ બકરીઓ આપવાની રહેશે. જ્યારે ત્રણસોથી વધારે થઈ જાય તો દર એકસો બકરીએ એક બકરી આપવાની રહેશે. જ્યારે કોઈ વ્યક્તિની ચરવાવાળી બકરીઓ ચાળીસથી ઓછી હોય તો તેમાં ઝકાત નથી, પરંતુ પોતાની ખુશીથી માલિક કંઈક આપવા ચાહે તો આપી શકે છે, અને ચાંદીમાં ચાળીસમો ભાગ ઝકાતમાં આપવાનો રહેશે (શરત એ છે કે બસો દિરહમ અથવા તેનાથી વધારે ચાંદી હોય), પરંતુ જો એકસો નેવુ દિરહમ (અથવા એકસો નવ્વાણુ) બરાબર ચાંદી હોય તો ઝકાત નહીં થાય, પરંતુ માલિક પોતાની ખુશીથી આપવા ચાહે (તો આપી શકે છે)." આને બુખારીએ રિવાયત કરેલ છે.(૧)

**મસ્લા-૭૩ :** ૪૦ થી ઓછી બકરીઓ પર ઝકાત નથી.

**મસ્લા-૭૪ :** ૪૦ થી લઈને ૧૨૦ બકરીઓ સુધી એક બકરી ઝકાત છે.

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : ઝકાત અલગનમ.

**મસ્લા-૭૫ :** ૧૨૧ થી લઈને ૨૦૦ સુધી બે બકરીઓ ઝકાત છે.

**મસ્લા-૭૬ :** ૨૦૧ થી લઈને ૩૦૦ સુધી ત્રણ બકરીઓ ઝકાત છે.

**મસ્લા-૭૭ :** ૩૦૦ થી વધારે હોય તો પ્રત્યેક એકસો બકરીઓ પર એક બકરી ઝકાત છે.

**મસ્લા-૭૮ :** નિસાબથી ઓછો માલ હોવા છતાં જો કોઈ વ્યક્તિ ઝકાત અદા કરવા માગે તો અદા કરી શકે છે.

**સ્પષ્ટીકરણ :** (૧) હદીસ મસ્લા ૬૪ કે ૭૨ અંતર્ગત જુઓ.

(૨) બકરીઓ અને ઘેટાઓનો ઝકાતનો નિસાબ અને પ્રમાણ એક જ છે.

**મસ્લા-૭૯ :** ૩૦ થી ઓછી ગાયો પર ઝકાત નથી.

**મસ્લા-૮૦ :** ૩૦ ગાયો પર એક વર્ષનો વાછરડો કે વાછરડી ઝકાત આપવી જોઈએ.

**મસ્લા-૮૧ :** ૪૦ ગાયો પર બે વર્ષનો વાછરડો કે વાછરડી ઝકાત છે.

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ ﷺથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ ફરમાવ્યું, ''૩૦ ગાયોમાંથી એક વર્ષનો વાછરડો/વાછરડી, જે બીજા વર્ષની ઉંમરમાં હોય. ચાળીસ ગાયોમાંથી બે વર્ષનો વાછરડો/વાછરડી જે ત્રીજા વર્ષની ઉંમરમાં હોય, ઝકાત છે. આને તિરમિઝીએ રિવાયત કરેલ છે.(૧)

**મસ્લા-૮૨ :** ૬૦ ગાયો પર બે વાછરડા કે બે વાછરડીઓ જે બીજા વર્ષની ઉંમરમાં હોય, ઝકાત અદા કરવી જોઈએ.

**મસ્લા-૮૩ :** ૬૦ થી વધારે ગાયો પર પ્રત્યેક ૩૦ ગાયોના વધારા પર એક વર્ષનો વાછરડો કે વાછરડી અને ચાળીસના વધારા પર બે વર્ષનો વાછરડો કે વાછરડી અદા કરવી જોઈએ.

હઝરત મુઆઝ ﷺ કહે છે કે મને નબી કરીમ ﷺએ યમન તરફ મોકલ્યો અને આદેશ કર્યો કે, ''પ્રત્યેક ત્રીસ ગાયો પર એક વર્ષનો વાછરડો કે વાછરડી જે બીજા

૧. સહીહ સુનન તિરમિઝી, લિલ અલબાની, ભા-૧, હ. ૫૦૮.

વર્ષની ઉંમરમાં હોય, અને પ્રત્યેક ચાળીસ પર બે વર્ષનો વાછરડો કે વાછરડી જે ત્રીજા વર્ષની ઉંમરમાં હોય ઝકાતમાં વસૂલ કરું.'' આને તિરમિઝીએ રિવાયત કરેલ છે.[૧]

**સ્પષ્ટીકરણ :** ગાયો અને ભેંસોનો નિસાબ તથા ઝકાતનું પ્રમાણ એક જ છે.

**મસ્લા-૮૪ :** ઝકાતનો ઉપરોક્ત નિસાબ અને દર એ પશુઓ/ઢોરઢાંખર માટે છે જે અડધા વર્ષથી વધારે મુદ્દત સુધી કુદરતી સાધનો પર ગુજારો કરતા રહ્યા હોય.

હઝરત બહઝ બિન હકીમ ﷺ પોતાના પિતાથી, તેઓ પોતાના દાદાથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ''પ્રત્યેક ચાળીસ ઊંટોમાં જે જંગલમાં ચરવાવાળા હોય, બે વર્ષની ઊંટણી જે ત્રીજા વર્ષમાં હોય ઝકાતના રૂપમાં અદા કરવામાં આવે.'' આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.[૨]

**સ્પષ્ટીકરણ :** (૧) પશુઓ કે ઢોરઢાંખર જે સ્થાઈ રૂપે માલિકના ખર્ચ પર ગુજારો કરતા હોય અને વ્યક્તિગત ઉપયોગ માટે હોય તેના પર ઝકાત નથી, ચાહે તેમની સંખ્યા ગમે તેટલી કેમ ન હોય.

(૨) પશુઓ કે ઢોરઢાંખર જે માલિકના ખર્ચ પર ગુજારો કરતા હોય, પરંતુ વેપારના ઉદ્દેશ્યથી પાળવામાં આવ્યા હોય, તેની આવક પર ઝકાત વાજિબ થશે.

―◦★◦―

૧. સહીહ સુનન તિરમિઝી, લિલ અલબાની, ભા-૧, હ. ૫૦૮.
૨. સહીહ સુનન તિરમિઝી, લિલ અલબાની, ભા-૧, હ. ૫૦૯.

# એ વસ્તુઓ જેના પર ઝકાત વાજિબ નથી.

<u>**મસ્લા-૮૫ :**</u> વ્યક્તિગત ઉપયોગની વસ્તુઓ પર ઝકાત નથી.

હઝરત અબૂ હુરૈરા ﷺ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ''મુસલમાન પર તેમના ઘોડા અને ગુલામ પર ઝકાત નથી.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.(૧)

**સ્પષ્ટીકરણ :** વ્યક્તિગત મકાન કે મકાનના નિર્માણ માટેનો પ્લોટ તથા વ્યક્તિગત ઉપયોગની વસ્તુઓ, જેવી કે કાર, ફર્નિચર, ફ્રીજ, સુરક્ષાના હથિયાર કે પશુઓ ચાહે ગમે તેટલી કિંમતના હોય, તેના પર ઝકાત નથી.

<u>**મસ્લા-૮૬ :**</u> ખેતીવાડી કરવાવાળા પશુઓ (ઢોરઢાંખર) પર ઝકાત નથી.

હઝરત અલી બિન અબૂ તાલિબ ﷺ એક લાંબી હદીસ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ''કામ કરવાવાળા પશુઓમાં કોઈ ઝકાત નથી.'' આને ઈબ્ને ખુઝૈમાએ રિવાયત કરેલ છે.(૨)

**સ્પષ્ટીકરણ :** ખેતીવાડીની આવક પર નિયમ મુજબ ઝકાત થશે.

<u>**મસ્લા-૮૭ :**</u> શાકભાજી પર ઝકાત નથી.

હઝરત અલી ﷺથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ ફરમાવ્યું, ''શાકભાજી પર ઝકાત નથી, ન 'આરિયત'ના વૃક્ષો પર, ન પાંચ વસક (૭૨૫ કિલોગ્રામ)થી ઓછા અનાજ પર ઝકાત છે, ન કામ કરવાવાળા જાનવરો પર અને ન તો 'જબહ' પર ઝકાત છે.'' રાવી કહે છે કે 'જબહ'નો અર્થ ઘોડા, ખચ્ચર અને ગુલામ છે. આને દારે કુત્નીએ રિવાયત કરેલ છે.(૩)

**સ્પષ્ટીકરણ :** 'આરિયત'ના વૃક્ષનો અર્થ એ ફળદાર વૃક્ષ છે જે કોઈ ધનવાન માણસ કોઈ ગરીબ માણસને અસ્થાયી રૂપે લાભ પ્રાપ્ત કરવા માટે આપી દે.

—○★○—

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.
૨. સહીહ ઈબ્ને ખુઝૈમા લિલ દક્તૂર મુસ્તફા આઝમી, ભા-૪, હ. ૨૯૨.
૩. દારે કુત્ની, ભા-૨, પૃ. ૯૫

# ઝકાત ક્યાં આપવામાં આવે ?

**<u>મસ્લા-૮૮ :</u>** ઝકાતના હક્કદાર આઠ પ્રકારના લોકો છે.

હઝરત ઝિયાદ બિન હારિસ સુદાઈ ﷺ કહે છે કે હું નબી અકરમ ﷺની પાસે આવ્યો અને આપ ﷺથી બૈત કરી. હઝરત ઝિયાદ લાંબી હદીસ વર્ણવતા કહે છે કે, ''આપ ﷺની પાસે એક માણસ આવ્યો અને કહ્યું કે મને સદકામાંથી કંઈક આપો. નબી અકરમ ﷺએ તેને ફરમાવ્યું કે ઝકાત વિશે અલ્લાહ તઆલા ન તો કોઈ નબીના હુકમ પર રાજી થયો અને ન કોઈ અન્યના હુકમ પર, ત્યાં સુધી કે સ્વયં અલ્લાહ તઆલાએ ઝકાતનો આદેશ આપ્યો અને ઝકાતના આઠ મસરફ (ખર્ચ) વર્ણવ્યા, તો જો તું એ આઠમાંથી છે તો હું તને તારો હક્ક આપીશ.'' (નહિં તો નહીં આપું.) આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.[૧]

**<u>મસ્લા-૮૯ :</u>** આમિલીન (ઝકાત વસૂલ કરવાવાળા લોકો) ઝકાતમાંથી મહેનતાણું લઈ શકે છે, ચાહે ધનવાન જ કેમ ન હોય.

ઈબ્ને સઈદ ﷺ કહે છે કે મને હઝરત ઉમર ﷺએ ઝકાત વસૂલ કરવાના કામ માટે અધિકારી નિયુક્ત કર્યો. જ્યારે મેં એ કામ પૂરું કર્યું અને હઝરત ઉમર ﷺ સુધી ઝકાત પહોંચાડી દીધી તો હઝરત ઉમર ﷺએ મારા કામનું વળતર આપવાનો આદેશ કર્યો. મેં કહ્યું, ''મેં તો આ કામ અલ્લાહ માટે કર્યું છે અને મારો સવાબ અલ્લાહ તઆલા પર છે.'' તેમણે કહ્યું, ''જે તમને આપવામાં આવે તેને લઈ લો. મેં પણ નબી અકરમ ﷺના જમાનામાં આ કામ કર્યું હતું. આપ ﷺએ મને મહેનતાણું આપ્યું તો મેં પણ એ જ કહ્યું હતું જે તમે કહ્યું છે. મને નબી અકરમ ﷺએ ફરમાવ્યું, જ્યારે કોઈ વસ્તુ માંગ્યા વગર આપવામાં આવે તો તેને ખાઓ અને સદકો પણ કરો.'' આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.[૨]

**<u>મસ્લા-૯૦ :</u>** ફકીરો અને મિસ્કીનો ઝકાતના હક્કદાર છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ ﷺથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ હઝરત મઆઝ ﷺને યમન તરફ મોકલ્યા અને આખી હદીસનું વર્ણન કર્યું, જેમાં એ છે

---

૧. સહીહ સુનન અબી દાઉદ, કિતાબુઝ્ઝકાત.

૨. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૧, હ. ૧૪૪૯.

કે, ''અલ્લાહ ત્આલાએ મુસલમાનો પર ઝકાત ફર્ઝ કરી છે, જે ધનવાનો પાસેથી લઈને ફકીરોને આપવામાં આવશે.'' આને બુખારી અને મુસ્લિમે રિવાયત કરેલ છે.(૧) હદીસના શબ્દો બુખારીના છે.

**સ્પષ્ટીકરણ :** ઝકાતના હક્કદારો મિસ્કીન અને ફકીરની વ્યાખ્યા માટે મસ્લા-૧૪૨ જુઓ.

**<u>મસ્લા-૯૧ :</u>** મુસીબતમાં ગ્રસ્ત, કરજદાર અને જામીન ભરનારાઓની મદદ માટે ઝકાત આપવું જાઈઝ છે.

કબીસા બિન મુખારિક઼ હિલાલી ﷺથી રિવાયત છે કે હું જામીન બન્યો અને રસૂલે અકરમ ﷺની પાસે આવ્યો અને એના વિશે આપ ﷺથી સવાલ કર્યો. આપ ﷺએ ફરમાવ્યું, ''અમારા પાસે રોકાઈ જા, ત્યાં સુધી કે સદકો આવી જાય, અમે તેમાંથી તને આપીશું.'' પછી ફરમાવ્યું, ''હે કબીસા ! માંગવું હલાલ નથી, પરંતુ ત્રણ માણસો માટે. એક તે જેણે જમાનત ઉઠાવી, તો તેના માટે સવાલ કરવો સાચું છે, ત્યાં સુધી કે જમાનત અદા થઈ જાય, પછી તે સવાલ કરવાથી અટકી જાય. બીજો માણસ એ જેને કોઈ આફત આવી પડી અને તેનો માલ અને સાધન-સામગ્રી તબાહ થઈ ગયા, તો તેના માટે સવાલ કરવો સાચું છે, ત્યાં સુધી કે તેને એટલો માલ મળી જાય જેનાથી તેની જરૂરત પૂરી થઈ જાય, અથવા ફરમાવ્યું કે જે તેની જરૂરતને પૂરી કરી દે; અને ત્રીજો એ વ્યક્તિ કે તે ખૂબ જ ભૂખ્યો હોય, ત્યાં સુધી કે તેની કોમના ત્રણ યોગ્ય માણસો એ વાતની સાક્ષી આપે કે ફલાણો વ્યક્તિ ખૂબ જ ભૂખ્યો છે, તો તેના માટે માંગવું સાચું છે, ત્યાં સુધી તેને એટલું મળી જાય કે તેની જરૂરત પૂરી થઈ જાય અથવા ફરમાવ્યું કે તેની હાજતને દૂર કરી દે. હે કબીસા ! આ ત્રણ સ્થિતિઓ સિવાય સવાલ કરવો હરામ છે અને આવો સવાલ કરવાવાળો વ્યક્તિ હરામ ખાય છે.'' આને મુસ્લિમે રિવાયત કરેલ છે.(૨)

હઝરત અબૂ સઈદ ખુદરી ﷺ કહે છે કે નબી અકરમ ﷺના જમાનામાં એક વ્યક્તિને એ ફળોમાં નુકસાન થયું જે તેણે ખરીદ્યા હતા, તો તે ખૂબ જ કરજદાર થઈ ગયો. રસૂલે અકરમ ﷺએ ફરમાવ્યું, ''આને સદકો આપો.'' લોકોએ તેને સદકો

---

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.
૨. સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ઝકાત.

આપ્યો, પરંતુ સદકાથી તેનું કરજ પૂરું ન થયું તો આપ ﷺએ તેના કરજદારોને ફરમાવ્યું, ‘‘જે મળે છે તે લઈ લો, આના સિવાય તમારા માટે કંઈ નથી.’’ આને મુસ્લિમે રિવાયત કરેલ છે.(૧)

**<u>મસ્લા-૯૨ :</u>** નવમુસ્લિમો અથવા ઈસ્લામ માટે દિલમાં નરમી રાખવાવાળા બિનમુસ્લિમોના દિલને જીતવા માટે ઝકાત આપવી જાઈઝ છે.

હઝરત અબૂ સઈદ ખુદરી ﷺ કહે છે કે હઝરત અલી ﷺએ યમનથી માટીમાં ભળેલું કેટલુંક સોનું (અર્થાત્ ખાણમાંથી નીકળેલું) નબી અકરમ ﷺ પાસે મોકલ્યું. આપ ﷺએ તેને ચાર માણસોમાં વહેંચી દીધું. (૧) અકરા બિન હાબિસ હન્ઝલી (૨) ઉયૈના બિન બદ્ર કરારી (૩) અલકમા બિન અલાતા આમિરી (૪) એક માણસ જે બની કિલાબમાંથી હતો, ઝેદ ખૈરુલતાઈ અથવા બની નબહાનમાંથી હતો, આના પર કુરૈશ ખૂબ જ ગુસ્સે થયા અને કહેવા લાગ્યા કે આપ ﷺ નજદના સરદારોને આપો છે અને અમને નથી આપતા. આના પર રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ‘‘હું આમને એટલા માટે આપું છું કે તેમના દિલોમાં ઈસ્લામ માટે પ્રેમ પેદા થાય.’’ આને મુસ્લિમે રિવાયત કરેલ છે.(૨)

**<u>મસ્લા-૯૩ :</u>** ગુલામોની આઝાદી કે કેદીઓની મુક્તિ માટે ઝકાત ખર્ચ કરવી જાઈઝ છે.

હઝરત બરાઅ ﷺ કહે છે કે એક માણસ નબી અકરમ ﷺની પાસે આવ્યો અને કહ્યું, ‘‘મને એવો અમલ બતાવો જે મને જન્નતથી સમીપ અને જહન્નમથી દૂર કરી દે.’’ આપ ﷺએ ફરમાવ્યું, ‘‘જીવને આઝાદ કર અને ગુલામોને મુક્તિ અપાવ.’’ તેણે કહ્યું, ‘‘હે રસૂલુલ્લાહ ﷺ ! શું બંને એક જ નથી ?’’ આપ ﷺએ ફરમાવ્યું, ‘‘ના, જીવને આઝાદ કરવાનો અર્થ એ છે કે તું એકલો આઝાદ કરે, (અને) ગુલામને મુક્તિ અપાવવાનો અર્થ એ છે કે તું તેની કિંમત અદા કરવામાં મદદ કરે.’’ આને અહમદ અને દારે કુત્નીએ રિવાયત કરેલ છે.(૩)

**<u>મસ્લા-૯૪ :</u>** અલ્લાહની રાહમાં જિહાદ કરવાવાળાઓને ઝકાત આપવી જાઈઝ છે.

---

૧. મિશ્કાત, કિતાબુલ બુયૂઅ, પ્રકરણ : ઈફલાસ વલ પહલી ફસ્લ અવ્વલ.
૨. સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : અતાઈ અલમુઅલ્લિફા.
૩. નૈનુલ ઔતાર, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : કવલહૂ તઆલા વ ફી અર્-રિકાબ.

અતા બિન યસાર ﷺ કહે છે કે રસૂલે અકરમ ﷺએ ફરમાવ્યું, ''ધનવાન માણસ માટે ઝકાત હલાલ નથી, પરંતુ પાંચ સ્વરૂપોમાં - (૧) અલ્લાહની રાહમાં જિહાદ કરવાવાળાઓ માટે. (૨) આમિલ (અધિકારી) ઝકાત માટે. (૩) તાવાન ભરવાવાળા માટે. (૪) એ ધનવાન માણસ માટે જે પોતાના માલથી કોઈ ગરીબને ઝકાતમાં આપવામાં આવેલ કોઈ વસ્તુ ખરીદવા ચાહે. (૫) એ ધનવાન માણસ માટે જેનો પાડોસી મોહતાજ હતો, કોઈએ એ ગરીબને ઝકાતમાં કોઈ વસ્તુ આપી અને ગરીબે તે વસ્તુ ધનવાન (પાડોસી)ને ભેટ રૂપે આપી દીધી.'' આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.(૧)

**સ્પષ્ટીકરણ :** (૧) જિહાદ ફી સબીલિલ્લાહ (અલ્લાહની રાહમાં લડવું)માં યુદ્ધના મેદાનમાં લડાઈ સિવાય હજ્જ અને ઉમરા પણ સામેલ છે.

(૨) કેટલાક આલિમોના મતે દીનની સર્વોપરિતા, દીનની તૈયારી અને પ્રચાર-પ્રસારના તમામ કાર્યો, જેવાં કે દીની મદ્રસાઓના મકાનોની દેખરેખ, દીની પુસ્તકોનું પ્રકાશન અને તેનું વિતરણ વગેરે પણ જિહાદ ફી સબીલિલ્લાહમાં સામેલ છે.

(૩) જિહાદ ફી સબીલિલ્લાહના શીર્ષકમાં એકઠા થયેલ પૈસા પર ઝકાત નથી.

(૪) હદીસ શરીફના ચોથા નંબરમાં કેવળ એ સંદેહને દૂર કરવામાં આવેલ છે કે ગરીબ માણસને ઝકાતમાં આપવામાં આવેલ કોઈ વસ્તુ ધનવાન (એ ગરીબ માણસને ઝકાત આપનાર વ્યક્તિ સિવાય) ખરીદવા ચાહે તો ખરીદી શકે છે અને પાંચમા નંબરમાં એ સંદેહને દૂર કરવામાં આવેલ છે કે કોઈ ધનવાન માણસ કોઈ ગરીબ માણસને ઝકાતમાં આપવામાં આવેલ વસ્તુને (ગરીબ માણસ તરફથી) ભેટરૂપે કબૂલ કરી શકે છે. આ સિવાય ઝકાતના ખરાં હક્કદાર પહેલા ત્રણ માણસો જ છે, ચાહે તેઓ ધનવાન જ કેમ ન હોય.

**મસ્લા-૯૫ :** સફર દરમ્યાન જરૂરત પડે તો મુસાફરને ઝકાત આપવી જાઈઝ છે, ચાહે તે પોતાના ઘરમાં ધનવાન કેમ ન હોય.

હઝરત અબૂ સઈદ ﷺ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ''સદકો માણસ માટે હલાલ નથી, પણ એ માણસ માટે જે અલ્લાહ તઆલાના માર્ગમાં નીકળેલો હોય

૧. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૧, હ. ૧૪૩.

અથવા મુસાફર માટે અથવા ફકીરને સદકો કરવામાં આવ્યો હોય અને તેણે કોઈ ધનવાન માણસને ભેટરૂપે આપી દીધો અથવા તેની દાવતનો સ્વીકાર કર્યો." (અર્થાત્ ધનવાનને ફકીરની ભેટ અને દાવત ઝકાતના માલમાંથી કરવામાં આવી હોય). આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.(૧)

**મસ્લા-૯૬ :** ઝકાત કેવળ મુસલમાનોને આપવી જાઈઝ છે.

હઝરત ઈબ્ને અબ્બાસ ﵄ની રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ જ્યારે મઆઝ ﵁ને યમન મોકલ્યા તો ફરમાવ્યું, "તમે એહલે કિતાબની પાસે જઈ રહ્યા છો, તેમને તૌહીદ અને રિસાલતનું આમંત્રણ આપો, જો તેઓ તમારી વાત માની લે તો તેમને બતાવો કે અલ્લાહ તઆલાએ તમારા પર દિવસ-રાતમાં પાંચ વખતની નમાઝ ફર્ઝ કરી છે. જો તેઓ તમારી આ વાત પણ માની લે તો તેમને બતાવો કે અલ્લાહ તઆલાએ તમારા પર ઝકાત ફર્ઝ કરી છે, જે તમારા ધનવાનો પાસેથી લેવામાં આવશે અને તમારા મોહતાજોને આપવામાં આવશે. જો તેઓ તમારી આ વાત પણ માની લે તો સાવધાન, તેમનો સારો માલ ન લેજો, અને પીડિત (મઝલૂમ)ની બદદુઆ (શ્રાપ)થી ડરતા રહેજો, કેમ કે તેની બદદુઆ અને અલ્લાહ તઆલાની વચ્ચે કોઈ પરદો અવરોધરૂપ હોતો નથી." આને મુસ્લિમે રિવાયત કરેલ છે.(૨)

**મસ્લા-૯૭ :** ઝકાતને તમામ મસારિફ (શીર્ષકો)માં વહેંચવી જરૂરી નથી.

હઝરત અબૂ હુરૈરા ﵁થી રિવાયત છે કે અમે નબી અકરમ ﷺની પાસે બેસ્યા હતા કે એક સહાબી આવ્યા અને કહેવા લાગ્યા, "હે રસૂલુલ્લાહ ﷺ ! હું માર્યો ગયો." નબી અકરમ ﷺએ પૂછ્યું, "શું વાત છે ?" તેણે કહ્યું, "હું રોઝાની હાલતમાં પત્નીથી સંભોગ કરી બેસ્યો છું." રસૂલુલ્લાહ ﷺએ પૂછ્યું, "શું તું એક ગુલામ આઝાદ કરી શકે છે ?" તેણે કહ્યું, "ના." નબી અકરમ ﷺએ ફરી પૂછ્યું, "શું બે મહિનાના લગાતાર રોઝા રાખી શકો છો ?" તેણે અરજ કરી, "ના." નબી અકરમ ﷺએ ફરી પૂછ્યું, "શું સાઈઠ ગરીબોને ભોજન કરાવી શકો છો ?" તેણે અરજ કરી, "ના." નબી અકરમ ﷺએ ફરમાવ્યું, "સારું, બેસી જાઓ." નબી અકરમ ﷺ થોડી વાર થોભ્યા. અમે એ જ હાલતમાં બેસ્યા હતા કે આપ ﷺની સેવામાં (ઝકાત)ની ખજૂરોનો એક અર્ક લાવવામા આવ્યો. અર્ક મોટા ટોપલાને કહે છે. નબી કરીમ ﷺએ ફરમાવ્યું, "આ ખજૂરો લઈ

૧. નૈનુલ ઔતાર, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : અલ સર્ફ ફી સબીલિલ્લાહ વ ઈબ્ને અલ-સબીલ.
૨. કિતાબુલ ઈમાન, પ્રકરણ : દુઆઈ ઈલા શહાદતૈન વ-મશસ રાઈહ અલ-ઈસ્લામ.

જાઓ અને સદકો કરી દો.'' તેણે અરજ કરી, ''હે રસૂલુલ્લાહ ﷺ ! શું સદકો મારાથી વધારે મોહતાજ લોકોને આપું ? અલ્લાહના સોગંદ, મદીનાની આખી વસ્તીમાં કોઈ ઘર મારા ઘરથી વધારે મોહતાજ નથી.'' રસૂલુલ્લાહ ﷺ હસી પડ્યા, ત્યાં સુધી કે નબી અકરમ ﷺના અંદરના દાંત (દાઢ) દેખાવા લાગ્યા. નબી અકરમ ﷺએ ફરમાવ્યું, ''સારું જાઓ, પોતાના ઘરવાળાઓને જ ખવડાવી દો.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.(૧)

—◦★◦—

૧. સહીહ બુખારી, કિતાબુસ્સૌમ, પ્રકરણ : ઈઝા જામેઅ ફી રમઝાન.

# ઝકાતના હક્કદાર ન હોય એવા લોકો

**મસ્લા-૯૮ :** નબી અકરમ ﷺ અને આપની સંતાન માટે ઝકાત હલાલ નથી.

**મસ્લા-૯૯ :** રસૂલુલ્લાહ ﷺ અને આલે રસૂલ ﷺ ઝકાતના માલથી ઉચ્ચતર છે.

હઝરત અનસ ﷺ કહે છે કે નબી અકરમ ﷺ રસ્તામાં (પડેલ) એક ખજૂર (ના ઝાડ) પાસેથી પસાર થયા, તો આપ ﷺએ ફરમાવ્યું, ''જો મને એ ડર ન હોત કે આ ખજૂર સદકાની નથી તો હું આને ખાઈ લેતો.'' આને બુખારી અને મુસ્લિમે રિવાયત કરેલ છે.[૧]

હઝરત અબૂ હુરૈરા ﷺ કહે છે કે હઝરત હસન બિન અલી ﷺએ સદકાની ખજૂરોમાંથી એક ખજૂર લઈને મોઢામાં નાખી દીધી, તો નબી અકરમ ﷺએ ફરમાવ્યું, ''કાઢી નાખ, કાઢી નાખ, આને ફેંકી દે.'' પછી ફરમાવ્યું, ''શું તું જાણતો નથી કે આપણે સદકાનું નથી ખાતા.'' આને બુખારી અને મુસ્લિમે રિવાયત કરેલ છે.[૨]

અબ્દુલ મુત્તલિક બિન રબીઆ ﷺ કહે છે કે નબી અકરમ ﷺએ ફરમાવ્યું, ''સદકાત લોકોનો મેલ છે અને નિઃશંક આ મુહમ્મદ (ﷺ) અને આલે મુહમ્મદ માટે હલાલ નથી.'' આને મુસ્લિમે રિવાયત કરેલ છે.[૩]

**સ્પષ્ટીકરણ :** નબી અકરમ ﷺની આલમાં આપ ﷺની પવિત્ર પત્નીઓ, આલે અલી ﷺ, આલે અકીલ ﷺ, આલે જાફર ﷺ, આલે અબ્બાસ ﷺ અને આલે હારિસ ﷺ બધા સામેલ છે.

**મસ્લા-૧૦૦ :** બિનમુસ્લિમોને ઝકાત આપવી જાઈઝ નથી.

હઝરત ઈબ્ને અબ્બાસ ﷺ કહે છે કે નબી અકરમ ﷺએ હઝરત મુઆઝ ﷺને યમન તરફ મોકલ્યા (તો ફરમાવ્યું), ''લોકોને બતાવજો કે અલ્લાહ તઆલાએ મુસલમાનોના માલમાં સદકો ફર્ઝ કરેલ છે, જે મુસલમાનોના ધનવાનો પાસેથી લેવામાં આવશે અને તેમનાં ફકીરોને આપવામાં આવશે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.[૪]

---

૧. સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : તહરીમ અઝ્ઝકાત અલર્રસૂલુલ્લાહ.
૨. સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ઝકાત મા યઝકુરૂ ફી સદકાતિ અલન્નબી.
૩. સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : તહરીમ અઝ્ઝકાત અલર્રસૂલુલ્લાહ.
૪. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.

**મસ્લા-૧૦૧ :** ધનવાનો અને સ્વસ્થ માણસ માટે ઝકાત જાઈઝ નથી.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર ﷺથી રિવાયત છે કે તેમણે કહ્યું કે નબી અકરમ ﷺએ ફરમાવ્યું, ''ઝકાત ધનવાનો અને સ્વસ્થ માણસ માટે હલાલ નથી.'' આને તિરમિઝીએ રિવાયત કરેલ છે.[1]

**મસ્લા-૧૦૨ :** માતા-પિતાને ઝકાત આપવી જાઈઝ નથી.

હઝરત અમ્ર બિન શુએબ ﷺ પોતાના પિતાથી, તેઓ પોતાના દાદા ﷺથી રિવાયત કરે છે કે એક માણસ નબી અકરમ ﷺ પાસે આવ્યો અને કહ્યું કે, ''હું સાહબે-માલ છું અને મારા પિતા મારા માલના મોહતાજ છે.'' આપ ﷺએ કહ્યું, ''તું અને તારો માલ બધું તારા પિતાનું છે.'' અને ફરમાવ્યું, ''સંતાન તમારી પવિત્ર કમાણી છે, પોતાના સંતાનની કમાણીમાંથી ખાઓ.'' આને અબૂ દાઉદ અને ઈબ્ને માજાએ રિવાયત કરેલ છે.[2]

**મસ્લા-૧૦૩ :** સંતાનને ઝકાત આપવી જાઈઝ નથી.

**મસ્લા-૧૦૪ :** પત્નીને ઝકાત આપવી જાઈઝ નથી.

હઝરત અબૂ હુરૈરા ﷺ કહે છે કે એક માણસ નબી અકરમ ﷺ પાસે આવ્યો અને કહ્યું કે, ''મારા પાસે એક દીનાર છે.'' આપ ﷺએ ફરમાવ્યું, ''આને પોતાના ઘર પર ખર્ચ કર.'' કહેવા લાગ્યો, ''મારા પાસે એક વધારે છે.'' ફરમાવ્યું, ''પોતાના પુત્ર પર ખર્ચ કર.'' કહેવા લાગ્યો, ''મારા પાસે હજુ એક વધારે છે.'' ફરમાવ્યું, ''આને પોતાની પત્ની પર ખર્ચ કર.'' કહેવા લાગ્યો, ''મારા પાસે એક હજુ વધારે છે.'' ફરમાવ્યું, ''હવે તું વધારે જાણે છે.'' (અર્થાત્ જ્યાં ચાહે ત્યાં ખર્ચ કર.) આને અબૂ દાઉદ અને નસાઈએ રિવાયત કરેલ છે.[3]

**સ્પષ્ટીકરણ :** જે નજીકના સગાઓનું ભરણ-પોષણ માણસના શિરે વાજિબ છે, તેમને ઝકાત આપવી જાઈઝ નથી - જેમ કે માતા, પિતા, દાદા, પરદાદા, પુત્ર, પૌત્ર, પરપૌત્ર વગેરે અને પત્ની.

—◦★◦—

૧. સહીહ સુનન તિરમિઝી, લિલ અલબાની, ભા-૧, હ. ૫૨૮.
૨. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૨, હ. ૩૫.
૩. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૨, હ. ૧૪૮૩.

# સવાલ કરવાની (માંગવાની) નિંદા

**મસ્લા-૧૦૫ :** અનુચિત (કે બિનજરૂરી) સવાલ કરવાથી (માંગવાથી) દૂર રહેવું જોઈએ.

હકીમ બિન હિઝામ ﷺ નબી અકરમ ﷺથી રિવાયત કરે છે કે ઉપરનો હાથ નીચેના હાથ કરતાં ઉત્તમ છે, પહેલા પોતાના બાળબચ્ચાઓ, ગરીબોને આપો અને શ્રેષ્ઠ ખૈરાત એ જ છે જેને આપીને માણસ ધનવાન રહે અને જે કોઈ સવાલ કરવાથી બચવાની ઈચ્છા રાખશે, અલ્લાહ તઆલા તેને બચાવશે અને જે કોઈ બેપરવાઈની દુઆ કરે, અલ્લાહ તઆલા તેને બેપરવા કરી દેશે. આને બુખારીએ રિવાયત કરેલ છે.(૧)

હઝરત ઝુબૈર બિન અવ્વામ ﷺ કહે છે કે નબી અકરમ ﷺએ ફરમાવ્યું, ‘‘તમારામાંથી કોઈ પોતાની રસ્સી લઈને (જંગલ જાય) અને લાકડીઓનો એક ભારો પોતાની પીઠ ઉપર ઉઠાવીને લાવે, પછી તેને વેચે અને તેના કારણે અલ્લાહ તઆલા તેની આબરૂ રાખે, (આવું કરવું) ઘણું ઉત્તમ છે સવાલ કરવાથી, (શું ખબર) લોકો તેને આપે કે ન આપે.’’ આને બુખારીએ રિવાયત કરેલ છે.(૨)

**મસ્લા-૧૦૬ :** અનુચિત સવાલ કરવાવાળો હરામ ખાય છે.

**સ્પષ્ટીકરણ :** હદીસ મસ્લા-૯૧ માં જુઓ.

**મસ્લા-૧૦૭ :** માલ જમા કરવા માટે માંગવું આગના અંગારા જમા કરવું છે.

હઝરત અબૂ હુરૈરા ﷺ કહે છે કે નબી અકરમ ﷺએ ફરમાવ્યું, ‘‘જે માણસ લોકોની પાસે તેના માલ માટે માંગે છે કે પોતાના માલમાં વધારો કરે, તો તે આગના અંગારા માંગે છે, હવે ચાહે તો ઓછું માંગે, ચાહે તો વધારે માંગે.’’ આને મુસ્લિમે રિવાયત કરેલ છે.(૩)

**મસ્લા-૧૦૮ :** અયોગ્ય સવાલ કરવાવાળાનો સવાલ કયામતના દિવસે તેના મોઢા પર (વાગેલા) ઘાની જેમ દેખાશે.

---

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.
૨. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત બુયૂઝ, પ્રકરણ : કસબ અલર્રજુલ.
૩. સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ઝકાત.

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ ﷺ કહે છે કે રસૂલે અકરમ ﷺએ ફરમાવ્યું, ''જેણે ધનવાન હોવા છતાં લોકોની પાસે માંગ્યું તે કયામતના દિવસે એ હાલતમાં આવશે કે તેનો સવાલ તેના મોઢા પર છોલાયેલ ઘાનું નિશાન બની ગયો હશે.'' આપ ﷺને પૂછવામાં આવ્યું કે કેટલી વસ્તુઓ તવંગર કરે છે. આપ ﷺએ ફરમાવ્યું, ''પચાસ દિરહમ અથવા તેની કિંમતનું સોનું.'' આને અબૂ દાઉદ, તિરમિઝી, નસાઈ અને ઈબ્ને માજાએ રિવાયત કરેલ છે.[૧]

**સ્પષ્ટીકરણ :** પચાસ દિરહમ લગભગ ૧૭ તોલા ચાંદીના બરાબર થાય છે.

—★—

૧. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૨, હ. ૧૪૩૨.

# સદકએ ફિત્રના મસાઈલ

**મસ્લા-૧૦૯ :** સદકએ ફિત્ર ફર્ઝ છે.

**મસ્લા-૧૧૦ :** સદકએ ફિત્રનો ઉદ્દેશ્ય રોઝાની હાલતમાં થયેલ ગુનાઓથી પોતાને પાક કરવાનો છે.

**મસ્લા-૧૧૧ :** સદકએ ફિત્ર ઈદની નમાઝ માટે નીકળતાં પહેલા અદા કરવો જોઈએ, નહિં તો સામાન્ય સદકો ગણાશે.

**મસ્લા-૧૧૨ :** સદકએ ફિત્રના હક્કદાર એ જ લોકો છે, જેઓ ઝકાતના હક્કદાર છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ ﷺથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ''સદકએ ફિત્ર રોઝાદારને નિર્લજ્જ અને અશ્લીલ વાતોથી પાક કરવા માટે અને મોહતાજોના ભોજનની વ્યવસ્થા કરવા માટે ફર્ઝ કરવામાં આવેલ છે, જેણે ઈદની નમાઝ પહેલા સદકએ ફિત્ર અદા કર્યો તેનો સદકએ ફિત્ર અદા થઈ ગયો અને જેણે ઈદની નમાઝ પછી અદા કર્યો તેનો સદકએ ફિત્ર સામાન્ય સદકો ગણાશે.'' આને અહમદ અને ઈબ્ને માજાએ રિવાયત કરેલ છે.[૧]

**મસ્લા-૧૧૩ :** સદકએ ફિત્રની માત્રા એક સાઅ છે, જે પોણા ત્રણ શેર અથવા અઢી કિલોગ્રામના બરાબર છે.

**મસ્લા-૧૧૪ :** સદકએ ફિત્ર દરેક મુસલમાન, ગુલામ હોય કે આઝાદ, પુરુષ હોય કે સ્ત્રી, નાનો હોય કે મોટો, રોઝાદાર હોય કે બિનરોઝાદાર, નિસાબનો માલિક હોય કે ન હોય, ફર્ઝ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર ﷺથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ રમઝાનનો સદકએ ફિત્ર એક સાઅ ખજૂર કે એક સાઅ જઉ - ગુલામ, આઝાદ, પુરુષ, સ્ત્રી, નાના-મોટા સૌ મુસલમાનો પર ફર્ઝ કરેલ છે. આને બુખારી અને મુસ્લિમે રિવાયત કરેલ છે.[૨] અને આ શબ્દો મુસ્લિમના છે.

---

૧. સહીહ સુનન ઈબ્ને માજા, ભા-૧, હ. ૧૪૮૦.
૨. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : સદકતુલ ફિત્ર.

**સ્પષ્ટીકરણ :** જે વ્યક્તિની પાસે એક દિવસ-રાતનું ભોજન ઉપલબ્ધ ન હોય તે સદકએ ફિત્ર અદા કરવામાંથી અપવાદ છે.

**મસ્લા-૧૧૫ :** સદકએ ફિત્ર અનાજના સ્વરૂપમાં આપવું ઉત્તમ છે.

**મસ્લા-૧૧૬ :** ઘઉં, ચોખા, જઉ, ખજૂર, સૂકી દ્રાક્ષ કે પનીરમાંથી જે વસ્તુ ઉપયોગી હોય એ જ આપવી જોઈએ.

હઝરત અબૂ સઈદ ખુદરી ﷺ ફરમાવે છે કે, ''અમે સદકએ ફિત્ર એક સાઅ અનાજ અથવા એક સાઅ ખજૂર અથવા એક સાઅ જઉ અથવા એક સાઅ સૂકી ખજૂર અથવા એક સાઅ પનીર આપતા હતા.'' આને બુખારી અને મુસ્લિમે રિવાયત કરેલ છે.[૧]

**સ્પષ્ટીકરણ :** અઢી કિલોગ્રામ અનાજ અથવા તેની કિંમત અદા કરવી, બંને રીતે જાઈઝ છે.

**મસ્લા-૧૧૭ :** સદકએ ફિત્ર અદા કરવાનો સમય છેલ્લો રોઝો ઇફતાર કર્યા પછી શરૂ થાય છે, પરંતુ ઈદથી એક કે બે દિવસ પહેલા અદા કરી શકાય છે.

**મસ્લા-૧૧૮ :** સદકએ ફિત્ર ઘરના સંરક્ષકે ઘરના તમામ લોકો - પત્ની, બાળકો અને નોકર-ચાકરો તરફથી અદા કરવો જોઈએ.

હઝરત નાફેઅ ﷺથી રિવાયત છે કે અબ્દુલ્લાહ બિન ઉમર ﷺ ઘરના નાના-મોટા તમામ લોકો તરફથી સદકએ ફિત્ર આપતા હતા, ત્યાં સુધી કે મારા પુત્રો તરફથી પણ આપતા હતા, અને અબ્દુલ્લાહ બિન ઉમર ﷺ એ લોકોને આપતા હતા જે કબૂલ કરતા, અને ઈદુલ ફિત્રથી એક કે બે દિવસ પહેલા આપતા હતા. આને બુખારીએ રિવાયત કરેલ છે.[૨]

—○★○—

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : સદકતુલ ફિત્ર.
૨. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : સદકતુલ ફિત્ર.

# નફલી સદકા

**<u>મસ્લા-૧૧૯ :</u>** હરામ માલમાંથી આપવામાં આવેલ ઝકાત કે સદકો અલ્લાહ ત્આલા કબૂલ નથી કરતો.

હઝરત ઉસામા બિન ઉમૈર ﷺ કહે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફરમાવતા સાંભળ્યા છે કે, ''અલ્લાહ ત્આલા વુઝૂ વગર નમાઝ અને હરામ માલમાંથી સદકો કબૂલ નથી ફરમાવતો.'' આને નસાઈએ રિવાયત કરેલ છે.[૧]

**<u>મસ્લા-૧૨૦ :</u>** હલાલ કમાણીમાંથી એક ખજૂર બરાબર આપવામાં આવેલ સદકો પણ અલ્લાહ ત્આલા કબૂલ કરે છે.

**<u>મસ્લા-૧૨૧ :</u>** હલાલ કમાણીમાંથી કરવામાં આવેલ મામૂલી સદકાનો સવાબ અનેકગણો વધારીને આપે છે.

હઝરત અબૂ હુરૈરા ﷺ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ''જે કોઈ એક ખજૂર બરાબર પણ હલાલ કમાણીમાંથી સદકો કરે, અને અલ્લાહ ત્આલા હલાલ કમાણીમાંથી જ સદકો કબૂલ કરે છે, (હલાલ કમાણીથી કરવામાં આવેલ સદકો) અલ્લાહ ત્આલા જમણા હાથમાં લે છે અને તેના માલિક માટે તેને પાળતો રહે છે, જે રીતે કોઈ તમારામાંથી પોતાનું વાછરડું પાળે છે, ત્યાં સુધી તે (સદકો) પહાડના બરાબર થઈ જાય છે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.[૨]

**<u>મસ્લા-૧૨૨ :</u>** સદકો અલ્લાહ ત્આલાના ખાસ ફઝ્લ (કૃપા) અને દયાનું કારણ બને છે.

હઝરત અબૂ હુરૈરા ﷺ નબી અકરમ ﷺથી રિવાયત કરે છે કે આપ ﷺએ ફરમાવ્યું, ''એક વ્યક્તિ જંગલમાં ઊભો હતો. તેણે વાદળનો અવાજ સાંભળ્યો. (કોઈએ પોકારીને કહ્યું કે) ફલાણા માણસના બગીચાને પાણી પીવડાવો. તેથી એક વાદળ એક તરફ ચાલ્યું અને પોતાનું પાણી એક પથરાળ જમીન પર વરસાવ્યું. અચાનક નદી-નાળાઓમાંથી એક નાળાએ બધું પાણી જમા કરી લીધું. તે માણસ પાણીની પાછળ ચાલ્યો. જોયું કે એક વ્યક્તિ પોતાના બગીચામાં ઊભો છે અને પોતાના પાવડાથી પાણી

---

૧. સહીહ સુનન નસાઈ, લિલ અલબાની, ભા-૨, હ. ૨૩૨૪.
૨. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : સદકા.

આમ-તેમ નાખી રહ્યો છે. એ માણસે કહ્યું, ''અલ્લાહના બંદા, તમારું શું નામ છે ?'' તેણે કહ્યું, ''ફલાણું.'' એ જ નામ જે તેણે વાદળથી સાંભળ્યું હતું. પછી તેણે માલૂમ કર્યું કે, ''હે અલ્લાહના બંદા ! તું મારું નામ કેમ પૂછે છે ?'' તેણે કહ્યું કે, ''મેં એ વાદળથી, જેનું આ પાણી છે, અવાજ સાંભળ્યો હતો કે ફલાણાના બગીચાને પાણી પીવડાવ અને તારું નામ લીધું (હું જાણવા માગું છું) તું પોતાના બગીચામાં શું કરે છે ?'' તેણે કહ્યું, ''જ્યારે તેં પૂછ્યું છે તો હું બતાવું છું કે, જે કંઈ મારા બગીચામાં પેદા થાય છે, તેનો ત્રીજો ભાગ સદકો કરી દઉં છું અને એક-તૃત્યાંશમાંથી હું અને મારો પરિવાર ખાય છે અને એક-તૃત્યાંશ આ બગીચામાં રહેવા દઉં છું.'' આને મુસ્લિમે રિવાયત કરેલ છે.(૧)

**મસ્લા-૧૨૩ :** સદકો અલ્લાહ તઆલાના ગુસ્સાને દૂર કરી દે છે અને ખરાબ મોતથી બચાવે છે.

હજરત અબૂ સઈદ ﷺ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ''છુપી રીતે આપેલ સદકો અલ્લાહ તઆલાના પ્રકોપને ઠંડો કરે છે, રિશ્તાઓ-સંબંધો બનાવે છે, આયુષ્યમાં વધારો કરે છે, સદ્‌વ્યવહાર માણસને બૂરાઈની ખાઈમાં પડવાથી બચાવે છે.'' આને બયહકીએ રિવાયત કરેલ છે.(૨)

**મસ્લા-૧૨૪ :** કયામતના દિવસે મોમિન પોતાના સદકાની છત્રછાયામાં હશે.

હઝરત ઉસામા બિન ઉમૈર બિન આમીર ﷺ નબી અકરમ ﷺના કેટલાક સહાબાથી રિવાયત કરે છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે આપ ﷺ ફરમાવતા હતા, ''કયામતના દિવસે સદકા ઈમાનદાર માટે છત્રછાયા હશે.'' આને અહમદે રિવાયત કરેલ છે.(૩)

**મસ્લા-૧૨૫ :** મામૂલી વસ્તુનો સદકો પણ આગથી બચાવી શકે છે.

હઝરત અદી બિન હાતિમ ﷺ કહે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફરમાવતા સાંભળ્યા, ''જહન્નમની આગથી બચો, ચાહે ખજૂરનો એક ટુકડો આપીને બચો.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.(૪)

૧. મુખ્તસર સહીહ મુસ્લિમ, લિલ અલબાની, હ. ૫૩૪.
૨. સહીહ જામેઅ સગીર, લિલ અલબાની, ભા-૩, હ. ૩૬૫૪.
૩. મિશ્કાતુલ મસાબીહ, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : ફઝ્લ સદકા ત્રીજી ફસ્લ.
૪. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.

**<u>મસ્લા-૧૨૬ :</u>** સૌથી શ્રેષ્ઠ સદકો પાણી પીવડાવવું છે.

હઝરત સઈદ બિન ઉબાદા ﷺથી રિવાયત છે કે તેમણે કહ્યું કે, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! સઈદની માતા મૃત્યુ પામી તો કયો સદકો ઉત્તમ છે.'' આપ ﷺએ ફરમાવ્યું, ''પાણી પીવડાવવું.'' તેમણે એક કૂવો ખોદાવડાવ્યો અને કહ્યું કે, ''આ સઈદની માતા (ના સવાબ) માટે છે.'' આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.[1]

**<u>મસ્લા-૧૨૭ :</u>** સદકા માટે ભલામણ કરવાવાળાને પણ સવાબ મળે છે.

હઝરત અબૂ બુરદહ ﷺ પોતાના પિતા અબૂ મૂસા અશ્અરી ﷺથી રિવાયત કરે છે કે જ્યારે નબી અકરમ ﷺની પાસે કોઈ માંગવાવાળું આવતું અથવા કોઈ માણસ પોતાની જરૂરત વર્ણવતો, તો આપ (લોકોને) ફરમાવતા, ''તમે ભલામણ કરો, તમને પણ સવાબ મળશે, અને અલ્લાહ તઆલા પોતાના પયગંબરની જબાનથી જે ચાહશે અપાવશે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.[2]

**<u>મસ્લા-૧૨૮ :</u>** સદકો આપવાથી માલ ઓછો થતો નથી.

હઝરત અબૂ હુરૈરા ﷺ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ''સદકો આપવાથી માલ ઓછો થતો નથી, માફ કરવાથી અલ્લાહ ઈઝ્ઝત વધારે છે અને નમ્રતા અપનાવવાથી અલ્લાહ ઉચ્ચ દરજ્જો પ્રદાન કરે છે.'' આને મુસ્લિમે રિવાયત કરેલ છે.[3]

**<u>મસ્લા-૧૨૯ :</u>** સ્વાસ્થ્ય અને માલની ઈચ્છાની સ્થિતિમાં સદકો આપવો ઉત્તમ છે.

**<u>મસ્લા-૧૩૦ :</u>** સદકો આપવામાં જલ્દી કરવી જોઈએ.

હઝરત અબૂ હુરૈરા ﷺ કહે છે કે એક માણસ નબી અકરમ ﷺની સેવામાં હાજર થયો અને કહ્યું, ''હે રસૂલુલ્લાહ ﷺ ! કયો સદકો સવાબમાં ઉત્તમ છે ?'' આપ ﷺએ ફરમાવ્યું, ''એ સદકો જે તું સ્વાસ્થ્યની સ્થિતિમાં કરે, તને ગરીબીનો ભય પણ હોય અને દોલતની ઈચ્છા પણ, અને (યાદ રાખો) સદકો કરવામાં વિલંબ ન કર, ક્યાંક જીવ ગળા સુધી ન આવી જાય અને પછી તું કહે કે ફલાણા માટે આટલો સદકો

---

૧. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૧, હ. ૧૪૭૪.

૨. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : તહરીસ સદકા.

૩. મિશ્કાતુલ મસાબીહ, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : ફઝ્લ સદકા પહલી ફસ્લ.

અને ફલાણા માટે આટલો સદકો, જ્યારે કે તે વખતે તો તારો માલ બીજાઓનો જ થઈ ગયો હતો.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.(૧)

**<u>મસ્લા-૧૩૧ :</u>** મુસલમાનોના બગીચા કે ખેતરમાંથી જાનવર જે ખાઈ જાય તે સદકો છે.

હઝરત અનસ ﷺ કહે છે કે રસૂલે અકરમ ﷺએ ફરમાવ્યું, ''કોઈ મુસલમાન નથી જે વૃક્ષ લગાવે, કે ખેતી સિંચે, પછી તેનાથી માનવી કે પક્ષીઓ કે ચોપગા જાનવરો ખાય, પણ તે એટલા માટે સદકો છે.'' આને બુખારી અને મુસ્લિમે રિવાયત કરેલ છે.(૨) અને આ શબ્દો બુખારીના છે.

**<u>મસ્લા-૧૩૨ :</u>** સ્ત્રી પોતાના ઘરના ખર્ચમાંથી સદકો આપી શકે છે.

હઝરત આઈશા ﷺ કહે છે કે રસૂલે અકરમ ﷺએ ફરમાવ્યું, ''જ્યારે સ્ત્રી ઘરના ખાવામાંથી સદકો આપે, એ શરતે કે (પતિની સાથે) બગાડની નિયત ન હોય, તો તેને તેનો સવાબ મળશે અને તેના પતિને કમાણી કરવાનો સવાબ મળશે અને ખજાનચીને પણ એટલો જ, અને કોઈનો સવાબ બીજાના સવાબને ઓછો નહીં કરે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.(૩)

**<u>મસ્લા-૧૩૩ :</u>** સદકો આપીને પાછો લેવો જાઈઝ નથી અને ખરીદવો અનુચિત છે.

હઝરત ઉમર બિન ખત્તાબ ﷺ કહે છે કે મેં એક ઘોડો સવારી માટે અલ્લાહની રાહમાં આપ્યો. જેને આપ્યો હતો તેણે તેને નષ્ટ કરી નાખ્યો (બરાબર સેવા ન કરી) તો મેં તેને ખરીદવાની ઈચ્છા કરી અને વિચાર્યું કે તે સસ્તો વેચી નાખશે. મેં આંહઝરત ﷺને પૂછ્યું તો આપ ﷺએ ફરમાવ્યું, ''તેને ન ખરીદો, કેમ કે સદકો આપીને પરત લેવાવાળો એવો છે, જાણે ઉલ્ટી કરીને ચાટવાવાળો છે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.(૪)

**<u>મસ્લા-૧૩૪ :</u>** મય્યત તરફથી સદકો કરવો જાઈઝ છે.

---

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : ફઝ્લ સદકા.
૨. મિશ્કાતુલ મસાબીહ, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : ફઝ્લ સદકા પહલી ફસ્લ.
૩. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.
૪. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ ﷺથી રિવાયત છે કે એક માણસે કહ્યું, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! મારી માતા મૃત્યુ પામી છે. જો હું તેના તરફથી સદકો કરું તો શું તેને ફાયદો પહોંચશે ?'' આપ ﷺએ ફરમાવ્યું, ''હા.'' તેણે કહ્યું, ''મારો એક બાગ છે, હું આપને સાક્ષી બનાવું છું કે મેં તેના તરફથી સદકો કરી દીધો છે.'' આને તિરમિઝીએ રિવાયત કરેલ છે.(૧)

**<u>મસ્લા-૧૩૫ :</u>** ફકીર માણસ, ધનવાન કે આલે હાશિમના કોઈ વ્યક્તિને સદકાના માલમાંથી ભેટ આપી શકે છે.

હઝરત અનસ ﷺ કહે છે કે નબી અકરમ ﷺની પાસે ગોશ્ત લાવવામાં આવ્યું. આપ ﷺએ પૂછ્યું, ''આ ગોશ્ત કેવું છે ?'' કહેવામાં આવ્યું કે, ''બુરૈદા (આઝાદ કરેલ સેવિકા)ને કોઈએ સદકો કરેલ છે.'' આપ ﷺએ ફરમાવ્યું, ''તે તેના માટે સદકો છે અને અમારા માટે ભેટ છે.'' આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.(૨)

**<u>મસ્લા-૧૩૬ :</u>** ઉપકારનું પ્રદર્શન કરવાથી સદકાનો સવાબ નષ્ટ થઈ જાય છે.

હઝરત અબૂઝર ﷺ કહે છે કે નબી અકરમ ﷺએ ફરમાવ્યું, ''કયામતના દિવસે અલ્લાહ તઆલા ત્રણ માણસોથી વાત નહીં કરે, ન તેમના તરફ નજર કરશે, ન તેમને પાક કરશે અને તેમના માટે પીડાકારી અઝાબ છે - (૧) આપીને ઉપકાર જતાવવાવાળો, (૨) તેહબંદ લટકાવવાવાળો, અને (૩) જૂઠા સોગંદ ખાઈને પોતાનો માલ વેચવાવાળો.'' આને નસાઈએ રિવાયત કરેલ છે.(૩)

**<u>મસ્લા-૧૩૭ :</u>** દરેક નેકીનું કામ સદકો છે.

હઝરત હુઝૈફા ﷺ કહે છે કે તમારા નબી અકરમ ﷺએ ફરમાવ્યું છે કે, ''દરેક નેકીનું કામ સદકો છે.'' આને મુસ્લિમે રિવાયત કરેલ છે.(૪)

—○★○—

૧. સહીહ સુનન તિરમિઝી, લિલ અલબાની, ભા-૧, હ. ૫૩૭.
૨. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૧, હ. ૧૪૫૭.
૩. સહીહ સુનન નસાઈ, લિલ અલબાની, ભા-૨, હ. ૨૪૦૪.
૩. સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ઝકાત.

# વિભિન્ન મસાઈલ

**મસ્લા-૧૩૮ :** સરકાર ઝકાત લઈ લે તો માણસ ફર્ઝથી મુક્ત થઈ જાય છે.

હઝરત અનસ ﷺથી રિવાયત છે કે એક માણસે રસૂલુલ્લાહ ﷺથી કહ્યું કે જ્યારે હું ઝકાત આપના કાસિદને આપી દઉં તો શું હું અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺના ત્યાં મુક્ત થઈ ગયો ? આપ ﷺએ ફરમાવ્યું, ''અહીં જ્યારે તેં મને અદા કરી દીધી, તો તું અલ્લાહ અને તેના રસૂલ ﷺના ત્યાં મુક્ત થઈ ગયો, તને તેનો સવાબ મળશે અને જે તેમાંથી નાજાઈઝ ઉપયોગ કરશે તેનો ગુનો તેના માથે છે.'' આને અહમદે રિવાયત કરેલ છે.(૧)

**મસ્લા-૧૩૯ :** પત્નીનું પોતાના વ્યક્તિગત માલમાંથી ગરીબ પતિને ઝકાત આપવી ન કેવળ જાઈઝ, બલ્કે ઉત્તમ છે.

હઝરત અબ્દુલ્લાહ ﷺની પત્ની હઝરત ઝૈનબ ﷺ કહે છે કે મેં મસ્જિદમાં રસૂલુલ્લાહ ﷺને જોયા. આપ ﷺએ ફરમાવ્યું, ''સદકો કરો, ચાહે પોતાના ઘરેણામાંથી હોય.'' અને હઝરત ઝૈનબ ﷺ હઝરત અબ્દુલ્લાહ ﷺ પર અને અમુક અનાથો પર, જે તેમના પાલન-પોષણમાં હતા, ખર્ચ કર્યા કરતી હતી. તેમણે હઝરત અબ્દુલ્લાહ ﷺને કહ્યું, ''નબી અકરમ ﷺને પૂછો કે જો હું મારો સદકો મારા પતિ અને કેટલાક અનાથ બાળકોને, જેઓ મારા પાલન-પોષણમાં છે, આપી દઉં તો શું તે સાચું છે ?'' હઝરત અબ્દુલ્લાહ ﷺએ કહ્યું, ''તમે જ જઈને નબી અકરમ ﷺથી જાણી લો.'' છેવટે હઝરત ઝૈનબ ﷺ આપ ﷺની પાસે આવ્યા. ત્યાં એક અન્સારી મહિલાને દરવાજા પર જોઈ. તે પણ મારા જેવો મામલો પૂછવા આવી હતી. એટલામાં હઝરત બિલાલ ﷺ અમારા સામેથી નીકળ્યા, અમે તેમને કહ્યું કે, ''નબી અકરમ ﷺને પૂછો કે જો હું મારા પતિ અને કેટલાક અનાથ બાળકોને, જેઓ મારા પાલન-પોષણમાં છે, ઝકાત આપું તો શું સાચું છે ?'' અમે કહી દીધું કે અમારું નામ ન લેજો. હઝરત બિલાલ ﷺએ આપ ﷺને અરજ કરી કે, ''બે મહિલાઓ આ મામલો પૂછે છે ?'' આપ ﷺએ ફરમાવ્યું, કઈ મહિલાઓ ?'' હઝરત બિલાલ ﷺએ કહ્યું, ''ઝૈનબ નામની.'' આપ ﷺએ ફરમાવ્યું, ''કઈ ઝૈનબ ?'' હઝરત બિલાલ ﷺએ કહ્યું, ''અબ્દુલ્લાહ બિન મસ્ઊદ ﷺની પત્ની.''

૧. નૈનુલ ઔતાર, કિતાબુઝ્ઝકાત.

આપ ﷺએ ફરમાવ્યું, ''નિશ્ચિતપણે સાચું છે અને તેમને બમણો સવાબ મળશે; એક તો નજીકના સગાનો સવાબ, બીજો ઝકાતનો સવાબ.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.[૧]

**મસ્લા-૧૪૦ :** પોતાના સગાવહાલાઓ અને સંબંધીઓ અને રિશ્તેદારોને ઝકાત આપવી ઉત્તમ છે.

હઝરત સલમાન બિન આમિર ﷺ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ''ગરીબને ઝકાત આપવી એક સવાબ છે અને રિશ્તેદારને ઝકાત આપવી બમણો સવાબ છે - એક ઝકાતનો અને બીજો રિશ્તો નિભાવવાનો.'' આને તિરમિઝી, નસાઈ અને ઈબ્ને માજાએ રિવાયત કરેલ છે.[૨]

**મસ્લા-૧૪૧ :** ભૂલથી ઝકાત-સદકા બિનહક્કદાર કે અવજ્ઞાકારી (નાફરમાન) માણસને આપી દેવામાં આવે, તો પણ તેનો પૂરેપૂરો સવાબ મળી જાય છે.

હઝરત અબૂ હુરૈરા ﷺ કહે છે કે નબી અકરમ ﷺએ ફરમાવ્યું, ''એક માણસે કહ્યું કે હું આજની રાત સદકો આપીશ. તે પોતાનો સદકો લઈને નીકળ્યો અને એક વ્યભિચારી મહિલાના હાથમાં આપી દીધો. સવારે લોકો ચર્ચા કરવા લાગ્યા કે રાત્રે એક વ્યભિચારી મહિલાને સદકો આપી દેવામાં આવ્યો છે.'' તેણે કહ્યું, ''હે અલ્લાહ! પ્રશંસા તારા જ માટે છે, મારો સદકો વ્યભિચારી મહિલાને મળી ગયો.'' તેણે કહ્યું, ''હું આજની રાત ફરી સદકો કરીશ.'' તે સદકો લઈને નીકળ્યો અને એક ધનવાનને આપી દીધો. લોકોએ વાતો કરી કે આજે કોઈ ધનવાનને સદકો આપી દીધો. તેણે કહ્યું, ''હે અલ્લાહ ! પ્રશંસા તારા માટે જ છે, મારો સદકો ધનવાનના હાથમાં ચાલી ગયો છે. હું આજે ફરી સદકો કરીશ.'' તે સદકો લઈને નીકળ્યો અને એક ચોરના હાથમાં આપી દીધો. સવારે લોકોએ કહેવાનું શરૂ કરી દીધું કે, ''રાત્રે કોઈ ચોરના હાથમાં સદકો આપી દેવામાં આવ્યો.'' તેણે કહ્યું, ''હે અલ્લાહ ! પ્રશંસા તારા જ માટે છે. મારો સદકો વ્યભિચારી મહિલા, ધનવાન અને ચોરના હાથમાં જતો રહ્યો.'' તો તેને સપનામા કહેવામાં આવ્યું કે તારા બધા સદકાત કબૂલ થઈ ગયા. વ્યભિચારી મહિલાને એટલા માટે કે કદાચ તે વ્યભિચારથી બચી જાય, ધનવાનને એટલા માટે કે કદાચ તેને

૧. સહીહ બુખારી, કિતાબુઝ્ઝકાત.
૨. સહીહ સુનન નસાઈ, લિલ અલબાની, ભા-૨, હ. ૨૪૨૦.

શરમ આવે અને પ્રેરણા મળે, તથા ચોરને એટલા માટે કે કદાચ તે ચોરીથી અટકી જાય.'' આને મુસ્લિમે રિવાયત કરેલ છે.[1]

**સ્પષ્ટીકરણ :** પ્રિય લોકો અને સંબંધીઓ અને રિશ્તેદારોમાંથી માતા-પિતા અને સંતાન વગેરે અપવાદ છે. તેમને ઝકાત આપી શકાતી નથી. જુઓ મસ્લા-૧૦૨ અને ૧૦૩.

**મસ્લા-૧૪૨ :** ઝકાતના હક્કદાર મિસ્કીન (ગરીબ)ની પરિભાષા.

હઝરત અબૂ હુરૈરા ﷺ કહે છે કે નબી અકરમ ﷺએ ફરમાવ્યું, ''મિસ્કીન એ નથી જે લોકોની પાસે ફરતો રહે છે; એક કોળિયો કે બે કોળિયા, એક ખજૂર કે બે ખજૂરની ઇચ્છા તેને ઘર-ઘર લઈને ફરતી રહે છે, બલ્કે (અને હકીકતમાં મિસ્કીન એ છે જેને એટલી દોલત નથી મળતી જે તેને માંગવાથી) બેપરવા-નિશ્ચિંત કરી દે, ન તો કોઈ તેની સ્થિતિ જાણે છે કે તેને સકદો આપે, ન તે કોઈનાથી સવાલ કરવા માટે નીકળે છે.'' આને બુખારીએ રિવાયત કરેલ છે.[2]

**મસ્લા-૧૪૩ :** બીજાઓથી સવાલ ન કરવાવાળાઓ માટે રસૂલે અકરમ ﷺએ જન્નતની બાંહેધરી આપી છે.

હઝરત સૌબાન ﷺ કહે છે કે રસૂલે અકરમ ﷺએ ફરમાવ્યું, ''જે વ્યક્તિ મારા સાથે પ્રતિજ્ઞા લે કે લોકો પાસે કંઈ નહીં માંગે તો હું તેના માટે જન્નતનો જામીન છું.'' હઝરત સૌબાન ﷺએ અરજ કરી, ''હું પ્રતિજ્ઞા કરું છું.'' આમ, હઝરત સૌબાન ﷺ કોઈના પાસે કંઈ માંગતા ન હતા. આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.[3]

**મસ્લા-૧૪૪ :** આલે હાશિમના કોઈ વ્યક્તિ અથવા તેમના કોઈ ગુલામને ઝકાત વસૂલ કરવા માટે અધિકારી નિયુક્ત ન કરવા જોઈએ.

હઝરત અબૂ રાફેઅ ﷺથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ બની મખઝૂમમાંથી એક વ્યક્તિને ઝકાત વસૂલ કરવા માટે મોકલ્યો. એ માણસે હઝરત અબૂ રાફેઅ ﷺને કહ્યું, ''પહેલા હું માહિતી લઈ લઉં.'' પછી હઝરત અબૂ રાફેઅ ﷺ

---

૧. સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ઝકાત.
૨. સહીહ બુખારી, પ્રકરણ : કૌલુલ્લાહિ તઆલા.
૩. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૧, હ. ૧૪૪૬.

(રસૂલુલ્લાહ ﷺના ગુલામ) નબી અકરમ ﷺની સેવામાં હાજર થયા અને આપ ﷺથી મામલો પૂછ્યો, તો આપ ﷺએ ફરમાવ્યું, ''કોમનો ગુલામ પણ એ લોકોમાંથી જ હોય છે અને અમારા માટે સદકો હલાલ નથી.'' આને અબૂ દાઉદે રિવાયત કરેલ છે.(૧)

<u>**મસ્લા-૧૪૫ :**</u> કરજદાર ધનવાન પર ઝકાત વાજિબ નથી.

હઝરત ખુસૈફા રહ.થી રિવાયત છે કે તેમણે સુલૈમાન બિન યસાર રહ.ને સવાલ કર્યો કે, ''એક વ્યક્તિ ધનવાન છે, અને તેના પર એટલું કરજ પણ છે, શું તેના પર ઝકાત છે ?'' તેમણે કહ્યું, ''ના.'' આને માલિકે રિવાયત કરેલ છે.(૨)

<u>**મસ્લા-૧૪૬ :**</u> માલે ઝિમાર (જે માલના પાછા આવવાની આશા ન હોય) વિશે ઝકાતનો હુકમ.

હઝરત ઐયુબ બિન અબી તમીમા સખ્તિયાની રહ.થી રિવાયત છે કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ રહ.એ એક માલના સંદર્ભમાં, જેને કેટલાક હાકિમોએ બળજબરીથી છીનવી લીધો હતો, લખ્યું કે, ''માલિકને તેનો માલ પરત કરે અને તેમાંથી વિતી ગયેલ વર્ષોની ઝકાત વસૂલ કરી લે, તે પછી ફરી પત્ર લખ્યો કે એ માલમાંથી પાછલા તમામ વર્ષોની ઝકાત લેવામાં ન આવે, બલ્કે કેવળ એક વખત ઝકાત લઈ લેવામાં આવે, કેમ કે તે માલે ઝિમાર હતો.'' આને માલિકે રિવાયત કરેલ છે.(૩)

**સ્પષ્ટીકરણ :** જે માલના પાછા મળવાનો વિશ્વાસ હોય (જેમ કે કરજ વગેરે), એ માલ પર દર વર્ષે ઝકાત વસૂલ કરવી વાજિબ છે. પરંતુ જે માલના પાછા મળવાની આશા ન હોય, જ્યારે મળી જાય તો પાછલા તમામ વર્ષોની ઝકાત અદા કરવાને બદલે માલે ઝિમારની જેમ એક વાર ઝકાત અદા કરી દેવું પૂરતું છે.

—◦★◦—

---

૧. સહીહ સુનન અબી દાઉદ, લિલ અલબાની, ભા-૧, હ. ૧૪૫૨.
૨. મૌતા ઈમામ માલિક, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : ઝકાત.
૩. મૌતા ઈમામ માલિક, કિતાબુઝ્ઝકાત, પ્રકરણ : ઝકાત.

# ઝઈફ અને મૌઝૂઅ હદીસો

૧. ''રુકાઝ (દટાયેલ ખજાના)માં દસમો ભાગ ઝકાત છે.''

**સ્પષ્ટીકરણ :** આ હદીસ ઝઈફ છે. વિગત માટે જુઓ : અલ-ફવાઈદ અલ-મૌઝૂઅ ફી અલા અહાદી અલ-મૌઝૂઅ, હદીસ નંબર - ૧૭૫.

૨. ''ઘરેણા પર ઝકાત છે.''

**સ્પષ્ટીકરણ :** આ હદીસ નિરાધાર છે. પાછલો સંદર્ભ હદીસ નંબર - ૧૭૮.

૩. ''સવાલ કરનારને આપો, ચાહે તે ઘોડા પર સવાર થઈને આવે.''

**સ્પષ્ટીકરણ :** આ હદીસ મૌઝૂઅ (મનઘડંત, કાલ્પનિક, ઘડી કાઢેલ) છે. પાછલો સંદર્ભ પૂર્વ હદીસ નંબર - ૧૮૭.

૪. ''જેના પાસે સદકો આપવા માટે કંઈ ન હોય, તે યહૂદીઓ પર લાનત કરે (તેના તરફથી) આ જ સદકો હશે.''

**સ્પષ્ટીકરણ :** આ હદીસ ઝઈફ છે. પાછલો સંદર્ભ હદીસ નંબર - ૧૯૦.

૫. ''જેણે દુનિયામાં કોઈ મોહતાજની જરૂરત પૂરી કરી, અલ્લાહ તૂઆલા તેની બોત્તેર (૭૨) જરૂરતો પૂરી કરશે, જેમાં સૌથી નાના દરજ્જાની જરૂરત મગફિરત હશે.''

**સ્પષ્ટીકરણ :** આ હદીસ ઝઈફ છે. પાછલો સંદર્ભ હદીસ નંબર - ૨૦૩.

૬. ''જેણે કોઈ બાળકનું પાલન-પોષણ કર્યું, ત્યાં સુધી કે તે લા-ઈલાહ ઈલ્લલ્લાહ કહેવા લાગે, અલ્લાહ તૂઆલા તેનાથી હિસાબ નહીં લે.''

**સ્પષ્ટીકરણ :** આ હદીસ ઝઈફ છે. પાછલો સંદર્ભ હદીસ નંબર - ૨૦૮.

૭. ''દાનવીર માણસ લોકોથી નજીક છે, અલ્લાહ તૂઆલા અને જન્નતથી નજીક છે, આગથી દૂર છે, જ્યારે કંજૂસ અલ્લાહ તૂઆલાથી દૂર છે, લોકોથી દૂર છે, જન્નતથી દૂર છે, આગના નજીક છે, અને અવજ્ઞાકારી (નાફરમાન) દાનવીર અલ્લાહ તૂઆલાને કંજૂસ આબિદ (ઈબાદતગુજાર)થી વધારે પસંદ છે.''

**સ્પષ્ટીકરણ :** આ હદીસ ઝઈફ છે. પાછલો સંદર્ભ હદીસ નંબર - ૨૧૧.

૮. ''જન્નત દાનવીર લોકોનું ઘર છે.''

**સ્પષ્ટીકરણ :** આ હદીસ ઝઈફ છે. પાછલો સંદર્ભ હદીસ નંબર - ૨૧૪.

૯. દાનવીર મારાથી છે અને હું દાનવીરથી છું અને હું દાનવીરથી કબરનો અઝાબ દૂર કરી દઈશ.

**સ્પષ્ટીકરણ :** આ હદીસ ઝઈફ છે. પાછલો સંદર્ભ હદીસ નંબર - ૨૧૬.

૧૦. ''અલ્લાહ તઆલાએ પોતાની ઈઝ્ઝત, મહાનતા અને પ્રતાપના સોગંદ ખાધા કે કંજૂસ જન્નતમાં દાખલ નહીં થાય.''

**સ્પષ્ટીકરણ :** આ હદીસ મૌઝૂઅ છે. પાછલો સંદર્ભ હદીસ નંબર - ૨૨૨.

# અમારું આમંત્રણ એ છે કે !

૧. રસૂલે અકરમ ﷺએ ઉમ્મતને જે વાતનો આદેશ આપ્યો છે અથવા જેના પર સ્વયં આચરણ કર્યું છે અથવા જેને કરવાની પરવાનગી આપી છે, તેને બરાબર એ જ રીતે કરો અને જે વાતથી આપ ﷺએ મનાઈ ફરમાવી છે, તેનાથી રોકાઈ જાઓ. અલ્લાહ ત્આલાનો ઈરશાદ છે –

''જે કંઈ રસૂલ તમને આપે તે લઈ લો અને જે વસ્તુથી મનાઈ કરે તેનાથી રોકાઈ જાઓ.'' (સૂરઃ હશ્ર, આ. ૭)

૨. રસૂલે અકરમ ﷺએ દીનના મામલામાં જે કામો પોતાના સમગ્ર પવિત્ર જીવનમાં નથી કર્યા, તે કામો પોતાની મરજીથી કરીને અલ્લાહના રસૂલ ﷺથી આગળ વધવાનું સાહસ ન કરો. અલ્લાહ ત્આલાનો ઈરશાદ છે –

''હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહ અને તેના રસૂલથી આગળ ન વધો.'' (સૂરઃ હુજુરાત, આ. ૧)

૩. રસૂલે અકરમ ﷺનું આજ્ઞાપાલન અને અનુસરણની સામે કોઈ અન્યની આજ્ઞાનું પાલન અને અનુસરણ કરીને પોતાના કાર્યોને નષ્ટ ન કરો. અલ્લાહ ત્આલાનો ઈરશાદ છે –

''હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહની આજ્ઞાનું પાલન કરો, રસૂલનું અનુસરણ કરો અને (કોઈ અન્યની આજ્ઞાનું પાલન કરીને) પોતાના કર્મોને નષ્ટ ન કરો.'' (સૂરઃ મુહમ્મદ, આ. ૩૩)

—★—

**જે લોકો અમારા આમંત્રણથી સંમત હોય**
**અમે તેમનાથી સહયોગનું નિવેદન કરીએ છીએ.**

# હદીસની પરિભાષાઓ ટૂંકમાં

## હદીસ

રસૂલુલ્લાહ ﷺનું ફરમાન 'કૌલી હદીસ', આપ ﷺનો અમલ 'ફઅ્લી હદીસ' અને આપ ﷺની પરવાનગી 'તકરીરી હદીસ' કહેવાય છે.

**મુતવાતિર** — જે હદીસના રાવી દરેક જમાનામાં એટલી સંખ્યામાં હોય કે તેમનું જૂઠ પર એકત્ર થવું સંભવ ન હોય તે 'મુતવાતિર' કહેવાય છે.

**આહાદ** — જે હદીસમાં રાવી સંખ્યામાં મુતવાતિર હદીસના રાવીઓથી ઓછા હોય 'આહાદ' કહે છે. 'આહાદ'ના ત્રણ પ્રકાર છે.

**મૌકૂફ** — જે હદીસમાં સહાબી રસૂલુલ્લાહ ﷺ નું નામ લીધા વગર હદીસ વર્ણવે અથવા પોતાનો વિચાર વ્યક્ત કરે 'મૌકૂફ' કહે છે.

**મરફૂઅ** — જે હદીસમાં સહાબી રસૂલુલ્લાહ ﷺ નું નામ લઈને હદીસ વર્ણવે 'મરફૂઅ' કહે છે.

**મકબૂલ** — જે હદીસમાં રાવીઓની સચ્ચાઈ અને પ્રમાણિકતાને સૌ માનતા હોય અર્થાત્ સ્વીકૃત હોય 'મકબૂલ' કહે છે.

**ગૈરમકબૂલ** — જે હદીસમાં રાવીઓની સચ્ચાઈ અને પ્રમાણિક્તા શંકાસ્પદ હોય 'ગૈરમકબૂલ' કહે છે.

**સહીહ** — જે હદીસમાં રાવીઓ વિશ્વાસુ, પરહેઝગાર અને ભરોસાપાત્ર યાદશક્તિના માલિક હોય અને સનદની રીતે મુત્તસિલ (એકબીજાથી જોડાયેલ) હોય 'સહીહ' કહેવાય છે.

**હસન** — જે હદીસના રાવીઓ સહીહ હદીસના રાવીઓની તુલનામાં યાદશક્તિમાં નબળા હોય, બાકીની શરતો સહીહ હદીસની જેમ હોય 'હસન' કહેવાય છે.

| દરજ્જો-૧ | દરજ્જો-૨ | દરજ્જો-૩ | દરજ્જો-૪ | દરજ્જો-૫ | દરજ્જો-૬ | દરજ્જો-૭ |
|---|---|---|---|---|---|---|
| જેને બુખારી અને મુસ્લિમ બંનેએ રિવાયત કરી હોય. મુત્તફિક અલયહ | જેને ફક્ત બુખારીએ રિવાયત કરી હોય. | જેને ફક્ત મુસ્લિમે રિવાયત કરી હોય | જેને બુખારી અને મુસ્લિમની શરતો મુજબ કોઈ અન્ય હદીસવેત્તાએ રિવાયત કરી હોય. | જેને ફક્ત બુખારીની શરતો મુજબ કોઈ અન્ય હદીસવેત્તાએ રિવાયત કરી હોય. | જેને ફક્ત મુસ્લિમની શરતો મુજબ કોઈ અન્ય હદીસવેત્તાએ રિવાયત કરી હોય. | જેને બુખારી અને મુસ્લિમની શરતો સિવાય કોઈ અન્ય હદીસવેત્તાએ સહીહ સમજી હોય. |

**ઝઈફ**

| મુઅલ્લક | મુન્કતઅ | મુર્સલ | મઅઝલ | મૌઝૂઅ | મત્રૂક | સાઝ | મુન્કર |
|---|---|---|---|---|---|---|---|
| જે હદીસનો એક રાવી કે તમામ રાવીઓ સનદની શરૂઆતથી મુન્કતઅ હોય. | જે હદીસનો એક રાવી કે તમામ રાવીઓ જુદી-જુદી જગ્યાએથી મુન્કતઅ હોય. | જે હદીસનો રાવી છેલ્લી સનદથી સાકિત હોય, અર્થાત્ તાબઈ પછી સહાબીનું નામ ન હોય. | જે હદીસના બે કે બેથી વધારે રાવીઓ એક સાથે સનદના દરમ્યાનથી મુન્કતઅ હોય. | જે હદીસના રાવીનું હદીસના મામલામાં જૂઠ બોલવાનું સાબિત હોય. | જે હદીસના રાવી પર જૂઠનો આરોપ લાગે, પરંતુ હદીસના મામલામાં જૂઠ સાબિત ન હોય. | એક વિશ્વાસુ રાવી પોતાનાથી વધારે વિશ્વાસુ રાવી અને નિયમનો વિરોધ કરે. | જે હદીસનો રાવી વહેમી કે ફાસિક કે બિદઅતી હોય. |

● જે હદીસના રાવી દરેક જમાનામાં બેથી વધારે રહ્યા હોય તેને 'મશહૂર' કહે છે. ● જેના રાવી કોઈ જમાનામાં ઓછામાં ઓછા બે રહ્યા હોય તેને 'અઝીઝ' કહે છે. ● જે હદીસના રાવી કોઈ જમાનામાં એક રહ્યો હોય તેને 'ગરીબ' કહે છે.

## —: પુસ્તકોના સંદર્ભમાં પરિભાષાઓ :—

૧. સિહાહ સિત્તહ : હદીસના છ પુસ્તકો : (૧) બુખારી (૨) મુસ્લિમ (૩) અબૂ દાઉદ (૪) તિરમિઝી (૫) નસાઈ, અને (૬) ઈબ્ને માજાને પ્રમાણિતતાના કારણે 'સિહાહ સિત્તહ' કહેવામાં આવે છે.

૨. જામેઅ : જે હદીસમાં ઈસ્લામના તમામ વિષયો-અકાઈદ, આદેશો, તફસીર, જન્નત-જહન્નમ વગેરે હોય 'જામેઅ' કહે છે.

૩. સુનન : જે પુસ્તકમાં માત્ર આદેશો વિશે હદીસો એકત્ર કરવામાં આવી હોય 'સુનન' કહે છે. જેમ કે સુનન અબી દાઉદ.

૪. મુસ્નદ : જે પુસ્તકમાં ક્રમવાર દરેક સહાબીની હદીસો એકત્ર કરી દેવામાં આવી હોય 'મુસ્નદ' કહે છે. જેમ કે મુસ્નદ અહમદ.

૫. મુસ્તખરજ : જે પુસ્તકમાં એક પુસ્તકની હદીસો કોઈ અન્ય સનદથી રિવાયત કરવામાં આવી હોય 'મુસ્તખરજ' કહે છે. જેમ કે મુસ્તખરજ અલ ઈસ્માઈલ અલ બુખારી.

૬. મુસ્તદરક : જે પુસ્તકમાં એક હદીસવેત્તાએ નક્કી કરેલ શરતો અનુસાર એવી હદીસો એકત્ર કરવામાં આવી હોય જેનો ઉલ્લેખ એ હદીસવેત્તાએ પોતાના પુસ્તકમાં ન કર્યો હોય 'મુસ્તદરક' કહે છે. જેમ કે મુસ્તદરક હાકિમ.

૭. અરબઈન : જે પુસ્તકમાં ચાળીસ હદીસો એકત્ર કરવામાં આવી હોય 'અરબઈન' કહે છે. જેમ કે અરબઈન નવવી.

# ઈસ્લામિક ઈન્ફર્મેશન સેન્ટર-ભૂજ
# પરિચય અને પ્રવૃત્તિઓ

અલહમ્દુલિલ્લાહ, ઈસ્લામિક ઈન્ફર્મેશન સેન્ટર-ભૂજની સ્થાપના ૨૦૧૨ના વર્ષમાં થઈ હતી. તેનો હેતુ અલ્લાહના દીનથી અજાણ લોકો સુધી ઈસ્લામનો સંદેશ પહોંચાડવાનો અને મુસ્લિમ સમાજમાં દીની, શૈક્ષણિક-સામાજિક જાગૃતિ આણવાનો છે. આ હેતુસર સેન્ટર છેલ્લા બે-ત્રણ વર્ષથી અવિરતપણે વિવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. સંસ્થા દીનની દા'વત અને સમાજની સુધારણા અને જાગૃતિ માટે જે કંઈ પ્રવૃત્તિઓ કરી રહી છે, તેની માહિતી આપ-સૌ શુભેચ્છકો અને સહયોગીઓ સુધી પ્રસંગોપાત પહોંચતી રહે છે. સેન્ટરનું સૌથી મહત્ત્વનું કાર્ય મુસ્લિમ અને બિનમુસ્લિમ ભાઈ-બહેનો માટે જરૂરી પુસ્તકોનાં પ્રકાશનનું છે. અત્યાર સુધી સેન્ટરના કુલ નાના-મોટા પ્રકાશનોની સંખ્યા ૨૫ સુધી પહોંચી ગઈ છે. આપ સેન્ટરની પ્રવૃત્તિઓમાં સહયોગ આપતા રહ્યા છો. અલ્લાહ તૂઆલા અવશ્ય તેનો બદલો આપશે. (ઈન્શા-અલ્લાહ)

આપ એ વાતથી સારી રીતે વાકેફ છો કે આ પ્રકારની દા'વત અને ઈસ્લાહનાં કામોમાં વિશેષ આયોજન અને નાણાભંડોળની જરૂર પડતી હોય છે. અત્રે, આ સંદર્ભમાં આપથી સેન્ટરને તન-મન-ધનથી સહયોગ આપવા અપીલ કરીએ છીએ.

---


ઈસ્લામિક ઈન્ફર્મેશન સેન્ટર-ભૂજ

નૂરાની હોટલ પાસે, ડાંડા બજાર, ભૂજ (કચ્છ)

મોબાઈલ : (+91) 8401786172 Blog : www.iickutch.blogpost.in




ISLAMIC INFORMATION CENTRE

Near Noorani Hotel, Danda Bazar, BHUJ (Kutchh)

નૂરાની હોટલ પાસે, ડાંડા બજાર, ભૂજ (કચ્છ)

Mobile :(+91) 8401786172 Blog : www.iickutch.blogspot.in